


કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ · આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૫૯મું · અંક ૧૧-૧૨ · નવેમ્બર-ડિસેમ્બર · ૧૯૮૨


સળંગ અંક

૭૦૭–૭૦૮

તંત્રી · બિહારીલાલ ટાંક



વડોદરાની વૈષ્ણવ હવેલીમાંનું ગોવર્ધનનાથજીનું ચાંદી મઢેલું સિંહાસન (જુઓ પૃ. ૩૦૨)



કૉર્સિકાની કઠાર (કલર-એચિંગ • શાન્તિ શાહ)

ત્રાંબા કે જસતની લગભગ એક દોરા જાડી લીસી સપાટ પ્લેટ ઉપર તીણી અણીવાળા સાધન વડે ચિત્ર કોરીને તે પ્લેટ ઉપર શાહી લગાડી. પછી તેને કાળજીપૂર્વક લૂછી નાખી પેલી કોરેલી રેખાઓમાં ભરાઈ રહેલી શાહીની કાગળ ઉપર ઉતારેલી છાપ તે એચિંગ. ફોટોગ્રાફીની સહાયથી આજના જેવા બ્લૉકો બનાવવાની તરકીબ નહોતી શોધાઈ ત્યારે ચિત્રોની વધુ નકલ ઉતારવા માટે એચિંગનો જ ઉપયોગ થતો. એચિંગમાં ધાતુની પ્લેટ પરની કોતરણી કલાકારે જાતે જ કરેલી હોય છે અને એના પરથી માત્ર ગણતરીની જ નકલો ઉતારી શકાય છે એટલે આવી કૃતિઓ કલાકારની સ્વહસ્તે તૈયાર કરેલી કૃતિ તરીકે મુલવાય છે. મુદ્રણક્ષમ કલા (ગ્રાફિક આર્ટ)માં એચિંગનું આગવું અને માનભર્યું સ્થાન છે. ઉપર આપેલું ચિત્ર રંગના ઉમેરણ સાથેનું એચિંગ જ છે. એકરંગી સાદા એચિંગની પ્લેટ પર પ્રથમ કાળી શાહી લગાડી, કોરાએલા ભાગમાં ભરાએલી શાહી જળવાઈ રહે તે રીતે કાળજીપૂર્વક બાકીના સપાટ ભાગ સાફ કરીને પછી એ લૂછી નાખેલા ભાગમાં તૈલચિત્ર માટેના વિવિધ રંગો કે છાપકામની રંગીન શાહી લઈને કાપડની મુલાયમ પોટલી વડે હળવે હાથે જોઈતા વિસ્તારમાં વિવિધ રંગ ભરી, એટલે કે સમગ્ર એચિંગની પ્લેટમાં રંગ પૂરીને આ છાપ લીધેલી છે. આ રીતે લીધેલી છાપમાં મૂળ એચિંગની કાળી રેખાઓ તેના બાકીના કોરા રહેલા ગાળામાં ભરેલા રંગની એકસાથે લેવાતી છાપથી કુશળ કલાકાર કેવું સુંદર પરિણામ લાવી શકે તેનું આ એક દૃષ્ટાંત છે. આ રીતે એક જ એચિંગ પ્લેટ પરથી રંગફેર સાથે વિવિધ છાપ પણ લઈ શકાય એ એનો વધુંકો લાભ પણ ખરો

નવે.-ડિસે. ૧૯૮૨
સળંગ અંક ૭૦૭-૭૦૮

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક: અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ: રૂ. ૩૦-૦૦; પરદેશ: રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ: રૂ. ૩-૦૦

વાચકો લખે છે...

'કુમાર' (એપ્રિલ)ના પૂઠા પરનું શ્રી વિનય ત્રિવેદીનું ચિત્ર તથા તેની પાછળ શ્રી વજુભાઈ ભગતનું પૂર્ણરંગી ચિત્ર, બંને બહુ ગમ્યાં. બંને કલાકારો લબ્ધપ્રતિષ્ઠ છે અને તેમની રજૂઆતમાં ભારતીયતાનો સ્પર્શ સ્પષ્ટ થાય છે. આ બંને ચિત્રો સાથેની નોંધમાં હું મારો પણ ટેકો પુરાવું છું... આ બંને કલાકારોનાં ચિત્રો અને કલાદૃષ્ટિમાં મને તો ઘણું સામ્ય લાગે છે. 'કલાવાર્તા'માં ચિત્રો વિષે શ્રી ત્રિવેદીના ખયાલ દર્શાવતાં નોંધ્યું છે કે '...પ્રેમ, સ્નેહ એ એમને મન જીવનનું ઊંડાણ. સ્નેહ એટલે રસ, અને રસ એટલે રંગ, તથા રંગ એટલે જ ચિત્ર'. આ જ ખયાલની પ્રતીતિ શ્રી વજુભાઈના ચિત્રમાં પણ મળે છે. 'માથેરાનનાં બાળકો' ચિત્રમાં વૃક્ષોનાં થડ અને બાળકોના પગની સ્થિતિ ખરેખર ઘણું કહી જાય છે. ચિત્ર અને તેમાંનાં બાળકો ભલે અબોલ છે, પણ તેમને જોતાં જણાય છે કે એ બંને બાળકોમાં એક છોકરો અને બીજું છોકરી છે. પગની ચિત્રિત સ્થિતિ ગતિસૂચક છે. જીવન પણ ગતિશીલ છે ને? એમની આંખોમાં કુતૂહલ જ દેખાય છે, શહેરી પ્રવાસીઓની સમૃદ્ધિનો દ્વેષ તેમાં નથી જ. એ વયે કદાચ ઈર્ષા પ્રકટ તો યે એ ક્ષણિક જ હોય. પણ કલાકારે અહીં એમના કુતૂહલને જ વ્યક્ત કર્યું છે.

(અમદાવાદ) —બલવંત ભટ્ટ

'કુમાર'માં ડૉ. શિવપ્રસાદ રાજગોર લિખિત જાફરાબાદ અને પીપાવાવ બંદરો વિષેનો લેખ વાંચીને અત્યંત આનંદિત થયો છું. મારી જન્મભૂમિ તેમજ વતન જાફરાબાદ વિષે નવી રસપ્રદ માહિતી જાણવા મળી. લેખકશ્રીને મારા અભિનંદન.

(અમદાવાદ) —ઇશ્વરલાલ પરમાર

આજ રોજ (૨૭-૯-'૮૨) 'કુમાર'નો જુલાઇ ઑગસ્ટનો અંક મળ્યો. ખૂબ સુંદર! જાણે પાછો જીવ આવ્યો! ટાઇટલ-લેઆઉટ અને બંદરો(ના લેખ)નો લેઆઉટ બહુ જ સુંદર! ફરતી લીટી મૂકીને અરબી સમુદ્રમાં તમે જે લેખ-મથાળું મૂક્યું તેનાથી જાગી ગયું છે બધું! ધન્યવાદ કહ્યા વિના રહી નથી શકતો!

(પોરબંદર) —નરોત્તમ પલાણ

'જાફરાબાદ અને પીપાવાવ' લેખ સાથેનો નકશો તથા પૂરક માહિતીથી લેખને વધુ ઓપ મળે છે. પણ આ બે જ બંદરો જ શા માટે? બીજા બંદરો વિષે પણ આવા લેખો આપો તો? આવી માહિતીપ્રદ લેખમાળા એ પણ 'કુમાર'ની આગવી લાક્ષણિકતા રહી છે.

(વડોદરા) —રમણલાલ છો. પંડયા

*ગુજરાતનાં વિકસી રહેલાં બંદરોનો બીજો એક લેખ ત્વરતમાં જ પ્રકટ થશે.

'કુમાર'માં જેસલમેરના લેખની સુંદર રજૂઆત જોઈ આનંદ થયો. હમણાંહમણાંની અનિયમિતતાનો ખટકો વિસરાઈ ગયો. સાથેનાં ચિત્રો તથા નોંધોથી વિશેષ માહિતી મળી. તેમાં પૃ. ૨૨૭ પર આપે જેસલમેર તથા બારમેરની વચ્ચે અમુક વિસ્તારમાં લાખો વર્ષ પૂર્વેના અશ્મિભૂત અવશેષોનો ઉલ્લેખ કર્યો છે, એ વિષે કંઈ વધુ માહિતી આપવા વિનંતી.

(માટુંગા) —ચંદ્રકાંત પરીખ

*આ વિષે ડૉ. સુશ્રુતનો એક લેખ આ અંકમાં પ્રકટ કર્યો છે.

લકુલીશના એક પ્રાચીન શિલ્પનો ફોટોગ્રાફ મોકલ્યો છે. 'કુમાર'ના વાચકોને કદાચ રસ પડશે. ઈસ્વીસનના બીજા સૈકાના ઉત્તરાર્ધમાં શિવના અઠ્ઠાવીસમા અવતાર તરીકે માનવ-કાયા દ્વારા કાયાવરોહણ (કારવણ, તા. ડભોઈ, જિ. વડોદરા)માં પ્રાદુર્ભાવ પામેલા લકુલીશે હરિયાણા (પ્રાચીન બ્રહ્માવર્ત)થી આવેલા પોતાના પટ્ટશિષ્ય કુશિકને સૌ પ્રથમ ઉજ્જયિનીમાં ઉપદેશ આપ્યો હતો. લકુલીશના મુખ્ય ચાર શિષ્યો પૈકી આ કુશિકે મથુરાની આસપાસ કુમાઉ જિલ્લો આદિ સ્થળોએ; બીજા શિષ્ય ગર્ગે રાજસ્થાન, ગુજરાત અને મધ્ય પ્રદેશમાં તથા મિત્ર તેમજ કૌરુષ્યે મધ્ય પ્રદેશ, ઓરિસ્સા અને દક્ષિણમાં લકુલીશ-પાશુપત સંપ્રદાયની ફિલસૂફીનો પ્રચાર કર્યો હતો.

આ સાથેનો ફોટોગ્રાફ મથુરાના આર્કીઓલોજિકલ મ્યૂઝિયમમાં સંઘરાએલા ઈ. સ.ના પાંચમા સૈકાના લકુલીશના એક શિલ્પાંકનનો છે. દીવાલના એક શિલાપટ્ટ પર કોતરેલા, સુંદર નકશીકામથી અલંકૃત વર્તુલાકાર ગોખમાં કંડારેલી આ પ્રતિમા ઊર્ધ્વમેઢ્ર, પલાંઠી વાળેલા પગના ઢીંચણો પાસે યોગપટ્ટ બાંધેલી, નમસ્કારની મુદ્રામાં બેઠેલી છે. તેના ડાબા હાથે લકુટ (દંડ) છે. કાનમાં કુંડલ, શિર પર રુદ્રાક્ષની સેર બાંધેલી જટા, રુદ્રાક્ષના બાજુબંધ અને હસ્તવલય તથા ચુસ્ત બંધબેસતો પોશાક ધારણ કરેલ છે. લકુલીશની જમણી તરફ કલાત્મક રીતે ગૂંથેલા અને ટોચે ગાંઠ વાળેલા કેશવાળા વિષ્ણુ છે, ને ડાબી બાજુએ બેઠેલા બ્રહ્માએ જમણા હાથમાં અક્ષમાલા તથા ડાબા હાથમાં વેદોનું પુસ્તક ધારણ કરેલાં છે. બ્રહ્મા અને વિષ્ણુએ કુંડલ ધારણ કરેલાં છે



રાતા પથ્થરમાં કોતરેલું ગુપ્ત સમયનું આ શિલ્પ યમુના નદીના સ્વામિઘાટ પરથી ઈ ૧૯૪૫માં પ્રાપ્ત થએલું છે.

(વડોદરા) —સુંદર એસ. પારેખ

'કુમાર'માં છપાએલો 'કાળિયાર' અંગેનો લેખ વાંચીને ભાવનગર વાઇલ્ડ લાઈફ કન્ઝર્વેશન સોસાએટી સાથે સંકળાએલા શ્રી નવનીત ભટ્ટે મને એક પત્ર લખ્યો છે તે આ સાથે બીડું છું. લેખના અનુસંધાનમાં આમાંની કોઈ વિગતો 'કુમાર'માં લેવા જેવી જણાય તો લેશો.

(રાજકોટ) —કિશોર ગોહિલ

*શ્રી નવનીત ભટ્ટના એ પત્રનો મુખ્ય અંશ નીચે આપ્યો છે. —સં.

'...અમારી બૅંકના એક ભાઇએ મને 'કુમાર'નો ઑક્ટોબરનો અંક વાંચવા મોકલ્યો ભલામણ હતી: 'મને પણ રસ પડ્યો એવા એક લેખમાં તમે તો આ ક્ષેત્રના પ્રેમી છો એટલે વધુ રસ પડશે.

મારા આ મિત્રને પણ રસ પ્રેરનાર આ લેખ 'કાળિયાર' ઉપરનો તમારો લેખ હતો. વળી, એની સાથેની સજાવટ અમારા શ્રી ભરતભાઈના ફોટાથી કરી હતી. ખૂબ મઝા આવી. તમને હાર્દિક અભિનંદન. ઘણી માહિતીનું સુંદર સંકલન થયું છે.

તાજેતરમાં શ્રી લવકુમારસાહેબે વાવાઝોડાને કારણે આ અમૂલ્ય સંપત્તિને થએલા નુકસાનનો અંદાજ કાઢવાની જવાબદારી મને સોંપેલી, અને એનાં તારણો આશ્ચર્યજનક છે. હું તમારા બધા જેટલો ઊંડો અભ્યાસી તો નથી જ. ૮મી નવેમ્બરના વાવાઝોડા પહેલાં દુષ્કાળની પરિસ્થિતિએ ભાલમાં ઘાસચારાની તેમજ પીવાના પાણીની વેરી સમસ્યા સર્જી હતી લગભગ બધાં કાળિયાર

નૅશનલ પાર્કમાંથી ભાગી છૂટયાં હતાં તથા છેક ચમારડી અને ચોગઢની સીમ સુધી દેખાતાં હતાં. નૅશનલ પાર્કમાં તો માંડ ૪૦-૫૦ કાળિ-યાર દેખાતાં હતાં.

કુદરતના આ ઝંઝાવાતે તેમનો વિનાશ પણ નોતર્યો, સાથોસાથ ઘાસચારા ને પાણી-ની સમસ્યા પણ હલ કરી. નૅશનલ પાર્કનું સમગ્ર ચિત્ર બદલાઈ ગયું. વાવાઝોડા પહેલાં માનનીય દિગ્વિજયસિંહજી (વાંકાનેર) અહીં આવેલા અને એમના જેવા નિષ્ણાતના મતે વેરવિખેર થઇ ગએલાં કાળિયારને નૅશનલ પાર્ક-માં પાછાં લાવવાં એ એક ભગીરથ કાર્ય હતું. ઘાસ આપવાથી કે ટૅન્કર દ્વારા પાણીની વ્યવ-સ્થા કરવાથી પણ આમાં કેટલી સફળતા મળશે એ સવાલ હતો. ત્યાં આ વાવાઝોડામાં બચી ગએલાં કાળિયારો પાર્કમાં પાછાં ફર્યા છે. આજે ૧૦૦૦ થી ૧૨૦૦નું ટોળું વૉચિંગ ટાવરની સામે જ તમે જોઇ શકો.

આશરે ૪૦૦ થી ૫૦૦ કાળિયાર માર્યા ગયાં છે. તેમાંનાં ૨૦ થી ૨૫ કાળિયારના મૃત-દેહો તો રંઘોળી નદીમાં તણાઇને છેક રંઘોળી ડૅમમાંથી મળ્યાના અહેવાલ છે. મુખ્યત્વે નર કાળિયાર વધુ મર્યા છે. અત્યારે પાર્કમાં મોટે-ભાગે માદા અને બચ્ચાં વિશેષ જોવા મળે છે.

પરંતુ કુદરતે જેને જીવન બક્ષ્યું છે તેને આપણી સહૃદયતાનો અભાવ મારે છે. વાવા-ઝોડા પછી સમગ્ર નૅશનલ પાર્કમાં આશરે ૯ ઇંચ જેટલું ઊંચું ઘાસ ઊગી નીકળ્યું હતું, જેનો આસપાસનાં ગામડાંના લોકોએ પોતા-નાં ઢોર ચરાવી નાશ કર્યો છે. વાવાઝોડા પહેલાં અહીંથી વાઇલ્ડ લાઇફ કન. સોસા.-એ ફૅારેસ્ટ ખાતા સાથે માથાકૂટ કરી લગભગ ૨૦,૦૦૦ કિલો. ઘાસ પાર્ક માટે મંજૂર કરા-વેલું તે હજુ એમ ને એમ શિહોર આર. એફ. ઓ. પાસે પડયું છે. કદાચ તે નૅશનલ પાર્કને મળે કે કેમ એ મોટી શંકા છે. કારણ, વાવા-ઝોડા પછી અસરગ્રસ્ત લોકોને માયોરિટીમાં આ ઘાસ અપાઇ જશે.

નૅશનલ પાર્કની હદ પાસેનાં ગામડાંના કોળી લોકો—ખાસ કરીને સનેસ ગામના કોળી-ઓ કાળિયારને મારી તેના માંસનો ગેરકાયદે વેપાર કરે છે. બરવાળા તથા ધંધુકામાંથી અગાઉથી ઑર્ડર આપવાથી ૨૦થી ૩૦ રૂપિયે કિલો.ના ભાવે આ માંસ મળી રહે છે. આ ઉપરાંત, કાળિયારને મારવા માટે આ લોકોએ નવી યુક્તિ અજમાવવા માંડી છે. તેઓ શિકાર માટે કૂતરાઓને ખાસ તાલીમ આપીને પછી તેમને કાળિયારો પર છોડે છે. આ રીતે નબળાં પ્રાણી તેમનો ભોગ બને છે. આ અંગે ફોટો-ગ્રાફ સહિત એક અહેવાલ અમે ગયા વર્ષે છાપાંઓમાં પ્રસિદ્ધ કર્યો હતો પણ તેથી કંઈ પરિસ્થિતિ સુધરી હોય તેમ લાગતું નથી.

અમે બધા આ બાબતમાં કંઇક વધુ પડતા લાગણીશીલ ગણાઇએ એટલે...અમારી સ-હૃદયતાના પ્રયત્નો છતાં કંઇ પરિણામ ન આવતું હોય તેમ લાગે છે. આવી સમસ્યાઓ ઉપર તમે પ્રસારણના માધ્યમો દ્વારા પ્રભાવ પાડશો તો માણસો દ્વારા થતા કાળિયારોના વિનાશ અંગે કંઇક કરીને આપણે કદાચ તેમને બચાવી શકીશું.

...કાળિયારોનાં નિરીક્ષણોમાં જણાયું છે કે આજથી ૩૦ વર્ષ પહેલાં તેમનાં શિંગડાંની જે લંબાઇ જોવા મળતી તે હવે કંઇક ઘટી લાગે છે. વળી, તેમનાં પેટનો ભાગ (ફાંદો) પણ હવે ખૂબ મોટો જણાય છે. પહેલાં તેમનાં પેટ આટલાં મોટાં નહોતાં લાગતાં. કુ. શ્રી દિગ્વિજયજીની ૩૭ વર્ષ પહેલાંની વેળાવદરની ફિલ્મ તેમજ તાજેતરના શ્રી ભરત માળીના વેળાવદર વિષેના સ્લાઇડ શૅા પરથી તુરત આ અંગે ધ્યાન ખેંચાય છે. આશરે પાંચેક ટકા પુખ્ત પ્રાણીઓમાં રસોળીનું પ્રમાણ પણ દેખાઇ આવે છે. વળી, સમગ્ર ટોળાનું નેતૃત્વ એમાંની સૌથી મોટી માદા કરતી હોય છે એવો પણ નિષ્ણાતોનો અભિપ્રાય છે.

બેએક વર્ષ પહેલાં યુનાઇટેડ સ્ટેટ્સની બે બહેનો-કુ. ઇલિઝાબેથ અને એક બીજી બહેને કાળિયાર ઉપર સારું સંશોધન કર્યું હતું. શ્રી રણજિતસિંહજી (વાંકાનેર) આ જ વિષય પર પીએચ.ડી. કરે છે. આ માટે તેઓ અવાર-નવાર વેળાવદર જાય છે.

થોડા સમય પહેલાં 'કુમાર'માં શ્રીમતી હીરા દેવી મિશ્રાનો પરિચય આપે પ્રકટ કર્યો હતો. આ ૭ જાન્યુઆરીએ ટૂંકી માંદગી બાદ એમનું અવસાન થતાં બેગમ અખ્તર પછી આ બીજાં સુખ્યાત ઠુમરી ગાયક આપણે ગુમાવ્યાં. બનારસ ઘરાનાની 'ઠુમરીનાં રાણી' તરીકે એમની ખ્યાતિ હતી. 'ગમન' ફિલ્મમાં એમણે ગાએલી ઠુમરી માટે 'સુર સિંગાર અકાદમી'એ એમને મિયાં તાનસેન ઍવોર્ડ આપ્યો હતો. દિલ્હીથી પ્રસારિત થતા રાષ્ટ્રીય કાર્યક્રમોમાં પણ અવારનવાર તેઓ રજૂ થતાં. ઠુમરી ઉપરાંત કજરી, ગઝલ, ચૈતી, દાદરા વગેરેમાં પણ એમની ઊંડી પહોંચ હતી. ઈ. ૧૯૨૬માં બનારસમાં એમનો જન્મ થએલો.

આજના નવતર સંગીત (?)ની વચ્ચે હવે તો માત્ર એમના ગાયનની રેકૅાર્ડ જ શોધી-શોધીને સાંભળવાની રહીને ?

(સાંટાક્રુઝ-વેસ્ટ) —જયશ્રી ઠક્કર

'કુમાર'નો ઑક્ટોબરનો અંક ૨૧/૧૨ના રોજ મળ્યો. આપનું ૨૦/૧૨નું પોસ્ટકાર્ડ આજે (૨૩-૧૨) મળ્યું.

શું થવા બેઠું છે? આપના પર તો જાણે કે આભ તૂટી પડયું છે. પહેલાં આપનાં બહેન, પછી બા અને પછી બીજાં બહેન? ઇશ્વર આપની અને આપના પરિવારની કપરી કસોટી કરી રહ્યો છે, અને છતાં 'કુમાર'ના અંકમાં ન્યૂનતાનો ભાસ નહિ. 'કુમાર'ના અંક પરથી તો એવી છાપ પડે કે જાણે દુ:ખને આપ ઘોળીને પી ગયા છો. અલબત્ત, રામબાણ વાગ્યાં હોય તે જાણે. પ્રભુ આપની બહેનના આત્માને શાંતિ અર્પે.

અમે વાચકો ફરિયાદ કરીએ-'કુમાર' મોડું શાને? ભીતરકી કોન જાને?

ચરિત્ર—છત્રસાલ બુંદેલા—પ્રેરણાત્મક છે. તેના લેખક (અને 'દિક્પાલ'ના લેખક પણ) શ્રી પ્રફુલ્લ રાવલ બહુશ્રુત છે. ધન્યવાદ. બાકી-નું વાચન હજી બાકી છે.

(વડાલા-મુંબઇ) —વી. બી. ગણાત્રા

*આ પત્ર અંગત છે, અહીં તો એટલા ખાતર જ આપ્યો છે કે 'કુમાર' અંગેની—અને એ રીતે મારા અંગેની વાચકોની ફરિયાદનો એક ઉત્તર તેમાંથી કદાચ મળી રહેશે. (અલબત્ત, વીજળીકાપને લીધે રાખવી પડતી રજાઓ સહિત બીજાં પણ કારણો છે.) અલબત્ત, કેટલાક પરિ-ચિતો જાણે છે કે 'કુમાર'ના સંપાદનકાર્યને અંગત બાબતોથી અલિપ્ત રાખવા હું પ્રયત્ન-શીલ રહ્યો છું અને પરિણામે કેટલીક ફરિયાદો પણ વેઠવી પડે છે. બીજી બાજુ બહુ ઓછા ગાળામાં વેઠવી પડેલી આપ્તજનોનાં અવ-સાનોની વ્યથા છતાં 'કુમાર' દ્વારા થઇ શકેલા કાર્યની પ્રશંસાના પત્રો મારામાં નવું બળ પણ પ્રેરે છે. ફરિયાદો છતાં યે 'કુમાર પ્રત્યે ચાહના રાખનારા એ સૌ સહૃદય વાચકો તથા કવિ-લેખકોનો હું અત્યંત આભારી છું, અને એ સૌનો પણ, જેમણે મારી આપત્તિઓમાં દિલસોજી અને સહકાર દાખવીને મારી હિંમત બઢાવી છે. —બિ.

અનુરાગે / રાજેન્દ્ર શાહ

·ગાન·

મારા ઊછળતા અનુરાગે
પ્રોવાય તારું નામ, હે પિયાં, પ્રાણના ઝીણા ધાગે.

ફાગણને ફૂલ ફાગ
ને રેલું મલયભીનો રાગ
નિશીથે
નીંદરશિથિલ અંગને ઓઢણ જીવ નિરંતર જાગે.

ઘર મારું આ દેવળ
ને હું ભીતર બેઠી એકલ
—ભરાય
'અહીં નહીં'-ના તરુણ તરુ પરના ભૂર પરાગે.

કોઈ હવામાં તરતું
મારી નજીક નજીક સરતું
મને
વાદળ વીંટી વળતું...આલિંગનમાં લેતું લાગે.

વેરાનમાં / હેમન્ત દેસાઈ

·ગઝલ·

ન કોઈ પ્યાસ છે; ન કશાની તલાશ છે,
કરફ્યુથી ગ્રસ્ત શ્હેર સમું દિલ ઉદાસ છે!

નોંધાઈ નથી એક પણ પંખીની હાજરી
ટૌકાનું તીર્થધામ તે કુંજો નિરાશ છે!

ડૂમે ભરાયાં સ્વપ્ન કરે શોર ના હવે
નીંદરનું વૃક્ષ—વૃક્ષ નહીં, ઊભી લાશ છે!

નિસ્તબ્ધ દિશાઓ ગગનનો જીવ ઘૂંટતી
ઝરણાંની આહ પર ઢળી પથ્થરની હાશ છે?

ફૂલોની વાત પૂછો નહીં; ચૂપ છે પવન,
ફરકે છે જરી એ તો આ મારો નિસાસ છે!

ગુપચુપ તમે ય જાવ અભાગી સ્વજન! બીજે—
વેરાનમાં છું, ધૂળ મારી આસપાસ છે!

ખાલી કરવાં નૅણ / ચંદ્રકાન્ત શેઠ

·ગાન·

ભરી ભરીને ખાલી કરવાં નૅણ:
એમ ચાલતો રેંટ અહીં તો
રેણ દિનાંદિન રેણ.

કંટકથીયે અધિક પુષ્પનાં
સ્વપ્ન તૂટતાં વાગે,
તરસી આંખો અધિક વીજથી
દાહક મનને લાગે,
જેમ ઝાંઝવાં જોતો ઊછળે
તેમ ઊકળતાં વ્હેણ.

તરડાયેલાં તલાવ ચ્હેરે,
કરમાયેલાં કમળ,
જ્યાં જ્યાં ચાલ્યો ત્યાં ત્યાં ઊઠયાં
વસમાં કેવાં વમળ!
જેમ કેવડો મ્હેકે ઊડે
એમ ફૂંફવે ફેણ.

પંથ લાંબો પડચો / શશિશિવમ્

·ઝૂલણા·

ભાર આકાશનો ભીંસતો હૃદયને,
વીજના દાહની વેદના અંતરે;
કડકડાટે તૂટે દેહના બંધ, ને
પંથ લાં...બો ય આ દૃષ્ટિ સામે અરે!

ગાઢ અંધારના ડુંગરા ઊંચકી,
પ્પીણની ગહનતા કફનશી ઓઢી, ને
વન તણાં વનની લેંકારતા બાથ લઈ,
સળગતા રણ તણી ઝાળ સોડે લઈ;
માંડતો ડગ રહ્યો—પંથ લાંબો પડચો.

તાન્કા / કિશોરસિંહ સોલંકી

ઘાસમાં સૂતી
રાત ઘસે પડખાં
ઘુવડ ભરે
પ્હેરો: તરણા ઓથે
સૂરજ બેઠો હસે.

આંખને અડે / મનહર જાની

·ગાન·

વહેલી સવારનાં ઊઘડતાં પોપચેથી
આછું આછું અંધારું સરી પડે...
તારું ભીનુંભીનું રૂપ એમ આંખને અડે.

ઝાડવાંથી ડાંખળીને જુદી કરીને કોઈ
પૂછે કે ચાહવાનો અર્થ શું?
છાંયડીની ભાષામાં સમજો તો ઠીક
વધુ પડતું બોલવામાં મર્મ શું?

ફૂલોની પાંખડીને અડતામાં મ્હેકમ્હેક
વાયરાને ઘેરુંઘેરું ઘેન ચડે......
તારું ભીનુંભીનું રૂપ એમ આંખને અડે.

પંખીની પાંખને ને ખુલ્લા આકાશને
હોય નહીં તરણું જુદાઈ
માછલીને હોય છે જળથી સંબંધ અને
વાંસળીને સૂરની સગાઈ

પોતાપણાને ખોઈ બેઠું હોય કોઈ
એને ઢંઢોળે જેમ કોઈ હાથ વડે...
તારું ભીનુંભીનું રૂપ એમ આંખને અડે.

નવી દુનિયાનો વિસ્મૃત શોધક અને ત્યાંની પૂર્વકંઠારનો નકશાનવીસ

અમેરિગો વેસ્પુચી

—અશોક હર્ષ

દુનિયાભરનાં લગભગ તમામ પાઠ્યપુસ્તકોમાં વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે કે ક્રિસ્ટૉફર કોલંબસે ઈ. સ. ૧૪૯૨માં અમેરિકા ખંડ શોધી કાઢ્યો, અને એની સ્મૃતિમાં ૧૨મી ઑક્ટોબરનો દિવસ કોલંબસ-દિન તરીકે ઊજવવામાં આવે છે. પરંતુ કોલંબસ અમેરિકાની તળભૂમિ પર પગ મૂકનાર પહેલો જ પરદેશી નહોતો એ જેમ આપણામાંનો મોટો ભાગ નથી જાણતો, તેમ હિંદુસ્તાનને બદલે તદ્દન જુદી જ ભૂમિ પર પગ મૂકી પોતે ભૂખંડનો ચોથો ભાગ પૃથ્વીના નકશામાં ઉમેર્યો છે તે પણ એ પોતે નહોતો જાણતો.

કોલંબસ કરતાં ય એ તળ ભૂમિ પર પહેલાં પગ મૂકનાર અને તેને 'નવી દુનિયા' તરીકે ઓળખાવનાર તો આજે લગભગ ભુલાઈ ગયેલો છે. એ નવી દુનિયાનું 'અમેરિકા' નામકરણ જેના નામ પરથી થયું છે એ, તેનો પહેલો શોધક હતો કોલંબસનો મિત્ર અને ફ્લૉરેન્સનો એક વેપારી, મહાન નાવિક અને શોધક અમેરિગો વેસ્પુચી. ઇતિહાસકારોએ ઈ. ૧૮૦૦ સુધી તો તેને સાવ વિસારે જ પાડી દીધેલો, પણ ત્યાર બાદ ધીમેધીમે તેના સાચા વ્યક્તિત્વનો સ્વીકાર થતો જાય છે.

અમેરિગો તેના સમકાલીનોમાં યુરોપભરમાં એક સંમાનનીય વ્યક્તિ હતો. એના કુટુંબના દેવળમાં ત્યારના નામાંકિત ચિત્રકારોએ ચિત્રકારી કરેલી. બોતિચેલીનાં અનેક ચિત્રોની પ્રેરણાદાત્રી સુંદરી સિમોનેતા વેસ્પુચી સાથે તેણે લગ્ન કરેલાં, જ્યારે લોરેન્ઝો દ મેડિચીએ પોતાનો મોટા ભાગનો વેપાર તેને જ સોંપી દઈ બે વાર તેને વ્યવસાય અંગે સ્પેઈન મોકલ્યો હતો.

અમેરિગો બીજી વાર ઈ. ૧૪૯૨માં સ્પેઈન આવ્યો ત્યારે ત્યાંની પ્રજા ગ્રૅનેડાના યુદ્ધ પછી તેના પરની મૂરોની ધૂંસરીથી મુક્ત થઈ ચૂકી હતી. મેડિચીના આડતિયા અને મૂળ ફ્લૉરેન્સવાસી જ્યાનેતો બેરાર્દીની સાથે સ્પેનિશ સરકારના જહાજી બાંધકામમાં એ જોડાઈ ગયો.

મધ્યમ કદનો અને ખડતલ બાંધાનો અમેરિગો ત્યારે ૪૦ વર્ષનો હતો. એ સ્થિર અને ચકોર મગજનો હોઈ ધંધાદારી તરીકે સારી રીતે સફળ નીવડ્યો હતો. તેને નકશાનો ખૂબ શોખ હતો ને સુનંદો નકશા-આલેખક હતો. જહાજી કામ દરમિયાન તેને કોલંબસનો પરિચય થવા પામ્યો. ફ્લૉરેન્સના તોસ્કાનેલી પાસેથી સાંભળેલી પુષ્કળ ભૌગોલિક માહિતી તેણે કોલંબસને આપી, જે માહિતીએ આટલાંટિક ઓળંગી હિન્દુસ્તાનનો માર્ગ શોધી કાઢવાની મહત્ત્વાકાંક્ષા કોલંબસમાં પ્રેરી. અમેરિગો ત્યારે બેરાર્દીનો ભાગીદાર બની ચૂક્યો હોઈ કોલંબસને તેની મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરવા બેરાર્દી પાસેથી થોડાં નાણાં પણ અપાવ્યાં.



△ ઉપર ડાબી બાજુથી અનુક્રમે ઘીરલાન્ડીઓ, એક અજ્ઞાત કલાકાર, મોરિન અને બોતિચેલીએ આલેખેલાં અમેરિગો વેસ્પુચીનાં છબિચિત્રો.

પરંતુ કોલંબસની મહત્ત્વાકાંક્ષાનો ચેપ અમેરિગોને પણ લાગ્યો. કાસ્તિલનો રાજવી ફર્ડિનાન્ડ ત્યારે કોલંબસની પાછળ એક શોધ-ટુકડી મોકલવા માગતો હોઈ તેણે અમેરિગોને એ ટુકડી સાથે જવા કહ્યું કે તે તુરત તૈયાર થઈ ગયો. તેના એક પત્રમાં જણાવ્યા પ્રમાણે એ ટુકડીમાં ચાર જહાજો ઊપડેલાં, જો કે કોની સરદારી નીચે, તેનો એણે ઉલ્લેખ નથી કરેલો. એ પત્રમાં તે જણાવે છે: 'અમે આફ્રિકાના કાંઠે પ્રયાણ કરી ત્યાંથી કૅનેરી ટાપુઓ પરથી જરૂરી પુરવઠો એકઠો કરી, પ્રાર્થના બાદ નૈઋત્ય દિશામાં હંકારી મૂક્યું... સાનુકૂળ પવનમાં અમે ચોવીસ દિવસો સુધી આગળ વધતા રહ્યા...'

કોસ્ટારિકા કે હોન્ડુરાસ થઈ તેમણે અમેરિકાના મુખ્ય ભૂખંડ પર પગ મૂક્યો. ૧૬ જણા જહાજોમાંથી ઊતરી કાંઠા પરની વનરાજિમાં થઈ આગળ ચાલ્યા. ત્યાંના લગભગ નગ્નાવસ્થામાં રહેતા કેટલાક લોકો તેમને જોઈ ડરી ઊઠ્યા. એમની ચામડીનો અલગ વર્ણ તથા કપડાંથી ઢંકાયેલાં આખાં શરીર જોઇને તેમણે એ લોકો સાથે વાતચીત કરવાનો પ્રયત્ન કરી જોયો, પણ



અમેરિકાની શોધ એ માનવ ઇતિહાસનું એક અતિ ઉત્તેજક પ્રકરણ છે, અને ક્રિસ્ટોફર કોલંબસ તેનું મુખ્ય પાત્ર. પણ કોલંબસ તો અકસ્માત જ ત્યાં પહોંચેલો, અને ન તો એણે તે ખંડની તળભૂમિ જોએલી, કે ન તો એને એ વિશાળ ભૂમિખંડના અસ્તિત્વની જાણ હતી. વળી, એ સમગ્ર ખંડને લક્ષમાં લઇએ તો એ ખંડ પર જનાર એ સૌપ્રથમ યુરોપવાસી પણ નહોતો. ઈસ્વી સન પૂર્વે બીજી સદીમાં ફિનીશિયનો ત્યાં ગયાનું જણાયું છે. ઉત્તર યુરોપના વાઇકિંગો પણ દસમી સદીમાં ગ્રીનલૅન્ડ સુધી જઈ વસેલા. ઉનાળામાં બરફ પીગળે ત્યારે તેઓ સફર ખેડતા. બરફીલા વિસ્તારો છોડી ફળદ્રૂપ જમીન પર જઈ વસવું એમને માટે અનિવાર્ય પણ હતું. ઈ. ૯૮૫માં એરિક ધ રેડે ગ્રીનલૅન્ડમાં સ્થાપેલી વસાહત ચારેક સદી સુધી ટકેલી. એ પણ અમેરિકાની તળભૂમિ પર ઊતર્યાનું મનાય છે, અને એના પુત્ર લેઈફ એરિક્સને ૧૧મી સદીમાં આજના લૅબ્રેડોર કે ન્યૂ ફાઉન્ડલૅન્ડની આસપાસ વસાહત કરેલી ને તેને 'વિનલૅન્ડ' નામ આપેલું. ઈ. ૧૧૨૧માં ગ્રીનલૅન્ડથી બિશપ એરિક ઑવ ગ્રીનલૅન્ડ નામે ઓળખાતો એક પાદરી પણ એ પ્રદેશમાં ગયાની નોંધ છે. ઈ. ૧૩૪૭માં ગ્રીનલૅન્ડનું એક જહાજ એ તરફ જઇને લાકડાં લઈ આઇસલૅન્ડ ગયાની પણ નોંધ છે. એટલે આમ નાનીમોટી ખેપો તો થતી રહી હશે એમ માની શકાય. પણ કોલંબસની પહેલી સફર પછી આટલાંટિક પાર ભૂમિ હોવાના સમાચારો પ્રસર્યા બાદ એ દિશામાં અનેક સાગરખેડો થઈ. કોલંબસ પહેલાં જ્હૉન કૅબર અમેરિકા પહોંચેલો, ને તેના એક સાથી બ્રિસ્ટલના વેપારી રિચાર્ડ અમેરિકેના નામ પરથી અમેરિકા નામ પડયાનું પણ કહેવાય છે. બીજો મત અમેરિગો વેસ્પુચીના નામ પરથી અમેરિકા નામ અપાયાનું માને છે. નવા શોધાએલા એ ખંડની પૂર્વકંઠારના સૌપ્રથમ નકશા આ વેસ્પુચીએ જ બનાવેલા. એની શોધસફરોની વિસ્તૃત જાણ યુરોપમાં હતી, અને જ્યારે જર્મન ભૂગોળશાસ્ત્રી માર્ટિન વાલ્ડ્સીમુલરે આ દેશને પ્રકાશમાં આણનાર અમેરિગોના નામ પરથી અમેરિકા નામ આપવાનું સૂચવ્યું ત્યારે બહુધા એનો સ્વીકાર થઈ ગયો. એમ તો કોલંબસના નામ પરથી આ દેશને 'કોલંબિયા' નામ આપવાના યે પ્રયાસો થએલા. ઉપર આપેલો નકશો વાલ્ડ્સીમુલરે બનાવેલો છે. તેમાં એણે વેસ્પુચીને નૌસંચાલક તરીકે અને નવી દુનિયા પર મીટ માંડી રહેલો આલેખ્યો છે. છેક સોળમી સદીના આરંભમાં બનેલા આ નકશામાં અમેરિકાની પૂર્વ કંઠાર ઠીકઠીક પરિચિત બની ગયાનું જણાઈ આવે છે. વેસ્પુચીની પહેલી સફર બાદ દસ વર્ષ પછી વાલ્ડ્સીમુલરે બનાવેલા એક નકશામાં આજના આર્જેન્ટિનાના વિસ્તારમાં તો એણે અમેરિકા નામ પણ લખેલું છે. વેસ્પુચીને પૂરી જાણ હતી કે આટલાંટિક પારની ભૂમિ તે એશિયા ખંડની ભૂમિ નહોતી જ. —સં.

સફળ ન થયા. રાત થવા આવી હતી તેથી ત્યાં વધુ ન રોકાતાં પાછા ફર્યા.

ત્યાંથી કોઈ સલામત જગ્યાએ જહાજોને નાંગરાવવા તેઓ હંકારી ગયા. કાંઠેકાંઠે બે દિવસ હંકાર્યા પછી તેમને એવું સલામત સ્થાન મળી જતાં જહાજો ત્યાં નાંગરાવી ૪૦ જણા કાંઠે કૂદી પડયા. અહીં પણ એ ભૂમિના કેટલાક મૂળ નિવાસીઓનો ભેટો થવા પામ્યો, પણ તેઓ પણ એમનાથી ડરતા હતા. અમેરિગોના જણાવ્યા પ્રમાણે તેમને વિવિધ ભેટસોગાદો આપતાં તેમનો ડર ઓછો થઈ ગયો ને તેઓ મિત્ર બની ગયા.

એ રાત્રે ઠંડી ખૂબ હોઈ તેઓ સૌ તેમના જહાજો પર પાછા ફર્યા,

પણ બીજે દિવસે ઊઠીને જોયું તો આખો કાંઠો ત્યાંના રક્તવર્ણના મૂળ નિવાસીઓથી ઊભરાઈ ગયેલો. અમેરિગોના જણાવ્યા પ્રમાણે આ મૂળ નિવાસી સ્ત્રીપુરુષો તમામ જબરાં દોડવૈયાં ને તરવૈયાં હતાં. તેમનાં હથિયાર હતાં તીરકામઠાં. લોખંડ કે કોઈ કઠણ ધાતુના અભાવે તેઓ તીરને છેડે પ્રાણીઓના અણીદાર દાંત કે અત્યંત મજબૂત લાકડું છોલી તેનાં ટોચકાં બનાવતાં.

અહીં વધુ ન રોકાતાં તેઓ કાંઠેકાંઠે આગળ વધ્યા. યુકેટન અને ફ્લૉરિડાના દ્વીપકલ્પો પસાર કરી ઉત્તરમાં તેઓ લગભગ ચેસાપીક ઉપસાગર સુધી પહોંચ્યા. રસ્તે કેટલાક મૂળ નિવાસીઓએ તેમનો વિરોધ કરતાં તેમની સાથે ઘર્ષણમાં યે ઊતરવું પડેલું, પરંતુ મોટે ભાગે તો બધે ઠેકાણે તેમનું સારું સ્વાગત કરવામાં આવેલું. મેક્સિકોના કાંઠેથી તો એ મૂળ નિવાસીઓ જ અમેરિગો અને તેના ૨૯ સાથીઓને અંદરના ભાગમાં લઇ ગયા, જ્યાં નૃત્ય અને મહેફિલ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું. અમેરિગોની આ સફરે મેક્સિકોના ઉપસાગર તથા ક્યુબા ટાપુને પહેલવહેલા નકશા પર મૂક્યા.

ઈ. ૧૪૯૯માં રાજા ફર્ડિનાન્ડ વતી અમેરિગો બીજી સફરે ઊપડ્યો, જેમાં તેણે કેટલાંક સ્થળોના રેખાંશ નક્કી કર્યાં. ત્યાર બાદ તે સ્પેઈનના રાજવીને છોડી પોર્ટુગાલના રાજવીના દરબારમાં પહોંચ્યો. એ પછીની બે સફરો તેણે પોર્ટુગીઝ જહાજોમાં અને પાંચમી અને છેલ્લી કેરિબિયનની સફર પાછી સ્પેનિશ જહાજમાં કરેલી, ઈ. ૧૫૦૩-૪ની તેની બ્રાઝિલની ચોથી સફર અને પાંચમી સફર કરતાં ત્રીજી સફર કદાચ તેની તમામ સફરોમાં સૌથી વધુ નોંધપાત્ર હતી.

ઈ. ૧૫૦૧માં લિસ્બનથી ઊપડી અમેરિગોએ પહેલો પડાવ આફ્રિકામાં કેપ વર્ડ મુકામે નાખ્યો. ત્યાર બાદ ત્યાંથી લંગર ઉપાડ્યું અને ૬૭ દિવસ સુધી ગાજવીજ અને વરસાદ વચ્ચે આટલાંટિકની આરપાર હંકાર્યે જ રાખ્યું. છેવટે તે બ્રાઝિલમાં એ સ્થળે પહોંચ્યો જ્યાં આગલી સફરમાં પહોંચેલો. આ પહેલાં ઈ. ૧૪૯૪માં સ્પેઈન અને પોર્ટુગલ વચ્ચે એવી સંધિ થવા પામેલી કે ભૂમધ્ય રેખાની ઉત્તર કે દક્ષિણમાં જે નવી ભૂમિ શોધવામાં આવે તે એ બંને વચ્ચે વહેંચી લેવામાં આવે. ઈ. ૧૫૦૨ના ફેબ્રુઆરીની ૧૫મીએ તેઓ ભૂમધ્યરેખાથી ૨૫ અંશ નીચે પહોંચતાં આ સફરની સરદારી જેને હસ્તક હતી તે પોર્ટુગીઝ કમાન્ડરે સ્પેઈનની હકૂમત નીચેના સાગરમાં આગળ વધવાની ના પાડી જહાજ ત્યાં જ નાંગરાવી દીધાં અને કાંઠે જ સભા ભરી. સભામાં ખલાસીઓએ એવો મત દર્શાવ્યો કે અમેરિગોએ ટુકડીની સરદારી લઈ જહાજો જ્યાં સુધી જઈ શકે ત્યાં સુધી લઈ જવાં. નવી દુનિયાની ધરતી પરના આ પહેલા લોકશાહી નિર્ણય અનુસાર અમેરિગો આગળ વધ્યો. પ્લાટા નદીના મુખ અને પાટાગોનિયાના કાંઠે થઈ તેનો ઇરાદો એશિયાનો જળમાર્ગ શોધી કાઢવાનો હતો, દરિયામાં જામેલા ભયંકર તોફાનને લઈ તેને તેનો ઇરાદો બદલવો પડ્યો. આગળ જતાં મૅગેલને પોતાની વિશ્વપરિક્રમા આ જ માર્ગે થઇને કરી હતી.

પોતે આ નવી જ દુનિયા શોધી કાઢી હોવાની પ્રતીતિ અમેરિગોને તેની ત્રીજી સફરમાં થઈ જવા પામેલી. ઇ. ૧૫૦૩માં લોરેન્ઝો ડી મેડિચી પર લખેલા પત્રમાં તેણે જણાવેલું: 'અમે જે ભૂમિ શોધી અને તપાસી રહ્યા છીએ તેને યોગ્ય રીતે જ નવી દુનિયાનું નામ આપી શકાય.' તેણે એ પત્રમાં ત્યાં વસતી વિવિધ જાતિઓ અને તદ્દન અપરિચિત પ્રાણીઓનો પરિચય આપવા સાથે એ પણ જણાવેલું કે એ ભૂમિ કોઇ ટાપુ નહિ પણ ઉત્તરદક્ષિણ પથરાયેલો એક વિશાળ ખંડ હતો. ત્યાંના ભૂપૃષ્ઠનો અને વનસ્પતિ-સૃષ્ટિનો પણ તેણે એ પત્રમાં પરિચય આપ્યો હતો.

હકીકતમાં તો એ નવી ભૂમિ સુવર્ણભૂમિ જ હતી. અન્ય કોઇ ધાતુ અમેરિગોને ત્યાં ન જણાઇ, પણ સોનાનું પ્રમાણ તો એ ભૂમિ પર કલ્પનાતીત હતું જેનું ત્યાંના મૂળ વતનીઓને મન કશું મૂલ્ય ન હતું. અમેરિગોએ એ પત્રમાં સોનાના આ મબલખ પ્રમાણનો ઉલ્લેખ કરતાં જણાવેલું કે, 'મૂળ વતનીઓએ એ પ્રત્યે અમારું લક્ષ ખેંચતાં કહ્યું કે કિનારાના અંદરના ભાગમાં તો આથી અનેકગણું સોનું છે. નિઃશંક આ પૃથ્વી પર ઇડનનો બાગ ક્યાંય આવેલો હોય તો તે અહીંથી બહુ દૂર હોવો ન જોઇએ.'

મૅક્સિકોના કાંઠા પર તેમની ત્રીજી સફર દરમિયાન તેઓ ફરવા માટે નીકળેલા ત્યારે પાછળ કેટલાયે મૂળ વતનીઓ તેમનાં જહાજો પર ચડી બેઠેલા. પાછા ફરીને તેમણે એક જહાજ પરની તોપ રમૂજ ખાતર ફોડતાં એ લોકો એટલા તો ડરી ગયા કે દરિયામાં કૂદી પડ્યા. અમેરિગોના કહેવા પ્રમાણે તેણે એ લોકોને સાંત્વન આપી સમજાવ્યા કે આ હથિયારનો ઉપયોગ તેઓ દુશ્મનો સામે કરતા હતા. દક્ષિણ અમેરિકાના ઉત્તર ભાગમાં એણે સરોવરમાં વસેલું એક ગામ જોઇ તેને તરત વેનિસનો ખ્યાલ આવેલો. અને એ આખા યે પ્રદેશનું નામ પણ પાછળથી 'નાનું વેનિસ' (વેનીઝુએલા) રાખવામાં આવ્યું.

અમેરિગોની આ સફરો નહોતી પ્રદેશના લોભથી પ્રેરાએલી કે ન હતી સોનાના લોભથી. જગતના ભૌગોલિક જ્ઞાનમાં અપૂર્વ વૃદ્ધિ કર્યા છતાં ન માગ્યું એણે કોઇ જહાજનું કપ્તાનપદ કે ન માગ્યું કોઇ પ્રાંતનું ગવર્નરપદ. એની તમામ સફરો સ્પેનિશ કે પોર્ટુગીઝ કપ્તાનોની સરદારી નીચે થયેલી, અને એથી જ એ સફરોનું મુખ્ય પાત્ર એ હોવા છતાં ઇતિહાસકારોથી તે ઉપેક્ષિત જ રહી જવા પામ્યો. ભૂમધ્યરેખા-વિષુવવૃત્તની દક્ષિણે હંકારનાર એ પહેલો નાવિક હતો જેણે ઉત્તર ગોળાર્ધમાં નજરે ન પડતા તારાનાં દક્ષિણ ગોળાર્ધમાં પ્રથમ દર્શન કર્યાં.

પોતાની ચોથી સફર પછી સ્પેઇન પાછા ફરેલા અમેરિગોએ થોડા સમય પર અંદાલુસિયાની એક યુવતી મારિયા સેરેઝો સાથે લગ્ન કરી લીધેલાં હોઇ સેવિલ મુકામે રહેવા લાગ્યો. રાજા ફર્ડિનાન્ડે ઈ. ૧૫૦૮માં તેની સ્પેઈનના પાઈલટ મૅનેજરની નવી ઊભી કરેલી જગ્યાએ નિમણૂંક કરી. એની રજા સિવાય કોઈ પણ માણસ કોઈ પણ જહાજ પર જવાબદારી ભર્યો હોદ્દો સંભાળી ન શકે. કોઈ પણ નકશો તેની મંજૂરી વિના માન્ય ન રહે ને હરેક સફરીએ પોતાની નવી શોધ તેને જણાવવાની રહે.

અમેરિગોએ તેના મૃત્યુ પર્યંત આ પદ સંભાળ્યું, અને ઇ. ૧૫૦૬માં કોલંબસના મૃત્યુ પર્યંત તેની મૈત્રી જાળવી રાખી. તેણે કોલંબસના કાર્યને યોગ્ય અંજલિ આપેલી જ, પરંતુ બાર્તોલોમી દ લાસ કેસાસે એ ખંડને અમેરિકા નામ અમેરિગોએ પોતે આપીને કોલંબસનો તેજોવધ કર્યાનું ભૂલથી માની લઇને પોતાના આલેખેલા ઇતિહાસમાં તેને ખૂબ નિંદ્યો, અને અનુગામી ઇતિહાસકારો પણ આ બાબતમાં ઊંડા ઊતર્યા વિના લાસ કેસાસને જ અનુસર્યા.

અમેરિગોના કેટલાક પત્રો નાશ પામ્યા છે, પણ કેટલાક બચ્યા છે તે પરથી અમેરિગો કેટલો સાચો હતો તે વૈજ્ઞાનિક દૃષ્ટિએ પુરવાર થઇ શક્યું છે. નવી દુનિયાને અમેરિકા નામ આપવા પાછળ એનો કશો જ હિસ્સો નહોતો, તેમ એ નામ અપાયાનું તેની જાણમાં હોવાનું પણ ચોક્કસ કહી શકાય તેમ નથી. જો કે એ નામ એના મૃત્યુ પહેલાં ઇ. ૧૫૦૭માં પહેલવહેલું અંકિત થયું, પણ એણે પોતે કરેલા નકશામાંના એકેય પર કે ૧૫૨૫ સુધી નકશા તૈયાર કરતા રહેલા એના ભત્રીજા જિયોવાનીના એકે નકશા પર એ નામ નથી દર્શાવેલું. એ નામ એ ખંડને આપનાર છે ટોલેમીની પ્રાચીન ભૂગોળની નવી આવૃત્તિ તૈયાર કરનાર બે ફ્રેન્ચ વિદ્વાનો રિંગમાન અને દ સાંદકોર. એની પ્રસ્તાવનામાં તેમણે લખેલું 'અમેરિગો વેસ્પુચીએ દુનિયાનો બીજો ભાગ શોધી કાઢ્યો હોઇ એને પૂરો ન્યાય આપવા આપણે શા માટે અમેરિગી કે અમેરિકા નામ ન આપવું એનું કોઇ કારણ અમને જણાતું નથી.' □

‘નાસા’ના ‘વાઇકિંગ-૧’ ‘અવકાશયાને મંગળ ગ્રહ ઉપર ઉતરાણ કર્યું અને પરીક્ષણ માટે ત્યાંની ભૂમિ પરથી માટી-નો નમૂનો લેવા જતાં તેનો યાંત્રિક હાથ એકાએક કામ કરતો અટકી પડેલો ને પછી ફરી ચાલુ થએલો એ ઘટના, તથા એ પ્રયોગ પછી મંગળ પર જીવસૃષ્ટિ હોવાના કોઈ સંકેતો પ્રાપ્ત થયા નથી એ મુદ્દાને સાંકળી લઈને પ્રો. જયંત નારળીકરે* લખેલી સુંદર કલ્પનાકથા

દૃષ્ટિ પારની સૃષ્ટિ

અનુવાદક • ભરત પાઠક

છોટુ! કેટલી વાર તને ત્યાં ન જવા માટે ટોક્યો’તો?

‘તો પપ્પા કેમ રોજ્જે ત્યાં જાય છે?’

‘એમને તો ત્યાં કામ હોય એટલે જાય છે.’

છોટુ અને તેની મા વચ્ચે આ સંવાદ લગભગ રોજનો થઈ પડ્યો હતો. ‘ત્યાં’ એટલે ભોંયરામાં જવાના રસ્તા તરફ. છોટુના પપ્પા એ રસ્તે થઇને દરરોજ કામ પર જતા અને પાછા આવતા. સામાન્ય માણસો માટે એ રસ્તે જવાની મનાઈ હતી. નક્કી કરેલી કેટલીક ખાસ વ્યક્તિઓને બાદ કરતાં, બાકીનાઓને માટે ‘ત્યાં’ જવાની બંધી હતી. છોટુના પપ્પા એ ખાસ વ્યક્તિઓમાંના એક હતા.

પરંતુ આજની વાત જરા જુદી હતી. આજે રજા હોવાથી છોટુના પપ્પા ઘેર આરામ કરતા હતા. માનું ધ્યાન નથી એમ જોઇને છોટુએ પપ્પાનો ‘સિક્યુરીટી પાસ’ તેમના કોટના ખિસ્સામાંથી સરકાવી લઇને ભોંયરા ભણીનો રસ્તો પકડેલો.

આમ તો ત્યાંની સમસ્ત વસાહત જમીન તળે જ વસેલી હતી. આ ભોંયરાનો રસ્તો બોગદા જેવો હતો. અંદર બત્તીઓ હતી અને સામે એક બંધ દરવાજો આગળનો માર્ગ રૂંધીને ઊભો હતો. છોટુએ પોતાના પપ્પાને એ દરવાજામાંથી જતા-આવતા જોયા હતા. એણે પણ ખિસ્સા-માંથી પાસ કાઢીને યોગ્ય ખાનામાં જ ખોસ્યો. બારણાં ઊઘડી ગયાં. તે અંદર ગયો એટલે પેલી બાજુના ખાનામાંથી પાસ બહાર આવ્યો અને બારણાં વસાઈ ગયાં. છોટુએ પાસ લઈ લીધો અને ચારે બાજુ નજર નાખી. ભોંયરાનો રસ્તો હવે હળવેહળવે ઉપર ચડતો હતો. આજે તેને જમીન ઉપર જવાનો સુયોગ સાંપડતો હતો।

પણ ના. આજે એવો યોગ ન બન્યો! રસ્તા ઉપર ડોકાઈ રહેલાં જાતભાતનાં નિરીક્ષક યંત્રોની છોટુને ખબર ન હતી. પહેલા જ યંત્ર દ્વારા શંકાસ્પદ પરિસ્થિતિની નોંધ લેવાઈ. આવડી બટકી અમથી વ્યક્તિ આ રસ્તે આવી કેવી રીતે? બીજા યંત્રે એની છબી પાડીને મોકલી આપી. ક્યાંક એક કેન્દ્રીય કચેરીના યંત્રે તે ચકાસી જોઈ...અને શંકાસ્પદ પરિસ્થિતિની સૂચના આપી.

આ સઘળી વાતની છોટુને કલ્પના ન હતી. એ તો પોતાની મસ્તી-માં આગળ ને આગળ જતો હતો. એટલામાં જ ક્યાંકથી એકસામટા દસ ગણવેશધારી એની સામે આવીને ઊભા. એ લોકોએ એને પાછો વાળીને ઘેર લાવી મૂક્યો. મા એની વાટ જ જોતી હતી. અને ત્યાર બાદ, રોજના સંવાદની, જરા કડક સ્વરૂપમાં શરૂઆત થઈ. જો કે આજે છોટુના પપ્પા જ એની વહારે આવ્યા,

‘ઊભી રે’, હું જ એને સમજાવીને કહું એટલે ફરી વાર એ આવી માથાકૂટમાં ન પડે.’ અને છોટુ ભણી ફરીને બોલ્યા, ‘આમ જો છોટુ! હું જ્યાં કામ કરવા જઉં છું તે ભાગ બધો જમીનની ઉપર આવેલો છે. સામાન્ય માણસને ત્યાં જવાની છૂટ નથી; કારણ કે ત્યાંના વાતાવરણ-માં તે જીવી ન શકે.’

‘તો પછી તમે કેમ જાઓ છો!’ છોટુનો આ પ્રશ્ન અપેક્ષિત જ હતો.

‘હું જઉં છું એક ખાસ પ્રકારનો સ્પેસ-સૂટ પહેરીને. મને એમાંથી શ્વાસ લેવા માટે પ્રાણવાયુ મળ્યા કરે છે; બહારની અતિશય ઠંડી સામે મારું એનાથી રક્ષણ થાય છે અને એના ખાસ પ્રકારના બૂટથી ઉપર ચાલી શકાય છે. ઉપર કેવી રીતે હરવું-ફરવું એની પણ મને ખાસ તાલીમ આપવામાં આવી છે.’

છોટુ સાંભળી રહ્યો, પપ્પાએ આગળ કહ્યું, ‘એક સમય એવો હતો જ્યારે અહીંની સઘળી વસાહત જમીનની ઉપર આવેલી હતી. તે સમયે, યંત્રોની સહાય વિના અને ખાસ જાતના સૂટ-બૂટ વાપર્યા વગર આપણા પૂર્વજો ઉપર રહી શકતા હતા. પરંતુ ધીમેધીમે ઉપરના વાતાવરણમાં ફેરફારો થતા ગયા; અનેક પ્રકારની જીવસૃષ્ટિ હતી તે ધીમેધીમે નાશ પામતી ગઈ. આનું મુખ્ય કારણ હતું: સૂર્યમાં થએલા ફેરફાર. આપણો ગ્રહ જે સૂર્યની આસપાસ ઘૂમે છે, તેમાંથી આપણને પ્રકાશ ઉષ્મા વગેરે મળે છે. તેનાથી આપણું, જીવસૃષ્ટિનું, પોષણ થાય છે. ત્યાં સૂર્ય-માં જરા અમથો ફેરફાર થાય કે અહીંની કુદરતી સમતુલા ખોરવાઈ જાય. અને એમ જ બન્યું. પછી એ બદલાએલી કુદરત સામે ટકી રહેવા-માં અહીંના મોટાભાગનાં જીવ અને વનસ્પતિ અસમર્થ નીવડ્યાં, સમર્થ નીવડ્યાં માત્ર આપણે.

‘આપણી યંત્ર-વિદ્યાની સહાયથી આપણે અહીં, જમીનની નીચે કૃત્રિમ વાતાવરણમાં વસીએ છીએ. ઉપરનાં યંત્રોની મદદથી સૂર્યપ્રકાશ-નો ઉપયોગ કરીને આપણું અહીંનું જીવન સરળતાથી ચાલે છે. એ બધાં યંત્રો વ્યવસ્થિત રાખવાનું કામ કેટલું મહત્ત્વનું છે તેનો હવે તને ખયાલ આવ્યો હશે. મારા જેવા કેટલાક ખાસ માણસો નીમેલા છે, જે રાત-દિવસ એ બધાં યંત્રો પર નજર રાખ્યા કરે છે.’

‘મોટા થઇને મને એવું કામ મળશે?’ છોટુએ પૂછ્યું.

‘હા, પણ એ માટે ખંતથી ભણવું પડે ને મા-બાપનું કહ્યું કરવું પડે.’ છેલ્લું વાક્ય પપ્પાનું નહિ, માનું હતું.

---

*પ્રો. જયંત વિષ્ણુ નારળીકરનો જન્મ ઈ. ૧૯૩૮ની ૧૯ જુલાઈના રોજ થએલો. યુ. કે.ની કૅમ્બ્રિજ યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ કરી એમણે પીએચ. ડી. તથા ડી. એસસી.ની પદવી મેળવી. કૅમ્બ્રિજ યુનિવર્સિટીમાં થીઅરેટિકલ ઍસ્ટ્રૉનોમીમાં ૧૯૭૨ સુધી સંશોધન-કાર્ય કર્યા પછી મુંબઈના ‘ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑવ ફન્ડામેન્ટલ રિસર્ચ’માં ખ-ભૌતિક શાસ્ત્રના પ્રોફેસર તરીકે જોડાયા. ‘ધ રૉયલ ઍસ્ટ્રૉનોમિકલ સોસાએટી’ તથા ‘ધ કૅમ્બ્રિજ ફિલોસૉફિકલ સોસાએટી’ના તેઓ ૧૯૬૩ સુધી ફેલો હતા. ૧૯૭૪માં ‘ધી ઇન્ડિયન ઍકેડેમી ઑવ સાયન્સિઝ’ના અને ‘ધી ઇન્ડિયન નૅશનલ ઍકેડેમી’ના ફેલો ચૂંટાએલા. ૧૯૭૩ થી ૧૯૭૫ તેઓ જવાહરલાલ નેહરુ ફેલો પણ હતા. રિસર્ચ પેપર્સ તથા સૈદ્ધાન્તિક ભૌતિકશાસ્ત્ર, ગુરુત્વાકર્ષણ, કૉસ્મોલૉજી, ખ-ભૌતિક વગેરે વિષયક લેખો એમણે લખ્યા છે. તાજેતરમાં એમના વાર્તા-સંગ્રહ ‘યક્ષાંચી દેણગી’ને મહારાષ્ટ્ર રાજ્યે ઈ. ૧૯૭૯-’૮૦ના ઉત્તમ બાલસાહિત્યનું રૂ. ૧૫૦૦નું પારિતોષિક આપ્યું છે. —સં.

બીજે દિવસે છોટુના પપ્પા કામ પર ગયા ત્યારે કંટ્રોલરૂમનું વાતાવરણ જરા વિચિત્ર હતું. કામની પાળી પૂરી કરીને જનાર ટુકડીના મોવડીએ ટી.વી.ના પર્દા તરફ આંગળી ચીંધી. પર્દા ઉપર એક ટપકું હતું. મોવડીએ ખુલાસો કર્યો :

'એ આકાશમાંનો કોઈ તારો નથી એની મને ખાતરી છે. કારણ કે છેલ્લા કેટલાક કલાકો દરમિયાન એનું સ્થાન બદલાતું હોવાનું આપણું કૉમ્પ્યુટર જણાવે છે. કૉમ્પ્યુટરના મત મુજબ તે વસ્તુ આપણા ગ્રહની દિશામાં આવી રહી છે.'

'કોઈક અવકાશયાન તો નહિ હોય?' છોટુના પિતાએ પૂછ્યું.

'અમને એવી દૃઢ શંકા છે જ. તમે પણ તેના પર નજર રાખજો.' મોવડીએ જતાંજતાં સૂચના આપી. છોટુના પિતા વિચારમાં પડી ગયા.

અવકાશયાન? ક્યાંથી આવતું હશે? સૂર્યમાળામાં આપણા સિવાય બીજે જીવસૃષ્ટિ ક્યાં હશે? એ શક્ય જ નથી. હોય તો યે અવકાશયાન મોકલવા જેટલી સુધરેલી તો ના જ હોય... આપણા પૂર્વજો પણ અવકાશયાન, ઉપગ્રહ વગેરે વાપરતા હતા. પણ આપણે માટે હવે તે શક્ય રહ્યું નથી. પહેલાં જેટલી ઊર્જા જ નથી રહી એટલે એ બધું પરવડે જ કેવી રીતે? નહીંતર તો આ આગંતુકનું નજીક જઇને નિરીક્ષણ કરવું શક્ય બન્યું હોત. અલબત્ત, એ અહીં જ આવતું હશે તો તો આપણા માટે એ અશક્ય નહિ રહે. તેમણે ટી.વી.ના પર્દા પર નજર ખોડી રાખી.

વસાહતમાં વ્યવસ્થાપક સમિતિની બેઠક ભરાઈ હતી. અધ્યક્ષ ભાષણ કરતા હતા: 'તાજેતરમાં જ મળેલી માહિતી મુજબ બે અવકાશયાન આપણા ગ્રહની નજીક આવી રહ્યાં છે. એક યાન આપણી આસપાસ ચકરાવો લે છે. બીજું હજી દૂર છે, પરંતુ આવે છે અહીં જ. આ યાનો પડોશના ગ્રહમાંથી આવતાં હશે તેમ આપણા કૉમ્પ્યુટરને લાગે છે. આપણે શાં પગલાં લેવાં તે નક્કી કરવું જોઇશે. નંબર એક, તમારું શું માનવું છે?'

નંબર એક પાસે વસાહતના સંરક્ષણની જવાબદારી હતી. કાગળિયાં એકઠાં કરતાંકરતાં એમણે બોલવાની શરૂઆત કરી, 'આ યાનને બાળીને ભસ્મ કરી દેવા જેટલી આપણી તૈયારીઓ છે; પરંતુ તેમ કર્યોથી આપણી જાણકારીમાં કશો ઉમેરો થશે નહિ. તેમને અવકાશમાં જ નકામાં બનાવી દઇને નીચે ઉતારવાં હોય તો તે માટેનાં યંત્રો આપણી પાસે નથી. હા, જો તે પોતાની મેળે નીચે ઊતરી આવે તો પછી તેમને નકામાં બનાવી દેવાનું સામર્થ્ય આપણી પાસે છે ખરું. મને મળેલી માહિતી મુજબ આ યાનોની અંદર માત્ર યંત્રો જ છે—કોઈ જીવો નથી.'

'નંબર એકનું કહેવું મને વાજબી લાગે છે.' નંબર બે—એક વૈજ્ઞાનિક—બોલ્યો, પણ આ યાનોને ખોટકાવી નાખવામાં એક જોખમ સમાએલું છે. એ નકામાં થતાંવેંત તેના મોકલનારાઓને આપણા અસ્તિત્વની ખબર પડી જશે. મને લાગે છે કે આપણે આ યાનોને છંછેડીએ જ નહિ અને માત્ર નિરીક્ષણ જ કર્યા કરીએ.'

'અહીં એક મહત્ત્વનો પ્રશ્ન ઉદ્ભવે છે. આપણું અસ્તિત્વ બને ત્યાં સુધી છૂપું રાખવું જોઇએ. જેમણે આ અવકાશયાન પાઠવ્યાં છે તેમને જો અહીં કશું મહત્ત્વનું જડી આવે તો તે લોકો આનાથી પણ વધારે મોટાં યાન પાઠવે તે શક્ય છે! મને લાગે છે કે આપણે એમને, એટલે કે એમનાં યંત્રોને, શક્ય હોય તો એવો ભાસ કરાવીએ આ ગ્રહ ઉપર મહત્ત્વનું એવું કશું જ નથી. આપણી જમીન ઉપરની યંત્રસામગ્રી શક્ય તેટલી ગૂપચૂપ રાખવી તેવી અધ્યક્ષશ્રીને મારી ભલામણ છે.' નંબર ત્રણ પાસે સામાજિક વ્યવસ્થાની કામગીરી હતી.

અધ્યક્ષ કાંઈ બોલે તે પહેલાં જ તેમની પાસેનો ફોન રણકી ઊઠ્યો. તેમણે રિસીવર કાને લગાડ્યું અને એક મિનિટમાં જ જાહેરાત કરી: 'સજ્જનો! એક નંબરના યાને આપણી જમીન ઉપર ઉતરાણ કર્યું છે.'

છોટુના જીવનમાં એક અગત્યનો દિવસ ઊગ્યો. આજે તેના પપ્પા તેને જમીનતળે આવેલા કંટ્રોલરૂમમાં લઈ આવ્યા હતા. અહીંથી એક નંબરનું યાન સ્પષ્ટ દેખાતું હતું.

'કેવું વિચિત્ર દેખાય છે? એમાં શું હશે?' છોટુએ પૂછ્યું.

'તે કાંઈ હાલમાં તો કહી ન શકાય. હજી આપણે દૂરથી તેનું નિરીક્ષણ જ કરીએ છીએ. પણ એના એકેએક ભાગ ઉપર આપણો કાબૂ છે. અલબત્ત, કટોકટીની પળ ઊભી થાય નહિ તો આપણે કોઈ પણ નિયંત્રણોનો ઉપયોગ કરવાના નથી.' છોટુના પપ્પા બોલ્યા. તેમણે એક નિયંત્રણબોર્ડ ચીંધી બતાવ્યું. એ બોર્ડ ઉપર જાતજાતનાં બટનો અને સ્વીચો હતાં.

યાનમાંથી એક યાંત્રિક હાથ બહાર આવવા લાગ્યો હતો. હાથ લંબાતો જતો હતો. ઘણું કરીને, જમીન ઉપરની માટી ખોદી કાઢવાની એની યોજના હશે તેમ લાગતું હતું.

કંટ્રોલ-રૂમમાંના બધા લોકો ટી.વી.ના પર્દા પર એ યાનને તાકી રહ્યા હતા. બધા નહિ—એક સિવાયના બધા.

છોટુના ડોળા નિયંત્રણબોર્ડની પેનલ પર હતા. એમાંનું એક બટન દાબવાની એને અદમ્ય ઇચ્છા થઈ આવી—લાલ બટન એને ક્યારનું લલચાવ્યા કરતું હતું.

જોખમની ઘંટડી વાગી ઊઠી—બધાની જ આંખો પેનલ તરફ વળી—એક લપડાક મારતાંકને પપ્પાએ છોટુને બાજુએ કર્યો અને એણે દાબેલી સ્વીચ યથાસ્થાને લાવી દીધી.

પરંતુ યાનના યાંત્રિક હાથનું હલનચલન થંભી ગયું હતું એમાં કાંઈક બગાડ થયો હતો.

નૅશનલ એરોનોટિક્સ ઍન્ડ સ્પેસ ઍડમિનિસ્ટ્રેશન' ('નાસા') તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલા નિવેદન તરફ સહુનું ધ્યાન ખેંચાયું.

'મંગળ ઉપર હમણાં જ ઊતરેલું અવકાશયાન, વાઇકિંગ-૧, અગાઉથી ઠરાવ્યા મુજબની કામગીરી બજાવતું જાય છે. પરંતુ કોઈ અજાણ્યાં કારણોસર તેના યાંત્રિક હાથમાં બગાડ પેદા થયો છે. નાસાના તંત્રજ્ઞો પૃથ્વી પરથી જ તે બગાડનો અભ્યાસ કરે છે અને સમારકામ માટેના પ્રયત્નોમાં પડ્યા છે.'

તે પછી ટૂંક સમયમાં જ બધાં મોટાં છાપાંઓમાં સમાચાર ઝળક્યા.

'નાસાના તંત્રજ્ઞોએ રીમોટ કંટ્રોલ વડે. વાઇકિંગ-૧માં પેદા થએલો બગાડ સુધારી લીધો છે. હવે એ યાંત્રિક હાથ પૂર્વવત્ કામે લાગી ગયો છે અને મંગળના પડ ઉપરથી માટીના નમૂના એકઠા કરવા લાગ્યો છે...'

આ માટીના નમૂનાઓ ભણી શાસ્ત્રજ્ઞો ઉત્સુકતાથી મીટ માંડીને બેઠા હતા. મંગળના ગ્રહ ઉપર જીવસૃષ્ટિ હશે કે નહિ એ પ્રશ્નનો જવાબ મળવાની શક્યતા એ નમૂનાઓના અભ્યાસ દ્વારા પરખાશે એવી એમને આશા હતી.

સૂર્યમાળામાં આવેલા બધા ગ્રહો અલગઅલગ પ્રકારના છે. પરંતુ તેમાંના પૃથ્વી અને મંગળ એ સમાન પરિસ્થિતિ ધરાવતા ગ્રહો કહી શકાય. પૃથ્વી જેવી જીવસૃષ્ટિ સૂર્યમાળામાં બીજે અગર ક્યાંય પણ હોય તો તે મંગળ પર હોવાની શક્યતા વધારેમાં વધારે ગણાય.

પણ વાઇકિંગ પ્રયાસ પછી આ બાબતનો જવાબ નકારાત્મક ઠર્યો. મંગળ ઉપર જીવસૃષ્ટિ હોવાનો રજ માત્ર પુરાવો પૃથ્વી પરના શાસ્ત્રજ્ઞોને સાંપડ્યો નહિ. □

આ પૃથ્વી પર પાંગરેલી વનસ્પતિ ને જીવસૃષ્ટિના વિકાસના અતિ ઊંડા ભૂતકાળમાં ડોકિયું કરાવતા

અશ્મિલ અવશેષો

ડૉ. સુશ્રુત પટેલ

આજથી થોડાં વર્ષો પહેલાં રાજસ્થાનના રણપ્રદેશમાં સાઉદી અરેબિયાના એક શાહજાદાએ ઘોરાલ (The Great Indian Bustard)નો શિકાર કર્યાના સમાચારે ઠીકઠીક ઉહાપોહ જગાવ્યો હતો. 'લાલ કિતાબ'માં ઉમેરાએલું આ પક્ષી આમેય વિનાશની અવસ્થાએ પહોંચ્યું છે ત્યારે આ તો 'ભૂખ્યા પૂં કે એકાદશી' જેવું થયું! એ પછી, જુલાઈ ૧૯૮૧માં ગુજરાતના જામનગર જિલ્લાના ઓખામંડળમાં આ પક્ષીઓ પ્રથમ વાર દૃષ્ટિગોચર થયાં ત્યારે પણ એનું નામ છાપામાં ચમકેલું. એની સાબિતી આપતા ફોટો પ્રસિદ્ધ છબિકાર સુલેમાન પટેલે પાડેલા. ભારતમાં તો જેસલમેર પાસે ઊંડાણમાં, કચ્છના રણમાં, મહારાષ્ટ્ર ના ક્વચિત્ મધ્ય પ્રદેશમાં આ ઘોરાલ અલ્પ સંખ્યામાં જોવા મળે છે. આ અત્યંત વિરલ, લગભગ નાસ્તિ સ્થિતિએ પહોંચેલાં ઘોરાલ (રાજસ્થાની ભાષામાં–ગોદાન) નસીબ પાધરાં હોય તો જેસલમેરમાં દૃષ્ટિગોચર થાય. અલબત્ત, ભારતેતર દેશોમાં એ જોવા મળે ખરાં.

જેસલમેરમાં ઘોરાલ ઉપરાંત, એના કુળના હુબારા (Houbara Bustard) જેવાં દુર્લભ પક્ષીઓ પણ જોવા મળે છે. એની વસ્તી યે ઘોરાલ કરતાં તો વધારે છે. પહેલી નજરે તો એ ઘોરાલની નાની આવૃત્તિ ભાસે. રાજસ્થાની ભાષામાં એને 'તિલોર' (Tilor) કહે છે. આ હુબારા અહીંનું રહેવાસી તો શિયાળા પૂરતું, બાકી મૂળ ભોમકા બલુચિસ્તાન. આમ એ યાયાવર પંખી છે. છેક સૌરાષ્ટ્ર તેમજ કચ્છમાં પણ દેખા દે છે. જેસલમેરના રેતાળ પ્રદેશમાંથી પસાર થતાં રસ્તાની બંને બાજુએ જાણે બરફ છાંટયો હોય તેવી ત્યાં ઊગી નીકળતી ઝાંખરા જેવી શ્વેત વનસ્પતિ-(fog-shrub)માં એ ભીરુ થઇને સંતાતાં જોવા મળે છે.

પણ આ જેસલમેર જેનાથી વધુમાં વધુ પ્રખ્યાત થયું એ તો છે ત્યાંની પથ્થરની કોતરણી, અને એ પથ્થર છે ચૂનાનો (Limestone) તેમજ મંદિરોમાં વપરાતો પીળો આરસ (Yellow marble). ચૂનાનો આ પથ્થર જળકૃત ખડક (Sedimentary Rock)નો જ એક પ્રકાર છે. આ પથ્થર કેટલાંક દરિયાઈ કવચધારી પ્રાણીઓમાંના કૅલ્શિયમ કાર્બોનેટમાંથી બને છે. એક કાળે પૃથ્વી ઉપર વસતી સમગ્ર જીવંત સૃષ્ટિમાંથી કાળાંતરે ૯૯ ટકા આજે નામશેષ થઈ ગઈ છે! પણ પૃથ્વીના ખડકોના બંધારણ સમયે એમાંની મોટા ભાગની સૃષ્ટિ ખડકોમાં 'ફૉસિલ્સ' (Fossils જીવાશ્મ) રૂપે કોતરાઈ ગઈ યા છપાઈ ગઈ. આવાં નામઃશેષ થએલાં પ્રાણીઓ, વૃક્ષો વગેરેના અવશેષો આમ તો ઘણે સ્થળે મળે છે, પણ જળકૃત ખડકોમાં એ બહુ મોટી સંખ્યામાં હોય છે. જેસલમેરના જૈન દેરાસરમાં વપરાએલા આરસના પથ્થરોમાં ક્યાંક આવા 'ફૉસિલ્સ'ની છાપ જોઈ શકાય છે.



પૃથ્વીનો પોપડો જે પદાર્થોનો બનેલો છે તે બધા પદાર્થોને ખડક (Rock) કહેવામાં આવે છે. ખડક સંબંધે આપણી પ્રચલિત માન્યતા એવી છે કે એ સખત હોવો જોઇએ. પણ ઉપર દેખાતી માટી, રેતી વગેરેને પણ ભૂસ્તરશાસ્ત્રની ભાષામાં ખડકના નામથી જ ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર મુખ્યત્વે ત્રણ પ્રકારના ખડક જોવા મળે છે: જળકૃત, અગ્નિકૃત (Igneous) અને આ બંનેના મિશ્રણયુક્ત વિકૃત ખડક (Metamorphic Rock).

અગ્નિકૃત ખડક એ પૃથ્વીનો પ્રાથમિક ખડક છે. લાવારસ ઠરીને આ ખડક બને છે. જો લાવારસ પૃથ્વીની સપાટી ઉપર ઠર્યો હોય તો બિસાલ્ટ (basalt) કહેવાય છે, પણ જો સપાટીના બદલે પૃથ્વીની અંદર, એની ફાટોમાં ભરાઇને ઠર્યો હોય તો એ ગ્રેનાઇટ (granite) કહેવાય છે. આવા ખડકોના થરો નથી હોતા, પણ આખાં ગચિયાં ઠરેલાં જોવા મળે છે. ગિરનાર તેમજ આબુના પહાડ આવા ખડકના બનેલા છે.

સખત દબાણ અને પુષ્કળ ગરમીની ક્રિયાથી બનતા ખડકને વિકૃત ખડક કહેવાય છે. મૂળ સ્વરૂપે તેમને ઓળખવા મુશ્કેલ હોવાથી તેમનું આવું નામ પડ્યું છે. આવા ખડકોમાં ફૉસિલ્સ જવલ્લે જ મળે છે, કારણ કે એમાં દટાએલા વનસ્પતિજ કે પ્રાણીજ પદાર્થો ગરમી અને દબાણની સામે ટક્કર ઝીલી શક્તા નથી ને પ્રારંભમાં જ નાશ પામે છે.

જળકૃત ખડકની વાત જુદી છે. આ ખડકો મુખ્યત્વે સમુદ્રને કે મોટા સરોવરને તળિયે બન્યા છે. નદી જે કંઈ ખેંચી લાવે તેમાંથી પ્રથમ પથરા-કાંકરા જેવા ભારે પદાર્થો કિનારાની નજીક, સમુદ્રને તળિયે ઠરે છે. રેતી જેવી પ્રમાણમાં હલકી વસ્તુઓ દૂર જઇને ઠરે છે. અથવા એ જ જગ્યાએ ઠરે તો પણ, નીચે બેસતાં એને વાર લાગે છે. આ ઉપરાંત,



◁ડાબી બાજુ જેસલમેર નજીકના 'ફૅસિલ્સ પાર્ક'માંના કાષ્ઠાશ્મ જેવા જ એરિઝોનામાં મળેલા કાષ્ઠાશ્મ અવશેષો.

◁અંબરમાં જળવાઈ રહેલું પ્રાચીન કાળનું જીવડું.

પૃથ્વી પરની જીવસૃષ્ટિનો વિકાસ

પૃથ્વીની ઉત્પત્તિ ક્યારે થઈ અને તેના પર ક્યારે જીવન પાંગર્યું તે અંગે ભિન્નભિન્ન મત છે. પરંતુ એમ મનાય છે કે ૪,૬૦,-૦૦,૦૦,૦૦૦–ચાર અબજ અને સાઠ કરોડ વર્ષ પહેલાં તેના પર જમીનના પોપડા બંધાયા પછી અને લગભગ ૫૭ કરોડ વર્ષ પહેલાંના ગાળા દરમિયાન ક્યારેક જીવનનાં આદિ સ્વરૂપો પ્રકટ્યાં હશે. પરંતુ ઇતિહાસનાં એ અતિ પ્રાચીન છૂટાંછવાયાં પ્રકરણોને આપણે કેવળ વર્તમાનકાળમાં પ્રાપ્ય પુરાવાઓના આધારે જ સાંકળી શકીએ. આ પુરાવાઓ તે જે તે કાળના મળી આવતા અશ્મિલ અવશેષો એટલે કે 'ફૉસિલ્સ'. આવા ફૉસિલ્સના આધારે લાગે છે કે ત્રણથી બે અબજ વર્ષ પહેલાં વનસ્પતિ ને જીવસૃષ્ટિનાં આદિ સ્વરૂપો પ્રકટ થયાં હશે, પણ ૫૭થી ૫૦ કરોડ વર્ષ પહેલાંના ઘણા ફૉસિલ્સ મળ્યા છે જેના આધારે એ કાળની જીવસૃષ્ટિ વગેરેની કલ્પના થઈ શકે છે. આ ૫૭ કરોડ વર્ષથી આરંભી આજ સુધીના કાળને વિજ્ઞાનીઓએ પૅલીઓઝોઈક (૫૭ થી ૨૩ કરોડ વર્ષ પહેલાંનો કાળ), મેસોઝોઈક (૨૩ કરોડથી ૬૫ લાખ વર્ષો પહેલાંનો કાળ) અને તે પછીથી આજ સુધીનો સેનોઝોઈક, એમ ત્રણ મહાકાળમાં વહેંચી નાખ્યો છે. આ ત્રણ મહાકાળના યે વિભાગો ને તેના યે પેટા વિભાગો છે જેને આપણે અહીં સ્પર્શતા નથી. આ ત્રણ મહાકાળની યે પહેલાંનો કાળ પ્રી–કૅમ્બ્રિયન કાળ તરીકે ઓળખાય છે.

પૃથ્વી ઠરીને તેના પર મહાસાગરો અને ભૂપૃષ્ઠનો પોપડો રચાયા પછી કાળાંતરે તેના પર જે કંઈ જીવસૃષ્ટિ કે વનસ્પતિ પ્રકટી તે બધી પાણીમાં જ હતી અને જે કંઈ જમીન હતી તે કેવળ ખડકાળ જ હતી. મેરુદંડ વિનાના જીવોનો એ કાળ ગણાય છે. કારણ એ સમયે જે જીવો હતા તેમના દેહમાં કરોડ નહોતી. એમાં મોટામાં મોટા દેહ હતા 'ટ્રિલોબાઇટ્સ'નો. આજના કરચલા ને લૉબ્સ્ટરના એ પ્રાચીન પૂર્વજો મનાય છે. અલબત્ત, એમની સાથે વાદળી, જેલીફિશ વગેરે જેવા મૃદુ દેહધારી અન્ય જીવો પણ હતા, અને એ ઉપરાંત સંખ્યાતીત એકકોષી જીવો પણ ત્યારે હશે જ. આ બધા જીવો પાણીમાં પ્રકટ્યા અને તેમાં જ વસતા હતા. દરિયાની કંઠારે ત્યારે દરિયાઈ છોડ—સી-વીડ્સ જેવી વનસ્પતિ પણ ઊગવા લાગી હતી.

લાખો વર્ષો બાદ અન્ય જીવો પણ દરિયામાં પ્રકટ્યા. પરવાળાં, સ્ટાર ફિશ અને છીપ વગેરે જેવા જીવો સાથે દરિયાઈ વીંછીઓ પેદા થયા, જે સમુદ્રોમાં સૌથી વધુ ભયાનક હતા. સ્કિવડ્સ જેવા જીવો પણ તે અરસામાં વિકસ્યા. એક છેડે અણિયાળી ભૂંગળી જેવો કઠણ દેહ અને બીજે છેડે ઑક્ટોપસની જેમ પાતળી પોચી સૂંઢો જેવાં અંગ અને માથાનો ભાગ એવો એમનો દેહાકાર હતો.

મેરુદંડ વિનાના જીવોનો આ યુગ લગભગ વીસેક કરોડ વર્ષનો મનાય છે. એના અંત સુધી મોટા ભાગની જીવસૃષ્ટિ સમુદ્રોમાં જ વસતી હતી, છતાં તેની આખરના અરસામાં નાનાનાના છોડ અને કેટલાક જીવો ભૂમિ ઉપર પણ દેખાવા લાગ્યા હતા. આમાં વીંછી અને કરોળિયા જેવા જીવો પ્રથમ હતા.

આ પછી જમીન ઉપર ધીરેધીરે જીવન પાંગરવા લાગ્યું. દરિયામાં મેરુદંડવાળી માછલીઓ પ્રકટી અને એમાં એટલો બધો વિકાસ થયો કે એ સમગ્ર કાળને મત્સ્યોનો કાળ પણ કહેવાય છે. પછી તો મેરુદંડ એટલે કે કરોડવાળાં બીજાં પ્રાણીઓ પણ પ્રકટ્યાં જે જમીન ઉપર પણ હરીફરી શકતાં 'એમ્ફીબીઅન્સ' પ્રાણી તરીકે તેઓ ઓળખાય છે. જમીન ઉપર અને જળમાં રહી શકતા એ જીવો આજના દેડકાંના આદિ સંબંધીઓ મનાય છે. 'ચાલતી માછલી' નામે યે તેમને ઓળખાવાય છે. આ ઉપરાંત, વીંછી–કરોળિયાની સાથે બીજાં યે અનેક જીવડાં પ્રકટ થયાં. જમીન પર ઊગવા માંડેલી વનસ્પતિમાં યે કદનો વધારો તથા વૈવિધ્ય વિકસ્યાં.

પછીનાં લગભગ ૫૯૦ લાખ વર્ષો દરમિયાન તો ભૂમિ ઉપર જંગલો ફેલાઈ ગયાં. એ જંગલો આજના જેવાં નહિ, પણ વિવિધ મહાકાય વૃક્ષોવાળાં હતાં. આ કાળને 'કોલસાનો કાળ' પણ કહે છે. કારણ, એ સમયનાં વૃક્ષો દટાતાં જઈ કાળાંતરે એમણે ભૂગર્ભમાં જે સ્વરૂપ ધારણ કર્યું તેને આજે આપણે કોલસાના સ્તર રૂપે ખોદી કાઢીએ છીએ.

માછલાં વગેરેનાં હાડકાં, મૃત્યુ પામેલાં જીવ-જંતુઓ, વનસ્પતિનાં પાન વગેરે જેવી વસ્તુઓ પણ ઠરે છે. આમ સમુદ્રને તળિયે જુદાજુદા થરો બંધાય છે. ઉપર રહેલા પાણીનું દબાણ કાળાંતરે એમને સખત બનાવી દે છે. આ ખડકને બાંધવામાં પાણીનો હિસ્સો મહત્ત્વનો હોઈ, એને જળકૃત ખડક કહેવાય છે. આ ખડકો એક ઉપર એક દબાયો પથરાઇને બનેલા હોવાથી એમને પ્રસ્તર (Stratified) ખડક પણ કહે છે. ધરતીકંપ જેવી મોટી ઊથલપાથલ થતાં તળિયાનો આ ખડક ઊંચકાઇને ઉપર આવે છે. પૃથ્વીની સપાટી પરના ખડકોનો લગભગ ૭૫ ટકા ભાગ આ જાતના ખડકોનો બનેલો છે. એમાં રહેલા ક્ષારના, રેતીના, માટીના કે ચૂનાના પ્રમાણ મુજબ એના વિવિધ પ્રકારો પાડવામાં આવ્યા છે. આ પ્રકારના ખડકમાં વિપુલ પ્રમાણમાં 'ફૉસિલ્સ' મળી આવે છે.

જેસલમેરથી ૧૫ કિલોમીટરના અંતરે, બારમેરના રસ્તે 'ફૉસિલ્સ પાર્ક' છે તે ખાસ જોવા જેવો છે. એકવીસ હેક્ટરમાં પથરાએલો આ પાર્ક 'Wood Fossils of Akal' તરીકે ઓળખાય છે. અહીં ૧૮ કરોડ વર્ષો પહેલાંનાં તોતિંગ વૃક્ષોના, પથ્થર થઈ ગએલા આશરે ૨૫ કટકાઓ મળ્યા છે, જે પૈકી દસ તો ઘણી સારી હાલતમાં જોઈ શકાય છે. હજુ બીજા મળવા સંભવ છે. આ ઉપરાંત, અશ્મીભૂત થએલાં ફળો પણ અહીંથી મળ્યાં છે. આ વૃક્ષો અપુષ્પી અનાવૃત્તબીજ (Gymnospermae) પ્રકારનાં હોવાનું મનાય છે. આવાં વૃક્ષો આજથી ૧૮ કરોડ વર્ષો પૂર્વે, એટલે કે જુરાસિક કાળ (Jurrassic period)માં પુષ્કળ પ્રમાણમાં થતાં હતાં. અશ્મીભૂત થએલાં આ વૃક્ષો બતાવે છે કે એક કાળે અહીં દરિયો અને સઘન જંગલો હોવાં જોઇએ.

કુદરતની અજાયબી જેવા આવા કાષ્ઠાશ્મ (Petrified wood) જેસલમેર ઉપરાંત, મધ્ય પ્રદેશના પશ્ચિમ ભાગમાં ધારમાં તેમજ દક્ષિણ ભારતમાં મદ્રાસ પાસે તિરૂવક્કરાઈ તેમજ સત્તનુરમાં પણ મળ્યા છે. અમેરિકામાં એરિઝોનામાં આવો એક પાર્ક જગમશહૂર છે.

આ વાંચીને કોઇને સ્વાભાવિક પ્રશ્ન થશે કે વૃક્ષો પથ્થરમાં કેવી રીતે ફેરવાતાં હશે ? જ્યારે કોઈ જીવંત પદાર્થનું મૃત્યુ થાય છે ત્યારે એના શરીરનું કેટલીક રાસાયણિક પ્રક્રિયાઓ દ્વારા વિઘટન થતાં વાયુ પેદા થાય છે, જેને આપણે સડવું કે કોહવું કહીએ છીએ. ભૂસ્તરશાસ્ત્રીય ઊથલપાથલ દરમિયાન વૃક્ષો જળકૃત ખડકોમાં દટાઈ જાય છે, ત્યારે એમાં સડાની પ્રક્રિયા ચાલુ થાય છે. ડાંખળીઓ, પાંદડાં, ફૂલ વગેરે જેવાં તેનાં પોચાં અંગો ઝડપથી કોહવાતાં જાય છે, પણ થડ, મૂળિયાં, ફળ, બીયાં જેવા સખત ભાગો સડતાં વાર લાગે છે. સડવાની આ પ્રક્રિયા અસ્તિત્વમાં આવે છે. ત્યારે આસપાસનું યા જમીનમાંનું ભૂગર્ભ યા અંતઃસ્રાવી જળ (Percolating water) લાકડામાંનાં સૂક્ષ્મ છિદ્રોમાં ભરાઈ

બીજી બાજુ કાદવવાળા ભૂમિ-વિસ્તારોમાં ઉભયચર પ્રાણીઓનું પ્રમાણ વધ્યું. 'ડ્રૅગન ફ્લાય' (વાણિયા) અને વાંદા જેવાં જીવડાં ત્યારે આજના કરતાં ઘણા મોટા કદનાં હતાં. આ ઉપરાંત મેરુદંડવાળાં પ્રાણીઓનું એક નવું રૂપ પણ વિકસ્યું, જે સરીસૃપ પ્રાણીઓ રેપ્ટાઈલ્સ તરીકે ઓળખાય છે. આરંભમાં તો આ પ્રાણીઓ ઉભયચર ઍમ્ફિબીઅન્સ પ્રાણીઓને મળતાં હતાં, પરંતુ સોળેક કરોડ વર્ષોના ગાળામાં એનું એટલું બધું વૈવિધ્ય અને પ્રમાણ વધ્યું કે એ કાળ સરીસૃપોનો કાળ કહેવાય છે. 'ડાઇનોસોર્સ' નામે ઓળખાતાં કદ અને દેહાકૃતિમાં અનેક તફાવતોવાળાં આ પ્રાણીઓની સંખ્યાબંધ જાતો વિકાસ પામેલી. એમાંનાં કેટલાંક તદ્દન નાનાં તો કેટલાંક મહાકાય હતાં. વળી, માંસાહારી અને વનસ્પત્યાહારી એવા ભેદો પણ તેમાં હતા અને બે પગે ચાલનારાં ને ચાર પગે ચાલનારાં ડાઇનોસોર્સ પણ હતાં. આગળ જતાં સરીસૃપોમાં ઊડી શકે એવાં પ્રાણીઓ પણ વિકસ્યાં જે 'ટેરોસોર્સ' કહેવાય છે. કેટલીક જાતો જળમાં પણ વસતી જેમાંથી કાળાંતરે આજના જળકાચબાનો વિકાસ થયો. આજના મગરો પણ એ કાળમાંથી ઊતરી આવેલા છે. પણ આવાં જળચરોની સંખ્યા અન્ય અનેકવિધ મત્સ્યોની સંખ્યાની સરખામણીમાં ઓછી હતી.

આમ, સરીસૃપોના કાળમાં પક્ષીઓના આદિ સ્વરૂપે પણ દેખા-દીધી અને પ્રથમ સસ્તન પ્રાણીઓએ પણ. સપુષ્પ વનસ્પતિ પણ આ કાળમાં પ્રકટી હતી.

સાત કરોડ વર્ષો પૂર્વે એ યુગ પૂરો થઈ સસ્તન પ્રાણીઓનો કાળ આરંભાયો. ભીમકાય ડાઇનોસોર્સ અને ઊડતી ગરોળીઓ વગેરે નામઃશેષ બની ગયાં. છતાં કેટલીક જાતો જીવી યે ગઈ. તેમાંથી આજના જળકાચબા અને મગરોનો વિકાસ થયો. એ કાળના ઉત્તરાર્ધમાં આજની ગરોળી જેવાં પ્રાણીઓ અને સાપ વગેરે જીવોનું આદિ સ્વરૂપ પણ પ્રકટ્યું હતું.

આરંભમાં તો બધાં સસ્તન પ્રાણીઓ ભૂચર હતાં, પણ કાળાંતરે કેટલાકે જળમાં પણ વાસ કર્યો. આજનાં વ્હેલ, સીલ, જળબિલાડી, ઑટર વગેરે એમનાં વંશજો છે.

આદિ કાળનાં સસ્તન ભૂચરોનાં કદ મોટાં ન હતાં, પણ એમાં યે કેટલાંક ભીમકાય પ્રાણીઓ વિકસ્યાં હતાં. 'બાલુચીથેરિયમ' નામે ઓળખાતી ગેંડા જેવા એક પ્રાણીની ઊંચાઈ તો તેના ખભા પાસે લગભગ ૭ મીટર જેટલી હતી, જે એ સમયના સસ્તન પ્રાણીઓમાં કદાચ સૌથી વધુ હતી. આમાંની ઘણી જાતો તો હવે નામઃશેષ થઈ ગઈ છે, છતાં કેટલીક જીવી પણ ગઈ, એટલું જ નહિ, લાખો વર્ષોના ગાળામાં એમનું તદ્દન નવું જ રૂપ વિકસ્યું. જેમ કે આજના ઘોડાનું કદ આજના સામાન્ય કૂતરાં જેવડું જ હતું અને તેના પગમાં ખરીના બદલે ચારચાર આંગળાં હતાં. એવી જ રીતે ત્યારના હાથીને આજના જેવી સૂંઢ નહોતી. પક્ષીઓમાં યે કેટલીક મહાકાય જાતો હતી. પરંતુ એમાંની મોટાભાગની આગળ જતા નાશ પામી ગઇ.

એ પછી પૃથ્વી પર હિમયુગ આવ્યો. દસથી વીસ લાખ વર્ષો પહેલાં પૃથ્વી પર એટલી ઠંડી પ્રસરી ગઈ કે જેમાં અનેક પ્રકારની જીવ-સૃષ્ટિ નાશ પામી. પરંતુ આ દરમિયાન પક્ષી અને પ્રાણીઓની અનેક જાતોએ બરફ અને ઠંડી સામે યે ટકી રહેવાની ક્ષમતા પણ પ્રાપ્ત કરી લીધી હતી. કારણ એમનું લોહી ગરમ હતું. આ હિમયુગ દરમિયાન જ કોઈ એક કાળે માનવોનું આદિ સ્વરૂપ પ્રકટ્યું હતું.

વર્તમાનકાળ પણ એ સસ્તન પ્રાણીઓના કાળમાં જ સમાવિષ્ટ છે. પણ આ કાળને પુષ્પોનો કાળ પણ કહી શકાય. કારણ આ ગાળામાં ભૂમિ ઉપર સપુષ્પ વનસ્પતિનું એટલું તો વૈવિધ્ય વિકસ્યું કે અપુષ્પ વનસ્પતિઓના પ્રમાણને એ વળોટી ગયું છે. હજી યે ઉત્ક્રાંતિનો આ ક્રમ જારી જ છે. આજની જીવસૃષ્ટિ દૂરના ભવિષ્યમાં યે ટકી રહેશે કે પછી કોઈ નવા જ પ્રકારના જીવો પ્રકટીને વર્તમાન પ્રાણીસૃષ્ટિને બાજુએ હડસેલી દેશે? અત્યારે તો આપણે એ અંગે વિશેષ કંઈ કહી ન શકીએ, છતાં હાલ તો લાગે છે કે જે સ્થિતિ છે તેમાં બહુ મોટા ફેરફારો કદાચ ન પણ થાય. એનું એક કારણ એ પણ કહી શકાય કે આજના માનવ પ્રાણીઓ કુદરતી પરિબળો સામે ટકી રહેવા માટે અનેકવિધ માર્ગો ખોળી કાઢવા જેટલી બુદ્ધિશક્તિ ધરાવે છે. આ શક્તિને લીધે જ આજે એ સમગ્ર જીવસૃષ્ટિમાં શ્રેષ્ઠ છે. બીજી બાજુ આ બૌદ્ધિક વિકાસે માનવીમાં એક એવી અદમ્ય અતૃપ્તિ પણ પ્રકટાવી છે જેનાથી પોતાને લાભકર એવી અનેકાનેક શોધો સાથે પોતાનો જ નાશ કરે એવી પ્રવૃત્તિમાં પણ એ જાણ્યે-અજાણ્યે રત થયો છે. પોતાનું ઊજળું કે ધુંધળું ભવિષ્ય એ જાતે જ ઘડી રહ્યો છે.

—સં.

જાય છે. આ પાણીમાંના ક્ષારો તેમજ રેતી જેવા પદાર્થો (સિલિકા) એ છિદ્રોમાં ગોઠવાઈ જાય છે. લાંબા ગાળાના દબાણને કારણે લાકડામાંના પ્રત્યેક કોષને સ્થાને આવા ક્ષારો અને ખનિજો જ રહે છે. વળી વિવિધ ખનિજોને કારણે મૂળ રંગો પણ સચવાઈ રહે છે. આમ મૂળે લાકડું, પણ એના બધા જ રૂપરંગ સચવાઇને એ ખડકમાં ફેરવાઈ જાય છે. બીજી રીતે કહીએ તો, કાષ્ઠનું પૂર્ણ-ખનિજીકરણ (Permineralization) થઈ જાય છે. આવા ફૉસિલ્સયુક્ત પથ્થરને કાષ્ઠાશ્મ યા કાષ્ઠનું અશ્મીભવન (Petrification of wood) કહે છે. મતલબ કે આવા ફૉસિલ્સ દેખાવે આબેહૂબ ઝાડના થડ યા ફળ જેવાં લાગે, પણ સ્વરૂપ પથ્થરનું હોય.


આપણે જાણીએ છીએ કે પ્રાણીઓનાં હાડકાંમાં છિદ્રો હોય છે. જ્યારે પ્રાણી દટાઈ જાય છે, ત્યારે એમાં પણ આ જ પ્રક્રિયા દ્વારા એટલે કે એમનાં અસ્થિપિંજરો દાંત વગેરેનું પૂર્ણ ખનિજીકરણ થઈ તે પથ્થરમાં રૂપાંતરિત થઈ જાય છે. આવા ફૉસિલ્સ અશ્મીભૂત અસ્થિ (Petrified bones) કહેવાય છે. નવેમ્બર ૧૧, ૧૯૮૨ના એક સમાચાર મુજબ ગુજરાતના ખેડા જિલ્લામાંથી જીઓલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયાના શ્રી જી. એન. મોહબે અને ડી. એમ. દ્વિવેદીએ ડાયનોસોરનાં આવાં અસ્થિ શોધી કાઢ્યાં છે. ગુજરાતમાંથી ડાયનોસોરના અશ્મીભૂત અસ્થિ મળવાનો આ સૌપ્રથમ કિસ્સો છે.


આમ, ફૉસિલ્સના અભ્યાસને આધારે આપણે જીવનનો તેમજ પૃથ્વીનો ઇતિહાસ જાણી શકીએ છીએ. આ ફૉસિલ્સ તે તે સમયની જીવંત-સૃષ્ટિ (વનસ્પતિ તેમજ પ્રાણી) અંગે આધારભૂત માહિતી આપવા સાથે તે કાળની આબોહવાનો પણ અંદાજ આપે છે. ક્યા પર્વતો ક્યારે બન્યા તે તેમાંથી મળી આવતા ફૉસિલ્સ પરથી જાણી શકાય છે. આમ, ફૉસિલ્સ એ ઉત્ક્રાંતિ સમજાવતી, ભૂતકાળની દુનિયામાં ડોકિયું કરાવતી બારી છે.


ફૉસિલ્સના અભ્યાસને આવરી લેતા વિજ્ઞાનને જીવાશ્મ-વિજ્ઞાન (Palaeontology) કહે છે. બીજા દેશોમાં તો ફૉસિલ્સ એકઠા કરવાનો ઘણાંને શૉખ હોય છે. 'પેલિઓન્ટોલૉજી' શબ્દ ગ્રીક ભાષામાંથી આવ્યો છે, જેનો અર્થ થાય : 'પ્રાચીન જીવંત વસ્તુઓનું વિજ્ઞાન'–'palaios' એટલે પ્રાચીન (ancient), અને 'onta' એટલે વિદ્યમાન વસ્તુઓ (existing things). આ વિજ્ઞાન ભૂસ્તરશાસ્ત્રનો એક અગત્યનો ભાગ ગણાય છે. આ ઉપરાંત, આ શાસ્ત્ર ખડકોમાંથી મહત્ત્વનાં ખનિજો શોધવામાં તેમજ જમીનની અંદરના તેલના ભંડારો શોધવામાં બહુ ઉપયોગી પુરવાર થયું છે. છિદ્રધર (foraminifers) તરીકે ઓળખાતા

જીવતા અવશેષો – લિવિંગ ફૉસિલ્સ : યુગો પછી યે ઉત્ક્રાંતિક્રમમાં

જે પ્રાણી તથા વૃક્ષ-છોડમાં ખાસ કંઈ ફેરફાર થયા ન હોય તેને 'લિવિંગ ફૉસિલ્સ'–જીવતા અવશેષો કહે છે. અહીં એમાંના થોડા દર્શાવ્યા છે. સખ્ત કવચની અંદર મૃદુ અંગોવાળા જીવો મોલસ્ક-mollusc કહેવાય છે. એની સંખ્યાબંધ જાતોમાંની એક નીઓપીલિયા–neopilia લાખો વર્ષ પૂર્વે નાશ પામી ગઈ હોવાનું મનાતું હતું, પણ પચાસેક વર્ષ પર બેએક માઈલ ઊંડી દરિયાઈ ખાઈમાંથી અઢી સેન્ટિમિટર જેટલા કદના આ મોલસ્ક મળી આવતાં હજી યે તેઓ હસ્તી ધરાવતાં હોવાની જાણ થઈ. આ જ રીતે ઈ ૧૯૩૮માં દક્ષિણ આફ્રિકાની પૂર્વ કંઠાર પાસેના ઊંડા સાગરમાંથી મળી આવેલાં સીલેકૅન્થ નામનાં મત્સ્ય પણ સદીઓ પૂર્વે નાશ પામી ચૂક્યાનું મનાતું હતું. વચ્ચે ફાટવાળાં પંખાઘાટનાં પાન અને પીળાં ફૂલવાળાં ગિંકગો–ginkgo નામે ઓળખાતાં વૃક્ષોની એક જાત ચીન-જાપાનમાં ઊગે છે. અન્યત્ર પણ એ ઉગાડાય છે. વીસ કરોડ વર્ષ પહેલાં યે આ જાતનાં વૃક્ષો પૃથ્વી પર ઊગતાં હતાં. તેના ત્યારના ને આજના સ્વરૂપમાં પણ બહુ તફાવત પડ્યો નથી. ન્યૂ ઝીલૅન્ડમાં ટૂઆટારા નામનું લગભગ બે ફૂટ લાંબું ગરોળી જેવું એક પ્રાણી થાય છે. જો કે ગરોળી કરતાં ટૂઆટારા ઘણી રીતે ભિન્ન છે. પાણીકાંઠાની જમીનમાં એ દર કોરીને રહે છે. આ દર અંદરના છેડે પૂરતી મોકળાશવાળું હોય છે ને તેમાં 'પેટ્રલ' જેવાં નાનાં દરિયાઈ પંખીને પણ એ રહેવા તથા ઈંડાં મૂકવા દે છે, પણ પોતાના દરમાં એ બીજા ટૂઆટારાને પેસવા દેતું નથી. હલનચલનમાં એ ગરોળી જેટલું ચપળ નથી. દિવસે એ દરમાં પડી રહે અને રાતે બહાર આવીને કંઠાર પર થતાં જીવડાં મારી ખાય છે. વિજ્ઞાનીઓ કહે છે કે આ જાતનાં સરીસૃપ પ્રાણીઓમાં ટૂઆટારા સૌથી વધુ જૂના કાળથી ટકી રહેલું પ્રાણી છે. એક કાળે યુરોપમાં પણ એ મોટી સંખ્યામાં જોવા મળતાં. આ સદીના આરંભમાં ન્યૂ ઝીલૅન્ડની કંઠારે પણ મોટી સંખ્યામાં એ વસતાં, પણ ગોરાઓના આગમન પછી એમની સંખ્યા ઘટતી જઈ અત્યારે 'બે ઑવ પ્લેન્ટી'માં નાના બેટડાઓ પર અલ્પ સંખ્યામાં સરકારી રક્ષણ તળે ટકી રહ્યાં છે. ।। ગરમ લોહી, પીઠમાં કરોડનાં હાડકાં, ચાર ભાગમાં વહેંચાએલું હૃદય, શરીર પર ઓછીવત્તી રૂંવાટી ધરાવનારાં તથા શ્વાસમાં હવા લેનારાં ને બચ્ચાંને જન્મ આપી એમને પોતાનું દૂધ પાઇને ઉછેરનારાં પ્રાણીઓ મેમલ્સ–mammals–સસ્તન પ્રાણીઓ ગણાય છે. છ કરોડ વર્ષો પૂર્વે સરીસૃપ જેવાં પ્રાણીઓમાંથી એમનો વિકાસ થયો. ઉત્ક્રાંતિક્રમમાં તેઓ સૌથી છેલ્લાં અને મેરુદંડધારી કાયાવાળાં પ્રાણીઓમાં સૌથી વધુ વિકસિત પ્રાણીઓ ગણાય છે. એમની લગભગ ૧૯૦૦૦ જેટલી જાતોમાંથી દસેક હજાર તો નાશ પામી ચૂકી છે અને બાકીની છએક હજાર જાતોના ત્રણ ભાગ છે. એમાંના એક પ્રોટોથેરીઆ–prototheria એટલે કે અંડસુ-ઈંડાં મૂકનારી થોડીક જ જાતો છે જેમનામાં આદિ સરીસૃપ પ્રાણીઓ જેવી કેટલીક લાક્ષણિકતાઓ હજી જળવાઈ રહી છે. તેઓ પોચાં ઈંડાં મૂકે છે અને એમનાં શરીરનું ઉષ્ણતામાન વધતું-ઘટતું રહે છે. આમાંની એક જાત છે પ્લૅટિપસ. બતક જેવી ચપટી ચાંચ જેવા મોંને કારણે એ 'ડક-બિલ'ને નામે યે ઓળખાય છે. ઑસ્ટ્રેલિયા અને ટાસ્માનિયામાં જોવા મળતાં આ પ્લૅટિપસની માદા ઇંડાં મૂકે છે ને તેમાંથી જન્મેલાં બચ્ચાંને પોતાનું દૂધ પાઇને ઉછેરે છે. ઉત્તર અમેરિકામાં ઍટલાંટિક મહાસાગરની કાદવયુક્ત કંઠારવાળા પ્રદેશમાં 'કિંગ-ક્રૅબ' નામે ઓળખાતી કરચલાંની એક જાત થાય છે. વીસેક ઇંચ લાંબા આ કરચલા પાણીમાં ઊંધા પડી તરે છે અને તળિયે સીધા થઇને ચાલે છે. એની અણિયાળી લાંબી પૂંછડી એને પાણીમાં ઊથલવામાં મદદ કરે છે, પણ ભૂમિ ઉપર એને ઊથલવામાં તકલીફ પડે છે. અગ્નિ એશિયાની કંઠારે પર એની કેટલીક જાતો વસે છે. આ કરચલા પણ કરોડો વર્ષ પૂર્વેનું પોતાનું સ્વરૂપ હજી એ જાળવી રહ્યા છે. આમ, આ અને આવા અન્ય અનેક પ્રાણીઓ તથા વનસ્પતિ યુગો પૂર્વેના પોતાના અસલ સ્વરૂપનો ખયાલ આપતાં હોઈ જીવતા અવશેષો તરીકે ઓળખાય છે. —સં.



નીઓપીલિયા


સીલેકૅન્થ


ગિંકગો


ટૂઆટારા


પ્લૅટિપસ


કિંગ-ક્રૅબ

અતિસૂક્ષ્મ એક-કોષી જીવો પણ ફૉસિલ્સ રૂપે મળે છે. સૂક્ષ્મદર્શક યંત્રથી એમને જોઈ શકાય છે. જે સ્થળેથી આ એકકોષી જીવોના ફૉસિલ્સ મળે છે ત્યાંથી તેલના ભંડારો પણ મળી આવે છે. ખાણોમાં તેમજ અન્ય સ્થળે ખોદકામ કરતી વખતે અને ઘણા કિસ્સાઓમાં તો ખેતરમાં હળ ચલાવતાંચલાવતાં પણ અકસ્માત ફૉસિલ્સ મળી આવે છે. પણ મોટે ભાગે તો પવન, પાણી વગેરે જેવાં કુદરતી

બળો જ જમીનમાં દટાએલા ફૉસિલ્સને ખુલ્લાં પાડી દે છે. હકીકતે 'ફૉસિલ્સ'નો અર્થ જ 'ખોદીને કાઢેલું' એવો થાય છે. આ શબ્દ સૌપ્રથમ આપનાર જ્યૉર્જિઅસ અગ્રીકઅલહ (Georgius Agricola–૧૪૯૪–૧૫૫૫) નામનો જર્મન ભૂસ્તરશાસ્ત્રી હતો. એણે આ શબ્દ લૅટિનના 'ફૉસિલિસ' (fossilis) પરથી પ્રયોજેલો, જેનો અર્થ થાય 'ખોદીને કાઢેલું'. આમ, એ વખતે ખોદીને કાઢેલી કોઈ પણ વસ્તુ ફૉસિલ કહેવાતી. આ વસ્તુ ચાહે પછી કોઈ વિચિત્ર આકાર-પ્રકારની હોય, સ્ફટિક હોય અથવા તો પછી આદિકાળનું કોઈ ઓજાર-હથિયાર હોય, એ સઘળું ફૉસિલ કહેવાતું. પરંતુ, આજે આ શબ્દનો પ્રયોગ માત્ર પ્રાચીન કાળમાં જીવિત સૃષ્ટિના અવશેષ માટે જ પ્રયોજાય છે. આ અર્થમાં, પુરાતત્ત્વશાસ્ત્રીઓએ ખોદીને કાઢેલા કેટલાંક હજારો વર્ષ પુરાણાં વાસણોના ટુકડા કે ધાતુ યા લાકડાનાં ફર્નિચરને ફૉસિલ્સ ન કહી શકાય. આધુનિક વ્યાખ્યા અનુસાર છેલ્લા હિમયુગની સમાપ્તિ પૂર્વે (એટલે કે લગભગ ૧૦ હજાર વર્ષ અગાઉના ભૂતકાળમાં) પૃથ્વી પર જે જીવંતસૃષ્ટિ હતી તેના અવશેષોને જ માત્ર 'ફૉસિલ્સ' કહી શકાય. આ અર્થમાં પ્રાગૈતિહાસિક પ્રાણી યા છોડ-વનસ્પતિના કોઈ પણ પ્રકારના ચિહ્ન યા અવશેષ તે જીવાશ્મ (ફૉસિલ ગણાય).

આપણે આગળ જોયું તે ઉપરાંત પણ ઘણી બધી રીતે ફૉસિલ્સ બને છે. જો કે મૂળ સિદ્ધાંત એક જ રહે છે. જેમ કે દાંત, હાડકાં તેમજ કવચ જેવા શરીરના કઠણ ભાગ આવાં ફૉસિલ્સમાં ફેરવાય છે, જ્યારે મૃદુ ભાગો નાશ પામે છે, યા સડી જાય છે. પણ આમાં અપવાદ છે. દા. ત. ઘણી વાર વાર આખાં પ્રાણીઓ જ બરફમાં દટાઈ જતાં એમાં સડવાની ક્રિયા થતી નથી અને આખું શરીર વર્ષો સુધી સચવાઈ રહે છે. જેમ કે સાઇબેરિયામાંથી આવા ઠરી ગએલા સદીઓ પહેલાંના એક પ્રકારના વાળવાળા હાથીઓ (Woolly mammoths) મળ્યા છે. આવો બીજો અપવાદ અંબર (Amber)નો છે. પ્રાચીન શંકુ વૃક્ષો (Coniferous trees)માંથી ઝરતો ચીકણો ગુંદર જેવો પદાર્થ (રેઝિન) કાળે કરીને સખત થઈ જાય એ અંબર કહેવાય છે. પણ એ જ્યારે અર્ધ-પ્રવાહી સ્વરૂપે હોય ત્યારે એની આસપાસના કીડા, મંકોડા કે એવી જીવાતો એનાથી આકર્ષાઇને એમાં ચોંટીને ફસાઈ જાય છે. સમય જતાં તેની ચારે તરફ રેઝિન ફરી વળે છે, પારદર્શક એવા અંબરમાં એ બહુ સારી રીતે જોઈ શકાય છે. પોલૅન્ડમાં આવી રીતે ડામર અને મીઠા વગેરેના મિશ્રણમાં ફસાઈ ગએલો એક ગેંડો મળેલો. દસ હજાર વર્ષ પહેલાંનો એ એમાં એટલો તો અકબંધ રહેલો કે તેની હોજરીમાં રહેલા પદાર્થોનું પણ પરીક્ષણ થઇ શક્યું હતું.

કોઈ વાર ખડકમાં દટાઈ ગએલો કવચ જેવો કઠણ ભાગ, ખડકના પાણીથી ખવાઈ જાય છે, અને ખડકમાં કાયમી ખાડો પાડી દે છે, જે બીબા (mould)ની જેમ મૂળ પદાર્થની પ્રતિકૃતિ રચી રહે છે. આવા ખાડા ધરાવતા જીવાશ્મો પણ મળે છે. ઘણી વાર આવી રીતે ખડકમાં મૂળ પદાર્થનું બીબું ઊપસી આવે ત્યારે આસપાસના પાણીમાંના ક્ષાર તેમજ ખનિજો એને પૂરી દે છે, અને બીબાની ઊંધી આવૃત્તિ જેવો ઘાટ (cast) બનાવે છે. આવાં બીબાં જેવું પોલાણ ધરાવતા અનેક ફૉસિલ્સ સાંપડે છે. આ જ સિદ્ધાંત ઉપર, પ્રાચીન પ્રાણીઓના પગલાંની છાપ પણ મળી આવે છે. આવી છાપ મૂળ તો પોચી માટી કે કાદવમાં પડી હોય છે, અને કાળાંતરે એ માટી-કાદવ પથ્થર બની જતાં તેના પર અકબંધ જળવાઈ રહી હોય છે. રાક્ષસકાય ડાયનોસોરનાં પગલાંની આવી છાપ ગોબીના રણમાંથી મળી આવેલી છે. આવી જ રીતે, પોચી કળણ ભૂમિમાં ખૂંપી ગએલાં પ્રાણીઓનાં હાડકાંના અવશેષો મળતા રહ્યા છે.

જમીનમાં પડેલા ડામરના ખાડા (tar pits)માં વરસાદનું પાણી ભરાય છે. પાણી પીવા આવતાં નાનાં-મોટાં પ્રાણીઓ એમાં ખૂંપી જાય છે, અને તત્કાલ નીચે ઊતરી જાય છે, જેથી એનાં હાડકાં સચવાઈ રહે છે, જેમાંથી કાળે કરીને અવશેષ બની જાય છે. કૅલિફૉર્નિયામાં આ પ્રકારનાં ઘણાં ફૉસિલ્સ મળતાં રહ્યાં છે.

જેસલમેર પાસેના પાર્કમાં મેષશૃંગીઓ (ammonites)ની અનેક જાતો પણ મળી છે. દરિયાઈ જીવો દટાઇને બનતાં ફૉસિલ્સ આ નામે ઓળખાય છે. કચ્છમાં પણ આવા ફૉસિલ્સની ૬૦૦થી વધુ જાતો મળી છે.

ઘણી વાર ખોટા-ફૉસિલ્સ (Pseudofossils) પણ હાથ ચઢે છે. એમનાં રંગરૂપ અને ભાત ફૉસિલ્સ જેવાં જ હોય છે, પણ એમનું બંધારણ જુદું પડે છે. જાણકાર માનવી એમને જુદા તારવી શકે છે. તો ઘણી વાર ફૉસિલ્સની બનાવટ પણ થાય છે. ઇંગ્લૅન્ડમાં ૧૯૧૨માં મળેલો માનવ-ખોપરીનો નમૂનો પાછળથી, ૧૯૪૯માં બનાવટી હોવાનું માલૂમ પડેલું. આજે એ આખો કિસ્સો 'પિલ્ટ ડાઉન મન' (Piltdown man) તરીકે (કુ)ખ્યાત છે.

કેટલાંક પ્રાણીઓ તેમજ વનસ્પતિ જાણે કે ઉત્ક્રાંતિથી અલિપ્ત રહ્યાં છે. એટલે કે એમના ઉપર લાખો-કરોડો વર્ષોના સમયની થાપટોની પણ ખાસ અસર થઈ નથી અને એટલે એ બધી રીતે એમનાં પૂર્વરૂપો આજે યે જાળવી રહ્યાં છે. આવું એક વૃક્ષ ગિંકગો બાઈલોબા (Ginkgo biloba) છે. આ વૃક્ષ ૨૦ કરોડ વર્ષ પહેલાં હતું એવું ને એવું આજે પણ ઊગે છે. એવી જ રીતે સીલેકૅન્થ અને લંગફિશ પણ લગભગ એના અસલ રૂપમાં આજે યે મળે છે. (આ બંને અંગે આ લેખકનો લેખ જુઓ 'કુમાર' સળંગ અંક ૭૦૦, એપ્રિલ ૧૯૮૨). આવા આદિ કાળના, હરતાફરતા ફૉસિલ્સને જીવંત-અવશેષ (Living fossils) કહે છે. દરિયાઈ પ્રાણીઓ તો આવાં ઘણાં છે, જે પૈકી નૉટિલસ (Nautilus), બાર ઇંચ લાંબા કિંગ-ક્રૅબ (King-crab યા Horseshoe crab) વગેરે મુખ્ય ગણાવી શકાય તેવી જ રીતે કાચબા (tortoises) અને મગર (crocodiles) પણ પૃથ્વી ઉપર આજથી ૧૦ કરોડ વર્ષો પહેલાં હતાં તેવાં ને તેવાં જ રહ્યાં છે. એવું જ બીજું એક પ્રાણી તે ન્યૂ ઝીલૅન્ડનું ટૂઆટારા (Tuatara), જે ૨૫ કરોડ વર્ષ પહેલાંનું એટલે કે ડાયનોસોર કરતાં પણ પહેલાંનું છે. દક્ષિણ અમેરિકાનું કાંગારુના કુળનું ઓપોસમ (Opossum) તેમજ ઑસ્ટ્રેલિયાનું પ્લૅટિપસ (Platypus) પણ આવાં જ જીવંત-ફૉસિલ્સ છે. એમનો અભ્યાસ પણ ઘણો રસમય ને માહિતીપ્રદ બની રહે છે. □

---

*કલાના ક્ષેત્રમાં ભૂતકાળના કોઈ વિખ્યાત કલાકારની કૃતિ તરીકે અથવા કોઈ ઐતિહાસિક શૈલીની કૃતિ તરીકે જેમ બનાવટો ચાલે છે તેમ બીજાં ક્ષેત્રોમાં પણ બનતું રહે છે. પ્રાચીન ચીજોના સંગ્રાહકોને છેતરીને આ રીતે પૈસા કમાવાનો એક વ્યવસાય વર્ષોથી ચાલતો રહ્યો છે. ક્યારેક કીર્તિની લાલસાથી અને ક્યારેક તો કેવળ ટીખળ ખાતર પણ આવી બનાવટો થતી હોય છે. 'પિલ્ટડાઉન મૅન'નો કિસ્સો પણ કંઈક આવો હતો. આદિ માનવના અવશેષો જે સ્થળેથી મળી આવે તે સ્થળનામ સાથે તે અવશેષોની ઓળખ જોડવાનો એક સામાન્ય શિરસ્તો છે. 'પિલ્ટડાઉન મૅન' એ તે સ્થળેના પ્રાચીન માનવનું નામ બન્યું હતું. ઈ. ૧૯૧૨માં સસેક્સમાં પિલ્ટડાઉન મુકામે ખોદકામ કરતાં ચાર્લ્સ ડૉસન અને આર્થર વૂડવર્ડને એક માનવ ખોપરીના થોડા ટુકડા તથા જડબાના જમણી તરફના ભાગના અવશેષો મળી આવ્યા. બીજા જ વર્ષે એ સ્થળેથી પ્લીસ્ટોસીન કાળના, એટલે કે એક લાખથી એક કરોડ વર્ષ પૂર્વેના અરસાના કોઇ પ્રાચીન પ્રાણીના અમુક અસ્થિ તથા દાંત મળ્યા. વિજ્ઞાનીઓને લાગ્યું કે પેલા માનવ-અવશેષો પણ એટલાં પ્રાચીન હશે. સમય જતાં અવશેષોના કાળનિર્ણય માટે વધુ ચોક્કસ પદ્ધતિઓ વિકસી અને તેના આધારે ઈ. ૧૯૪૯માં વિજ્ઞાનીઓએ સાબિત કર્યું કે પેલી ખોપરી જો કે માણસની જ હતી, પણ તે ઈ. ૧૩૦૦થી ૧૪૦૦ વર્ષ પહેલાંની તો નહોતી જ, અને પેલું જડબું ઓરાંગ-ઉટાંગ વાનરનું હતું. તેને પ્રાચીન માનવ અવશેષો ઠેરવવાની બનાવટ જ કરી હતી —સં.

ચરિત્ર-નિબંધ

કાન્તિડો સાયકલવાળો

'સાહેબ, લોચા થયા.'

કાન્તિના જીવનનું આ બ્રહ્મવાક્ય છે. આમ બોલતો હોય ત્યારે યે તેના મુખ પર હાસ્ય તો રમતું જ હોય,—નિખાલસ નિર્દોષ હાસ્ય. અમારા મહોલ્લાની સામે જ એની સાયકલની દુકાન. બધા એને કાન્તિ અથવા કાન્તિડો કહીને બોલાવે. એની ઓળખ એટલે કાન્તિડો સાયકલવાળો. હું કાયમ એને કાન્તિલાલ કે કાન્તિલાલ શેઠ કહીને બોલાવું. શેઠ કહું ત્યારે એના મોં પર સ્મિત ફરકે. ક્યારેક વળી કહે: 'તમે ય સાહેબ...' ત્યારે પણ મોં પર હાસ્ય તો રમતું જ હોય. મારી સાયકલમાં હવા પૂરી આપે. હવા પૂરતાંપૂરતાં કોઈક નવી જ વાતનું મંડાણ કરે. પંપ હાથમાં રહી જાય અને એની વાતનો દોર ચાલે. અલકમલકની વાત હોય. સ્વભાવે સાવ ભોળો. એનો લાભ ઉઠાવનારની સંખ્યા સવિશેષ. હાથનો છૂટો. મન તરંગી. જાતજાતના વિચારોનું સંગ્રહસ્થાન છે એનું મન. આમ તો એ મનનો રાજા છે. પરંતુ કાયમ તંગદામન. મેં એને કદી અપ-ટુ-ડેટ જોયો નથી. વાળમાં તેલ ન હોય. નહાવાનો એને સમય જ ન હોય. કામ ઝાઝું, પણ સરવાળે પ્રાપ્તિ ઓછી. મહેનત ખરી, પણ આડેધડ. કામે લાગે તો બધી જ સાયકલો 'રેડી' કરી નાખે, નહીંતર કેટલીક સાયકલો બંધ હાલતમાં પડી રહે. માણસ જ 'મૂડ'નો. મૂડ પર જીવે અને મૂડ પ્રમાણે વર્તે. એનો મૂડ ક્યારેક એને વરલી મટકાના નંબર લખાવે, તો ક્યારેક સામેની બારી તરફ નજર પણ ફેંકાવે. દિલનો માણસ એટલે ઝૂકતાં પણ વાર નહિ. ઝૂકે ત્યાં વરસાદની જેમ ઝૂકી પડે, ઝૂરે તો વલખાં પણ ઓછાં નહિ.

આ કાન્તિને કોઈક હિન્દી ફિલ્મ જોઈને લાગેલું કે મારે ય હૃદય છે. પછી એ નાજુક હૃદયમાં એણે નાજુક વાત સંઘરી. સાંભળેલું કે વાત પાકેલી પણ ખરી. એને હતું કે શાખ મળશે, પરંતુ સામે તો ચીભડું નીકળ્યું અને તે ય અધવચ્ચે ગુમાવી દીધું. જેટલી ઘડીઓ પ્રેમાલાપ પામ્યો એટલી ઘડીઓ જીવનમાં પ્રફુલ્લતા હતી, આનંદિત રહેતો. દુકાન પર કામ પણ ઓછું કરે. એવામાં પેલી છોકરી મૃત્યુ પામી. દુઃખના દરિયામાં ડૂબી ગયો કાન્તિ. અફસોસની હવામાં જીવતો'તો. મને કહે : 'સાહેબ, જીવનમાં કંઇ સાર નથી, જોઇ લીધું.' મને લાગેલું કે જીવાતા જીવનમાં માણસ માણસ તરીકે બહાર આવે છે નિરાશાની ક્ષણોમાં. એવી ક્ષણોમાં માણસનું વ્યક્તિત્વ છતું થાય છે; ભોળું, લુચ્ચું, પાખંડી જેવું હોય તેવું. કાન્તિમાં સદ્ગુણો કરતાં દુર્ગુણો વિશેષ છે. છતાં ય મને એનામાં માણસાઇ દેખાઈ છે.

કાન્તિ દુકાનમાં માલિક નથી છતાં ય ક્યારેક એ શેઠ છે. એ નોકર તો છે જ. દુકાનનો મૂળ માલિક તો આજે સંપત્તિવાન છે, વ્યાજવટાવનો ધંધાદારી છે. એની ઉઘરાણી પણ કાન્તિ જ કરે, કોઇ પણ ફળની આશા વગર. ક્યારેક કંટાળી જાય છે, પરંતુ અણગમો વ્યક્ત કરતો નથી એટલો હોશિયાર નથી કે કામને ટાળી શકે. કામ કરે છે. કર્મયોગી કહેવો હોય તો કહેજો! બાકી યોગ-નસીબ હજુ એની લગી આવ્યું નથી.

એની સગાઈ થઈ ત્યારે હોંશથી મને વધામણી આપેલી. લગ્ન પછી ક્યાંકથી જાણી લીધેલું કે પત્ની તો આપણાથી નીચી જ હોવી જોઇએ. સરખી ઊંચાઈની ન ચાલે, પછી તો એ જ ગ્રંથિથી પીડાવા લાગ્યો. ઠીકઠીક દુઃખી થએલો. એક વાર હસતાંહસતાં મેં કહેલું : ઉંમરમાં તો મોટી નથી ને! હસી પડેલો. ભોળો માણસ એટલે ધીમે-ધીમે એનું ગાડું સીધું થઈ ગએલું. છોકરાનો બાપ થયો ત્યારે ખુશ-ખુશાલ થઈ ગયેલો. એની સહુથી મોટી લત તે વરલી મટકા રમવાની. આશાવાદી ખરો. છતાં ક્યારે ય પેટી કે જોડકું એને નથી લાગ્યું. 'સહેજ માટે રહી ગયું' એમ પ્રતિભાવ દર્શાવે. બીજે દિવસે વળી લગાવે. મેં કહ્યું : 'કાન્તિલાલ, પૈસા નથી એની તો બૂમો પાડો છો. તો પછી વરલી શું કામ રમો છો?'

'પૈસા પેદા કરવા.'

'એમ થશે!'

'કો'ક વાર તો લાગશેને!'

'ન લાગે તો?'

'તમે ય સાહેબ, આમ બોલો છો!' પેલું નિખાલસ હાસ્ય ફરક્યું. હું એની નિખાલસતાનો વિચાર કરતો રહેતો. એનો મોટો ભાઈ મારો મિત્ર. એક વાર દિવાળીના દિવસે એની દુકાને બેસી અમે 'કાન્તિલાલ' નામવાળા માણસોનું સર્વેક્ષણ કરેલું. બધા ય વિચિત્ર. ડાહ્યાના 'ડ' પર ચોકો મારીએ ત્યારે 'ક' બને. એ હસતો'તો. કહીએ તે પ્રમાણે કરે તો એ કાન્તિ શાનો! એવામાં એને શું સૂઝ્યું તે મને કહે :

'સાહેબ, આપણે આ વખતે મ્યુનિસિપાલિટીમાં ઊભા રહેવું છે.'

'એ સાચું!' હું કટાક્ષમાં બોલ્યો.

'ના, સાહેબ, આપણે આવી જઇએ હોં!'

'પછી શું કરશો?'

'બધા કરે છે એમ.' આંખના ઇશારાથી એણે એની વૃત્તિ દર્શાવી. આજના લાંચ ખાનાર નેતાઓ પર એનો નિર્દેશ હતો. નિખાલસ માણસના મન પર પણ આજની આબોહવાનો કેવો જાદુ છે! દુસ્-વૃત્તિઓની જાળ સઘળે ફેલાયેલી છે. બચે એ મરે, ફસાય તે સુખી. કાન્તિને સુખી થવું છે.

એક વાર એના શેઠના મિત્રનું વિક્કી લઇને આંટો મારવા ગયો. અથડાયો. હસતોહસતો કહે: 'મારુ બેટું ન ફાવ્યું.' હવે આવડી ગયું છે. સમય માણસને બધું શીખવે. એને વારેઘડીએ ક્યાંક ફસાવું પડે છે. ક્યારેક એ જાતે જ ફસાય છે. પછી કહે: 'લોચા થયા.' આ 'લોચા' શબ્દનો અર્થ છે ગૂંચવાવું. કાન્તિ વારે ઘડીએ ગૂંચવાય છે. વળી પાછો એમાંથી નીકળે છે. વળી ગૂંચવાય છે. 'લોચા' એ જ કાન્તિનું જીવન.

આટલી ગૂંચવાળી જિંદગી જીવતો કાન્તિ મને સુખી માણસ લાગે છે. કેમ કે એ દુઃખની વાત પણ હસીને કહી શકે છે. કદાચ દુઃખનો પર્યાય એને મન હસવું હશે. કોઇકે કહ્યું છે કે દુઃખમાંથી હાસ્ય જન્મે છે. એ જ હાસ્ય કાન્તિ જીવી રહ્યો છે. બાકી કાન્તિ એટલે કાન્તિ! કદાચ ક્રાન્તિ ખરી, પણ શાંતિ તો નહિ જ. એને શાન્ત બેઠેલો મેં ક્યારે ય જોયો નથી. પેલો 'વિચાર' નામનો પદાર્થ બુદ્ધિશાળીઓ પાસેથી હજુ એની પાસે નથી આવ્યો ત્યાં સુધી તો એ સુખી જ છે. □

—'આનંદશર્મન્'

સત્યજિત રાયની એક નવી રહસ્યકથાનો અનુવાદ
સુકન્યા ઝવેરી

કાઠમંડુનો મહાકાંડ

પૂર્વ-અંશ મિ. અનિકેન્દ્ર સોમના ખૂનની તપાસ અર્થે કલકત્તાથી કાઠમંડુ આવ્યા પછી ફેલુદાની નકલી બાટરા પરની શંકાઓ વધુ દૃઢ બનતી જાય છે. આ નકલી માણસનો પીછો કરતાં તેઓની તપાસ એક તિબેટીની દુકાન તરફ દોરાય છે, જ્યાં બનાવટી દવાઓનું કૌભાંડ પણ ચાલતું હોવાની એમને ખબર પડે છે. બીજી બાજુ ફરવા નીકળેલા તપેશ તથા લાલમોહનબાબુ પાટણમાં એક ભેદી મકાનની તપાસ કરવા જતાં ફસાઈ પડે છે, પણ મારામારી કરી ત્યાંથી નાસી આવવા સાથે તેઓ બીજી પણ કેટલીક ઉપયોગી માહિતીઓ લેતા આવે છે. એ જ રીતે કેસિનો જોવા જતાં તેઓને, અગાઉ કાશીમાં ફેલુદાએ જેનું એક કૌભાંડ પકડી પાડેલું એ મગનલાલ મેઘરાજની મુલાકાત થાય છે. મગનલાલ અહીં નકલી બાટરા બનીને ફરતા પોતાના જમણા હાથ સમા માણસ-જગદીશની ઓળખ આપવા સાથે આ બધી તપાસમાંથી ખસી જવા ફેલુદાને ચેતવણી આપે છે, એટલું જ નહિ, ભોળા એવા લાલમોહનબાબુની પણ એક ક્રૂર મજાક કરે છે, જેની જાણ તો ફેલુદા તથા તપેશને હજી હવે થાય છે, અને પછી અંતે....

મગનલાલ-પર્વ પછી યે એક જ રાતમાં બીજું પણ કંઈ બની શકે એવો તો મને સ્વપ્ને યે ખયાલ નહોતો. છતાં લુમ્બિની હોટેલ પર પાછા આવ્યા બાદ બીજી બે એવી ઘટના બની કે એને કારણે મારા જીવનમાં આ દિવસ હમેશને માટે યાદગાર બની ગયો.

અમે હોટેલ પર પહોંચ્યા ત્યારે રીસેપ્શન-બૅંચ પર હરિનાથ ચક્રવર્તીને બેઠેલા જોઈ અમને નવાઈ લાગી. આટલી રાતે શું કારણ હશે? એક કલાકથી, એટલે કે સાડા દસ વાગ્યાથી એ અમારી રાહ જોતા બેઠા હતા. ફેલુદાએ એમને અમારા રૂમમાં સાથે લીધા.

'કહો, શી વાત છે?' રૂમમાં પહોંચતાં ફેલુદાએ પૂછ્યું.

જરા વાર થંભી રહી જાણે સજ્જને પોતાના વિચારો બરાબર ગોઠવી લીધા અને પછી બોલ્યા, 'હિમાદ્રિ આ રીતે ચાલ્યો ગયો તેથી જાણે બધું ગોટાળે ચડી ગયું હતું. મનમાં થતું હતું કે હવે જ્યારે એ પાછો તો આવવાનો જ નથી, તો પછી આટલી વાત કરીને યે શો ફાયદો?'

'શાની વાત કરો છો આપ?'

'ત્રણેક વર્ષ પહેલાં હિમાદ્રિએ અહીંનો એક અડ્ડો પકડાવી દીધો હતો. ગાંજો-ચરસ વગેરે અહીંથી ચોરીછૂપીથી પરદેશ મોકલાતાં હતાં. હિમાદ્રિ અત્યંત સાહસપ્રિય છોકરો હતો. એમાં એ પોતાના જીવની યે પરવા કરતો નહિ. અહીંથી સ્મગલિંગ થતું હોવાનું સાંભળ્યું હતું, પણ તેનો અડ્ડો ક્યાં હતો તેની કોઈને ખબર પડતી નહોતી. તમને પહેલાં જ કહી દઉં કે હિમાદ્રિને હૅલિકૉપ્ટરમાં ઉત્તર-દક્ષિણ બંને બાજુ જવું પડતું. એક વાર ઉત્તરમાં જઈ એ જાતે ખોળી આવ્યો હતો કે એ અડ્ડો હેલામ્બુર પાસે શેરપાઓના એક ગામમાં હતો. એણે પોલીસમાં જાણ કરી અને પરિણામે એ સ્મગલરોની ટોળી પકડાઈ ગઈ.' સજ્જન જરા અટક્યા એટલે ફેલુદાએ પૂછ્યું :

'આપને શું એમ લાગે છે, કે આ વેળા પણ એવા જ કોઈ કારસ્તાનની એને ભાળ મળી હતી?'

'મને એણે કશું કહ્યું તો નહોતું, પણ એના અવસાન પહેલાં પાંચેક દિવસ અગાઉ એ બંને મિત્રો બહુ ઉત્તેજિત બની કંઈ ચર્ચા કરતા જોયા હતા. એમાંની થોડી વાત મારા કાને પણ પડી હતી. મેં એને આવી ઝંઝટમાં માથું ન મારવા પણ સમજાવેલો. આ સ્મગલરો ને એવી ગેંગના માણસો બહુ ભયંકર હોય છે. એટલે આવાં જોખમ ન વહોરવા મેં એને કહ્યું હતું, પરંતુ મારી વાત એણે કાને ય ધરી નહિ.'

'ખરું છે.' ફેલુદાએ ગંભીર ભાવે માથું ધુણાવતાં કહ્યું, 'તેઓ કેવા નિર્દય હોય છે એ તો અનિકેન્દ્રના ખૂન પરથી જ સમજાઈ ગયું છે.'

'હું તો ચોક્કસ માનું છું કે જો હિમુ ટિટેનસથી ન મર્યો હોત તો આ લોકો એને મારી નાખત.'

'એમ શા આધારે કહો છો?'

હરિનાથબાબુએ ખિસ્સામાંથી એક ચબરખી કાઢીને ફેલુદાના હાથમાં મૂકી. નોટબુકમાંથી ફાટેલા એ કાગળમાં લાલ શાહીથી દેવનાગરીમાં માત્ર એક જ લીટી લખી હતી.

'હિમુના પેન્ટના ખિસ્સામાંથી આ ચબરખી મારા નોકરના હાથમાં આવી હતી ને એણે એ મને આપી હતી.'

'નેપાળી ભાષામાં લખ્યું લાગે છે.' ફેલુદા બોલ્યા.

'હા, લખ્યું છે કે, તું બહુ વધુ પડતો હોશિયાર થવા માંડ્યો છે'

ચબરખી પાછી આપતાં ફેલુદા શુષ્ક હસીને બોલ્યા, 'આશ્ચર્ય તો એ છે કે બનાવટી દવાનું કારસ્તાન બંધ કરાવવા જતાં એને જ બનાવટી ઇન્જેક્શનના ભોગ બનવું પડ્યું.'

'એટલે આપને શું એમ લાગે છે કે હિમુને અપાએલું ઇન્જેક્શન બનાવટી હતું?'

'ચોક્કસ હું એમ જ માનું છું. મારી માન્યતા ખરી છે કે ખોટી એ હું કાલે નિશ્ચિતપણે જાણી શકીશ એવી આશા છે!' અને પછી ફેલુદાએ હરિનાથબાબુને જણાવ્યું કે પોતાને ત્યાંની દવાની પરીક્ષા કરાવવા માટે એમણે ડૉ. દિવાકરને કહ્યું છે. એ પછી હરિનાથબાબુ જવા માટે ઊભા થતાં બોલ્યા, 'જાણતો નથી કે આ બધી વાત જણાવવાથી આપને કંઈ લાભ થયો કે નહિ.'

'મારી કેટલીક અસ્પષ્ટ ધારણાઓ વધુ સ્પષ્ટ થઈ. તપાસની બાબતમાં એ એક મોટો લાભ જ ગણાય।'

હરિનાથબાબુના ગયા પછી લાલમોહનબાબુ પણ ગુડનાઈટ કહી પોતાના રૂમમાં ચાલ્યા ગયા. મેં પણ લંબાવ્યું, પણ લાગતું હતું કે ફેલુદાને સૂતાં હજી વાર લાગશે.

આજની રાત અત્યાર સુધી કંઈ અજબ રહી. કૅસિનોનો અનુભવ, મગનલાલની અણધારી મુલાકાત, ફેલુદાને બેધડક દબડાવવાની તેની હિંમત પાછળ ડોકાતી તેની ભયંકરતા, હિમાદ્રિબાબુએ બનાવટી દવાનું કારસ્તાન ખુલ્લું પાડવા માટે કરેલું સાહસ વગેરે આજની આ બધી અણધારી ઘટનાઓની સ્મૃતિ મારા મનમાં ઘુમરાઈ રહી હતી. એવામાં અચાનક અમારા રૂમનો બેલ રણક્યો.

અત્યારે મધરાતે કોણ આવ્યું હશે? ઊઠીને બારણું ખોલ્યું તો લાલમોહનબાબુ, કંઈ અજબ એવી સ્થિતિમાં હતા એ, ડાબા હાથમાં કાગળનો એક ટુકડો, જમણા હાથમાં જપયંત્ર, અને આજકાલ જવલ્લે જ કોઈ શાણા શહેરીના ચહેરા પર જોવા મળે એવું સરળ સ્નિગ્ધ, અસલ પીઠ લામા-સ્ટાઈલનું હાસ્ય મરકાવતાં એ ઊભા હતા.

'હુમ...હુમ...હુમ' બોલતાં ને હાથમાંનું જપયંત્ર ફેરવતાંફેરવતાં એ અંદર આવ્યા. ફેલુદા પણ પલંગ પર બેઠા થઈ જઈ એમને તાકી

રહ્યા. મેં લાલમોહનબાબુના હાથમાંનો કાગળ લઈ લીધો. લાલ શાહીથી તેમાં અંગ્રેજીમાં લખ્યું હતું : 'યુ હેવ બીન વૉર્ન્ડ'–મતલબ, તમને ચેતવણી આપવામાં આવે છે. બરાબર આવી જ લાલ શાહીથી નેપાળી ભાષામાં હિમાદ્રિ પરની ચિઠ્ઠીમાં એમને ધમકી આપેલી થોડી વાર પહેલાં જ જોઈ હતી. ફેલુદાના હાથમાં કાગળ મૂકતાં મેં જ જટાયુને પૂછ્યું, 'ક્યાંથી મળ્યો આ કાગળ?'

જવાબમાં લાલમોહનબાબુએ પોતાના જવાહર-કોટના-જમણા ખિસ્સા પર બે વાર હાથ ઠોકીને બતાવ્યું. સવારે અમે ફરવા ગયા ત્યારે એમણે આ જ કોટ પહેર્યો હતો, અને એ યાદ આવ્યું કે સ્વયંભૂનાથમાં એમણે પડખામાં ગોદો વાગ્યાનું કહેલું. બસ, ત્યારે જ કોઈએ એમના ખિસ્સામાં આ કાગળ સેરવી દીધો હશે.

'ઓ......મ્‌મ્‌મ્' ઊંડો શ્વાસ ખેંચીને ધીરેધીરે છોડતાં લાલ-મોહનબાબુ ગણગણતા ખુરશી પર બેઠા. હાથમાંનું જપયંત્ર ફરતું હતું. વળી, એ બોલવા લાગ્યા, 'ઓ...મ્‌ મણિ પદ્‌મે હુમ...હુમ... હુમકી*...ધમકી ..'

ધમકી તો ઠીક, પણ આ એમની શી દશા હતી? ધમકીની વાત કરતાં યે એમનું ઓમ્‌ મણિપદ્‌મે અને ચહેરા પરનું હાસ્ય તો જારી જ હતું. મેં ફેલુદા ભણી જોયું. હોઠ ફફડાવી એણે ધીરેથી કહ્યું, 'પાઇન્ડ શિલિંગ પેન્સ.' સમજ્યો એલ.એસ.ડી.ની અસર હતી. મને મગનલાલે ચામાં નાખેલી શુગર-ક્યુબ યાદ આવી ગઈ. જો કે એમ તો એણે અમારી ચામાં યે જાતે જ શુગર-ક્યુબ નાખેલી પણ અમને તો કંઈ થયું નહોતું. કેવો બદમાશ આદમી! અંકલની એણે બરાબર મજાક ઉડાવી હતી. તક મળે ત્યારે એ લાલમોહનબાબુને છોડતો નહોતો. આ એની જાણે કે ખાસિયત જ હતી.

'ઓ...મ...મ...મણિ પદ્‌મે હુમકી*...' જટાયુનો જાપ ચાલુ હતો. પછી એકાએક ચહેરા પરનું હાસ્ય ઊડી જઈ ત્યાં ઉદાસીનતાનો ભાવ પ્રસરી ગયો. ફેલુદા તરફ એ એક નજરે તાકી રહ્યા, અને ફેલુદા એમને 'ખોપરી ખોલી નાખો,' ધમકાવતા હોય એવા ઊંચા સ્વરે જટાયુ બોલી ઊઠયા, 'ખોલું છું ખોલું છું કહે છે ને ખોલવાનું નામ જ નહિ?'

'સ્કાઉન્ડ્રલ!' ફેલુદાના મોંમાંથી શબ્દ સરી પડ્યો, અલબત્ત, એ શબ્દ મગનલાલ માટે હતો.

જટાયુનું જપયંત્ર હવે ફરતું નહોતું. ધીરેધીરે ઉદાસીનતાનો ભાવ પણ ભૂંસાઈ ગયો. ફેલુદા પર મંડાએલી નજર ખસીને હવે પાસે પડેલા પાણીના ગ્લાસ પર મંડાઈ, અને તીક્ષ્ણતર બનતી ગઈ. રૂમમાં બિલકુલ શાંતિ પ્રસરી ગઈ, દિઙ્મૂઢ થઈ હું તાકી રહ્યો. લાલમોહનબાબુ પણ ગ્લાસ ભણી એવી રીતે જોઈ રહ્યા હતા કે જાણે એમના ત્રાટકના બળે ગ્લાસ ટેબલ પરથી ઊંચકાઇને હવામાં અધ્ધર તરવા લાગવાનો હોય.

'આ હા હા!' જટાયુ બોલી ઊઠયા. આંખમાંથી તીક્ષ્ણતા દૂર થઈ ગઈ. પ્રશંસાભર્યા હાસ્ય સાથે એ બોલ્યા, 'ઓ હો હો! વિબગ્યોર! વાહ! એના રંગ તો જો તપેશ, કેવા દેખાય છે! અરે કેવા વાઇબ્રેટ થાય છે! જો તો ખરો.'

વળી, એ બોલતા બંધ થઈ એક નજરે તાકી રહ્યા. મને હવે ઝોકાં આવતાં હતાં. વચ્ચેવચ્ચે એ કંઈ બબડે ત્યારે આંખ ઊઘડી જતી, ને ફરી ઝોકે ચડી જતો. એકાએક એમની બૂમથી હું જાગી ગયો.

'માઈસ!' બોલતાં એ એકદમ ટટ્ટાર થઈ બેઠા. અને ભોંય પર તાકી રહ્યા. 'માઈસ, ટેરામાઇસ, ટેટ્રામાઇસ, સુબામાઇસ, ક્લૉરોમાઈસ, કોમ્પ્રોમાઇસ... બધાં આડાંઅવળાં અહીંતહીં દોડે છે. મારી જોડે ચાલાકી? મસ્તી?' અને એટલું કહેતાં તો ઊભા થઈ કાર્પેટ પર પગ ઠોકવા લાગ્યા. જાણે એમને દેખાતા દરેકેદરેક ઉંદરને પગ તળે કચરી નાખવા મથતા હતા. 'વળી, પાંખો લગાડી છે! આ નાઠો, આ બાજુ નહિ, પેલી બાજુ.'

ત્રણેક મિનિટ સુધી આખા રૂમમાં ફરી વળી એમણે ઉંદરોને પગ તળે કચર્યા કર્યા. મને થયું કે અમારી નીચેના રૂમમાં કોઈ ન હોય તો સારું. નહિતર આ ધમપછાડાથી જાગીને ઉપર દોડી આવશે.

'બસ, હવે ખતમ. બધા પતી ગયા.' અંતે એટલું બોલી જટાયુ બેસી ગયા. 'ચાલો, ઓલ ટિકટિકીઝ ખતમ.' ઉંદરોમાંથી ટિકટિકીઝ (ગરોળીઓ) ક્યાંથી બની ગઈ એ કંઈ સમજાયું નહિ.

'ખતમ! ઍન્ટિબાયોટિકટિકીઝ ખતમ!'

પોતાની આટલી બધી શક્તિ વપરાઈ ગઈ એથી જ કદાચ લાલ-મોહનબાબુમાં હવે અવશતા કળાવા માંડી, અને સાથે પેલું સહજ સરળ હાસ્ય પણ.

'ઓમ્‌મ્‌મ્‌મ્‌ મો મો મો ઓમ્‌...'

આ પછી મને ક્યારે ઊંઘ આવી ગઈ તેનું ભાન રહ્યું નહિ. જ્યારે જાગ્યો ત્યારે સવારનો તડકો રૂમને અજવાળી રહ્યો હતો. ફેલુદા નાહી-ધોઇ પરવારી ગયા હતા. મારી આંખ ઊઘડી ત્યારે મેં એમને ફોનનું રીસિવર મૂકતા જોયા.

'ઊઠ, તોપસે! કામ છે. અત્યારે જ બાટરાને મળવું પડશે. એની સ્થિતિ સલામત નથી એ એને જણાવી દેવું જરૂરી છે.'

'ફોન કોને કર્યો?'

'પોલીસ સ્ટેશને. સારા સમાચાર આપું. નેપાળે મિ. સોમના ખૂન અંગે તપાસની મંજૂરી આપી દીધી છે.'

'આ તો મસ્ત ખબર, હવે જરા કામ કરવાની મઝા રહેશે.'

'હા. એક બીજો ફોન પણ કર્યો હતો. પણ એ અંગેના સમાચાર સારા નથી. ડૉક્ટર દિવાકરને વહેલી સવારે એક જરૂરી કૉલ મળતાં એ ગયા છે, અને હજી પાછા આવ્યા નથી. આ મને જરાય જચતું નથી.'

'કેમ? કદાચ પેશન્ટ પાસે રોકાઈ રહેવું જરૂરી હશે.'

'મારું અનુમાન છે કે આપણા વતી એમણે દવાની પરીક્ષા કરાવી હશે તે આ બનાવટી દવા બનાવનારાઓને જરાય પસંદ પડયું નહિ હોય. જોઉં છું. એકાદ કલાક પછી ફરી ફોન કરી જોઈશ, યા તો પછી હું જ એમની ડિસ્પેન્સરીએ જઇ આવીશ.'

'લાલમોહનબાબુની ધમાલ પછી ક્યાં સુધી ચાલી હતી? મને તો ઊંઘ જ આવી ગએલી.'

'એ પણ એક કલાક પહેલાં જ અહીંથી ગયા છે. તું ઊંઘી ગયો તે પછી એ જાણે એકદમ મહાનિર્વાણની અવસ્થામાં આવી ગએલા. કોઈ ધાંધલ-ધમાલ કરી નહોતી. સામાન્યતઃ એલ.એસ.ડી.ની અસર સાત આઠ કલાક સુધી જાય નહિ.'

'તો તમે ઑલ એલૉંગ જાગ્યા હતા?'

'બીજો ઉપાય જ ક્યાં હતો? ક્યારે શું કરી બેસે એનું ઠેકાણું નહિ. સારું થયું કે એમને કોઈ માઠી અસર નહોતી થઇ.'

'અત્યારે તદ્દન નૉર્મલ છે ને?'

'પૂરેપૂરા તો નહિ. જતી વેળા કહેતા ગયા કે મારા મગજમાં ત્રણ ભાગ સ્થળ અને એક ભાગ જળ છે. મતલબ કંઈ સમજ્યો નહિ, પણ એ ખુશમિજાજમાં છે, ચિંતા કરવા જેવું હવે નથી.'

અર્ધોએક કલાકમાં હું તૈયાર થઈ ગયો. કોઈ ફોન આવે તો રીસે-પ્શન કાઉન્ટર પરથી તુરત જ વાત થઈ શકે એટલા સારુ ફેલુદા નીચે

*બંગાળીમાં 'હુમકી' એટલે ધમકી દેવી.

ગયા હતા. હું નીચે ઊતર્યો ત્યારે એ આંટા મારતા હતા. મને જોતાં જ કહ્યું, 'ડૉ. દિવાકર હજી પાછા ફર્યા નથી. ક્યાં ગયા છે એ પણ ઘરમાં કોઈ જાણતું નથી.'

'અને મિસ્ટર બાટરા ?'

'એની પણ લાઇન મળતી નથી. બેએક વાર પ્રયત્ન કરી જોઇશું, નહિતર પછી બ્રેકફાસ્ટ બાદ એમની ઑફિસે જઈશું. આમે યે આપણા માટે એક ગાડીની વ્યવસ્થા તો કરવાની છે જ.'

ત્રણેક મિનિટમાં લાલમોહનબાબુ પણ આવી ગયા. કોઇ તાપ-ઉત્તાપ નહોતો. જાણે કશું અસ્વાભાવિક બન્યું જ નહોતું. છતાં મારી જોડે એમણે જે સામાન્ય વાતચીત કરી તે પરથી લાગ્યું કે પેલી ગુગર-કસુમ હજી પૂર્ણતઃ હજમ થઇ નહોતી. રીસેપ્શન હૉલની દીવાલ પર ટાંગેલા એક નેપાળી મહોરાના નાક પર ત્રણ વાર હાથ ફેરવીને મને પૂછ્યું, ઇંગ્લૅન્ડના રાજમહેલનું નામ શું છે, તપેશ ?'

'બકિંગહામ પૅલેસ.' મેં એમના પ્રશ્નથી આશ્ચર્ય પામતાં કહ્યું.

'યસ. પણ એની સાથે કંપેરિઝન નહિ થઇ શકે.'

'શાની કંપેરિઝન, લાલમોહનબાબુ ?'

'આપણી આ લુમુમ્બા હોટેલ સાથે.'

'લુમુમ્બા નહિ, લુમ્બિની.' મેં એમની ભૂલ સુધારી.

'હા, લમ્બિની.' પછી જરા રહી ફરી પૂછ્યું, 'અહીં જ જન્મ્યા હતા, ખરું ?'

'કોણ ?' 'ગૌતમ બુદ્ધ.'

'ના, આ હોટેલમાં તો નહિ જ.'

'કેમ ? બિફોર ક્રાઈસ્ટ આ હોટેલ નહોતી એમ તારું કહેવાનું છે ?'

આ અદ્ભુત વાર્તાલાપ લંબાયો નહિ, કારણ, ફેલુદાએ આવીને કહ્યું કે જલદી બ્રેકફાસ્ટ પતાવી લઇ બાટરાની ઑફિસ 'સન ટ્રાવેલ્સ'-માં જવાનું છે. એમનો ફોન જોડાતો જ નથી.

ફેલુદાને અનુસરી અમે પણ માત્ર કૉફી જ પીધી અને ઊપડ્યા. મનમાં થતું હતું કે આજે જરૂર કંઈક બનશે. શું તે કળાતું નહોતું.

બાટરાની ઑફિસ બહુ દૂર નહોતી. ચાલીને જતાં પાંચ-છ મિનિટ-નો જ રસ્તો હતો. એમની ઑફિસ નાની પણ ટિપટૉપ હતી. ત્રણેક વર્ષથી વધુ જૂની નહિ હોય એવું લાગ્યું. એની એક ભીંત ઉપર નેપાળનાં રાજા-રાણીનો ફોટો હતો. બીજી ભીંત પરનો ફોટો આ 'સન ટ્રાવેલ્સ'ના માલિક મિ. રાણાનો હશે એમ લાગ્યું. બાટરાની કૅબિન બંધ હતી. ત્યાંથી સરનામું મેળવી એમના ઘેર ગયા. ત્યાં એ તો નહોતા, પણ એમના સેક્રેટરી મિ. પ્રધાન મળી ગયા. તેમણે જણાવ્યું કે વહેલી સવારે કોઈ અતિ મહત્ત્વની વ્યક્તિનો ફોન આવતાં બાટ-રાને એમની સાથે જવું પડેલું. તેઓ તેરાઇના અમારા નવા બંગલે જ ગયા છે. જતાંજતાં અમારે માટે એક ગાડીની વ્યવસ્થા કરી આપ-વાની સૂચના આપતા ગયા હતા.

'આ અતિ મહત્ત્વની વ્યક્તિનું નામ હું જાણી શકું ?' ફેલુદાએ પૂછ્યું.

'જરૂર. મિસ્ટર મેઘરાજ. ઍબિરૉય હોટેલમાં રહે છે. બહુ મોટા આર્ટ-ડીલર છે.'

લાલમોહનબાબુએ એકદમ મારો હાથ પકડી લીધો. મેઘરાજનું નામ સાંભળતાં જ એમનો કેફ ઊતરી ગયો હતો. સાચે જ વાઘનો ડર હોય ત્યાં જ સાંજ ઢળે ! બાટરા આટલી સહેલાઈથી મગનલાલની જાળમાં ફસાઇ જશે એવી કલ્પના યે નહોતી.

'અહીંથી એ બંગલે જતાં કેટલો સમય લાગે ?' ફેલુદાએ પૂછ્યું.

'અહીંથી ત્રિભુવન રોડ થઇને ૧૫૦ કિલોમીટર દૂર હેતાવરા જવું પડે. ઈટ ઈઝ એ ટાઉન. ત્યાં તમારે લંચ પતાવી લેવું. કારણ અમારો બંગલો હજી નવો જ હોઈ ત્યાં કિચન ચાલુ નથી થયું. હેતાવરાથી નીકળી જમણી તરફ રાપ્તિ નદી પાસે થઇને ત્રણેક કિલોમીટર દૂર જઇ જમણી તરફ વળતાં બે ફર્લાંગ પર જંગલમાં આ બંગલો છે. બહુ બ્યુટિફુલ સ્પૉટ છે.'

અર્ધા કલાક પછી અમારી હોટેલ પર ગાડી મોકલવાનું કહી અમે પાછા ફર્યા. ફેલુદા કહે, 'તમે બંને હોટેલ જઈ મારી રાહ જુઓ. દર-બાર સ્કવેરમાં એક કામ પતાવી હું વીસપચીસ મિનિટમાં આવું છું.'

ગાડી આવી ગયા પછી પાંચેક મિનિટ બાદ ફેલુદા આવ્યા. કહે, 'દરબાર સ્કવેરનું કામ પતાવી ફ્રિક સ્ટ્રીટમાં જવું પડયું એટલે જરા વાર થઈ.'

'એ વળી ક્યાં આવી ?' મેં પૂછ્યું.

'નજીકમાં જ છે. એને હિપ્પીઓનો મહોલ્લો કહી શકાય.'

એ પછી થોડી મિનિટોમાં જ અમારી ટૅક્સી ત્રિભુવન રોડ પર દોડી રહી હતી. ફેલુદા પોતાની નોંધપોથી હાથમાં લઇને બેઠા હતા. એમનાં ભવાં ચડેલાં હતાં. બહાર દેખાતાં દશ્યોમાં એમને રસ નહોતો. લાલમોહનબાબુનો નશો ઊતરી ગયો હોવા છતાં એમના ચહેરા પર એવો ભાવ જણાતો હતો કે અમે જે ઉત્તેજના અનુભવતા હતા તેનાથી તદ્દન અલિપ્ત એવી કોઈ ઊર્ધ્વ ભૂમિકાએ એમની મનઃસ્થિતિ હતી. બારી બહારનું દશ્ય જોતાં માત્ર એક જ વાક્ય ઉચ્ચાર્યું. 'કાલે બધું ડબલ દેખાતું હતું, આજે સિંગલ.'

આ સાંભળી ફેલુદા માથું ઊંચું કરી એમની સામે તાકતાં બોલ્યા, 'આ જેમ ઠીક છે તેમ એનાથી ઊલટું પણ ખોટું નહિ.'

હું કંઈ સમજ્યો નહિ, પણ ફેલુદાના બોલવામાં મને કંઈક ગૂઢ રહસ્ય હોવાનું લાગ્યું.

કાઠમંડુની ચાર હજાર ફૂટની ઊંચાઈથી અમે ઘણા વધુ ઉપર આવ્યા હતા. ત્રણ તરફ બરફથી આચ્છાદિત શિખરો દેખાતાં હતાં. સાડા સાત હજાર ફૂટ ઊંચે સુધી જવાનું છે એની ખબર હતી, એટલે ગરમ મફલર વગેરે સાથે રાખ્યાં હતાં તે દોઢેક કલાકની સફર પછી કામમાં લેવાં પડ્યાં. સાથે થર્મોસ ફ્લાસ્કમાં ગરમ કૉફી પણ લીધેલી. તે ચાલતી ગાડીએ જ અમે પી લીધી.

થોડી વાર પછી ઢાળ શરૂ થયો. ઉઘાડા પર્વતોની હારમાળા છોડી હવે અમે વૃક્ષોથી ઢંકાએલી શિવાલિક પર્વતમાળા તરફ જઈ રહ્યા હતા. જોકે અમારે છેક એટલે દૂર જવાનું નહોતું. વચ્ચે જ રાપ્તિનો તટ પ્રદેશ આવે છે અને તેમાં નદીની નજીક હેતાવરા વસેલું છે, જ્યાં-થી ત્રિભુવન માર્ગ છોડી અમારે જમણી તરફ વળવાનું હતું.

'તોપસે, બાટરાનું પૂરું નામ જાણે છે ?' હાથમાંની નોંધપોથી બંધ કરતાં અચાનક ફેલુદાએ મને પૂછ્યું.

'ના ભઈ, એ તો એમણે આપણને ક્યારેય કહ્યું નથી.'

'એણે ભલે ન કહ્યું, પણ તારે જાણવું જોઈતું હતું. તેં જોયું નહોતું કે ? સન ટ્રાવેલ્સમાં એમના ટેબલ પર એક પાટિયામાં પ્લાસ્ટિકના અક્ષરો ચોડીને એમનું પૂરું નામ લખેલું હતું—અનંતલાલ બાટરા.'

હેતાવરા પહોંચ્યા ત્યારે બે વાગી ગયા હતા. ભૂખ લાગવી જોઇએ, પણ લાગી નહોતી. અમે જે પરિસ્થિતિમાં હતા તેમાં ભૂખ લાગે એવી અમારી હાલત નહોતી. લાલમોહનબાબુને પૂછ્યું તો કહે, 'ફુડ ઈઝ નાથગ.' એટલે હેતાવરામાં રોકાવાનું કોઈ પ્રયોજન નહોતું.

ડ્રાઇવર રસ્તાનો માહિતગાર હતો. ત્રિભુવન રોડ છોડી જમણી

તરફ વળતાં એક સાઈનબૉર્ડ પર દૃષ્ટિ પડી. તીરની નિશાનીથી દિશા સૂચવવા સાથે લખ્યું હતું-ટ્રી-ટૉપ હોટેલ.' ડ્રાઇવર પાસેથી જાણવા મળ્યું કે ઊંચાં વૃક્ષોની ટોચ પર આ હોટેલ બનાવેલી છે. ત્યાં બેસીને તેરાઇનાં એ વનવિસ્તારમાં ભમતાં જંગલી જાનવરો જોઈ શકાય છે. જો કે અમારે છેક એટલે સુધી જવાનું નહોતું. સન ટ્રાવેલ્સનો બંગલો એ પહેલાં આવી જતો હતો.

ડાબી તરફ રાપ્તિ નદી ઘન જંગલ વચ્ચે પથરાળ તટ ઉપર વહેતી હતી. જમણી બાજુ ગાઢ શાલવન હતું. તેરાઇનો આ બધોપ્રદેશ. નામ સાંભળતાં ધ્રુજારી છૂટે એવાં હિંસક પ્રાણીઓનું આ વન. અઢારસો સત્તાવનના બળવા પછી ભારતમાંથી નાસીને નાનાસાહેબ જ્યાં છુપાઈ રહ્યાનું કહેવાય છે તે આ તેરાઈનું જંગલ.

ફરી અમારી ગાડી જમણી તરફ વળી. હવે પછીનો રસ્તો હજી તૈયાર થતો હોઈ કાચો હતો. તેના પર ત્રણેક મિનિટ ગયા પછી લાલ નળિયાંના છાપરાવાળો લાકડાંથી ઊભો કરેલો બંગલો દેખાયો. આજુ-બાજુનાં અનેક વૃક્ષો કાપી નાખી તેની આસપાસની જમીન સાફ કરી નીચી કંપાઉન્ડ વૉલથી તેને વાળી લીધી હતી. જમણી તરફ વળી અમે તેના ગેટમાં પ્રવેશ્યા. પૈડાં તળેની કાંકરી કચરાવાના સરસર અવાજ સાથે અમારી ગાડી બરાબર બંગલાના બારામદા સામે જઈ ઊભી રહી. ડાબી બાજુ જરા છેડે આ કમ્પાઉન્ડની હદમાં જ પાસેપાસે બે મોટરગરાજ હતાં. ત્યાં એક ગાડી ઊભી હતી.

ગાડી બંધ પડતાં અહીં પથરાએલી નીરવ નિઃસ્તબ્ધતાનો ખયાલ આવ્યો. તમરાંના અવાજ સિવાય સર્વત્ર બિલકુલ ચૂપકીદી ફેલાએલી હતી. ના, વચ્ચેવચ્ચે ક્યાંથી આછોઆછો ઠકઠક અવાજ આવતો હતો. ક્યાંથી તે કળી શકાયું નહિ.

ગાડી ઊભી. અમારો ડ્રાઈવર પેલી બીજી ગાડીની દિશામાં ચાલ્યો ગયો. ગાડીમાંથી બહાર નીકળી ત્રણ પગથિયાં ચડીને જાળીવાળો દર-વાજો ખોલી અમે બારામદામાં પગ મૂક્યા ત્યાં જ સામેના બેઠકખંડનાં ખુલ્લાં બારણાંમાંથી અવાજ આવ્યો.

'અંદર ચાલ્યા આવો, મિ. મિત્તર!' મગનલાલનો ગંભીર પોલિશ્ડ અવાજ ઓળખતાં વાર લાગે તેમ હતું જ નહિ.

અંદર પાથરેલા તિબેટી ગાલિચા ઉપર ત્રણ સૉફા ને તેની વચ્ચે એક મોટું ગોળ ટેબલ ગોઠવેલું હતું. દીવાલ પર નેપાળનાં દશ્યની એક મોટી છબિ લટકતી હતી. એક બાજુએ ટેબલ ઉપર રેડિયો અને બીજી તરફ ખૂણામાં એક ઘોડામાં થોડાં પુસ્તકો ને સામયિકો ગોઠવેલાં હતાં. સામેના મોટા સૉફા ઉપર એક તરફ બેસી મગનલાલ ટિફિનમાં આણેલું ભોજન લઈ રહ્યા હતા. બાજુમાં એક નોકર પાણીનો ગ્લાસ તથા હાથ ધોવા માટે ધમેલું પકડી ઊભો હતો.

'હું જાણતો હતો કે તમે આવશો જ.' જમવાનું પૂરું કરી ભીના નેપકિન વડે મોં લૂછતાં પૂર્ણ સ્વસ્થતાથી મગનલાલ બોલ્યા એ દર-મિયાન અમે સૉફા પર બેસી ગયા હતા.

'તમે શા માટે આવ્યા છો એની મને ખબર છે, મિ. મિત્તર. બટ ધીસ ટાઈમ ઈટ ઈઝ માય ટર્ન. દરેક વખતે તમે જ ફાવી ન શકો.' ફેલુદા બિલકુલ ચૂપ રહેતાં ફરી એ બોલ્યા, 'બનારસમાં તમે મને બેઇજ્જત કર્યો હતો. એ હું ભૂલ્યો નથી, મિ. મિત્તર! હવે તમે મને બદલો લેવાનો મોકો આપ્યો છે તો શું હું એ છોડી દઈશ?'

ફરી પેલો ઠકઠક અવાજ સંભળાયો. આ જંગલમાંથી જ, કદાચ ડાબી તરફના કોઈ ઓરડામાંથી એ આવતો લાગ્યો, પણ શાનો અવાજ હશે તે હજી યે કળાતું નહોતું.

મગનલાલની ધમકી તરફ લક્ષ ન આપતાં બિલકુલ શાંતિથી ફેલુદાએ પૂછ્યું, 'મિસ્ટર બાટરા ક્યાં છે?'

'ટ્ચ...ટ્ચ-ટ્ચ' કરી અફસોસ દેખાડતા હોય તેમ મગનલાલે કહ્યું, 'વેરી સેડ, મિ. મિત્તર! મેં તમને કાલે ચેતાવ્યા જ હતા કે જગદીશ મારો રાઈટ-હૅન્ડ મૅન છે, અને રાઇટ હૅન્ડ તો માણસને એક જ હોય. દો કી ક્યા જરૂરત?'

'પણ તમે મારા પ્રશ્નોનો જવાબ ન દીધો. હું ફરી પૂછું છું કે એ ક્યાં છે?'

'બાટરા ઝિંદા હૈ, મિ. મિત્તર.' શેરવાનીના ખિસ્સામાંથી પાનની ડબ્બી કાઢી તેમાંથી બે પાન મોંમાં મૂકતાં મગનલાલ બોલ્યા, 'ઉ ટાઈમમેં તો હી વિલ બી સેફ. તેરાઇમેં ગવર્નમેન્ટ કા કાનૂન હૈ કી અહીં વાઇલ્ડ લાઇફને મારી ન શકાય. લેકિન વાઇલ્ડ લાઇફ અગર આદમી કો મારે, ધેન વ્હૉટ? એની અગેન્સ્ટ કોઈ લૉ હૈ?'

'તમે ભલે અહીં ચાલ્યા આવ્યા, પણ તમને ખબર છે આજે કાઠમંડુમાં શું ચાલી રહ્યું છે?'

'શું ચાલી રહ્યું છે, મિ. મિત્તર?'

'તમારું બાટલાનું કારખાનું અને કાઠમંડુની સૂવરબલીનું ગોદામ

વાયુ (દિક્પાલ-૭)

પ્રફુલ્લ રાવલ

વાયવ્ય કોણના દિક્પાલ છે વાયુદેવ. અગ્નિની જેમ વાયુ માનવજીવન માટે અનિવાર્ય છે, આથી આર્યપ્રજાએ વાયુ-ને દેવત્વ આરોપી દીધું એમાં પ્રકૃતિ દ્વારા પ્રકૃતિસર્જકની અર્ચના કરવાનો ઉદ્દેશ સમાવિષ્ટ હતો. વેદકાળ પૂર્વે વાયુ આર્યપ્રજાના મહત્ત્વના દેવ હતા. પરંતુ અનેક દેવોની અર્ચનાના પ્રચલનથી તેમજ ઇન્દ્રપૂજાનું મહત્ત્વ વધતાં ક્રમશઃ એમનું પૂજન ઘટતું જઈ દેવોમાં એમનું સ્થાન ગૌણ બનતું ગયું.

વાયુ અર્થાત્ પવન. મરુત એનું અપરનામ છે. વાત, માતરિશ્વા, સમીર, અનિલ ઇત્યાદિ એનાં ઈતરનામો છે. આ સઘળાં નામોમાં વાયુની ભિન્નભિન્ન સ્થિતિ-પ્રકૃતિનો અર્થ નિહિત છે. ઋતુચક્રને લીધે એની પ્રકૃતિ પરિવર્તિત થતી રહે છે. એનાં વિવિધ નામો પણ એ જ પ્રકૃતિને નિર્દેશે છે. એ સદૈવ ગતિશીલ હોઈ 'વાસવદત્તા'માં સુબન્ધુએ એને 'સદાગતિ' નામથી ઓળખાવ્યો છે. પૃથ્વીથી ઉત્તરોત્તર દૂર એવા વાયુના આવહ, પ્રવહ, ઉદ્વહ, સંવહ, પરિવહ, પરાવહ ઈત્યાદિ સાત માર્ગો છે. ભૂમિથી બાર યોજન દૂર સુધી રહેલા વાયુને ભૂવાયુ કહેવાય છે. ઈરાનથી સ્થળાંતરિત થયેલા આર્યો વાયુના ઉપા-સકો હતા. ઈરાનના મૂળ વતનીઓ પણ વાયુના ઉપાસકો હતા. અતઃ વાયુ ઈરાની-હિંદી દેવ છે.

વેદકાળમાં ઇન્દ્રની ઉપાસના વ્યાપક હતી. ઇન્દ્રની પડખે અનેક અંતરિક્ષવાસી દેવતાઓમાંના એક વાયુ છે. એ વાવાઝોડાના દેવ છે. 'ઋગ્વેદ'માં વાયુનું સ્મરણ કરતાં ઋષિ કહે છે: 'એ ક્યાં જન્મ્યો ને ક્યાંથી ઉત્પન્ન થયો? તે દેવોનો શ્વાસ છે ને વિશ્વનો ગર્ભ છે. તે દેવ ઈચ્છા થાય ત્યાં ફરે છે. તેનો અવાજ સંભળાય છે, પણ તેનું રૂપ દેખાતું નથી.' (ઋ. ૧૦-૧૬૪-૩-૪)'વાયુ-મરુત બળવાન ને વિનાશક છે'(ઋ. ૧-૩૭-૧૨). એ વરસાદ લાવવામાં સહાયભૂત થાય છે. એટલે કે ઇન્દ્રનો સાથી છે અને દ્યોનો પુત્ર છે. વાયુની ઉગ્રતાને અનુલક્ષીને એને રુદ્ર કહ્યો છે. વેદમાં અન્ય દેવોની તુલનાએ વાયુનું સ્થાન સામાન્ય કક્ષાનું છે.

'આકાશ વિકાર પામે છે એટલે તેમાંથી સુગંધ, દુર્ગંધ એમ સર્વ

પ્રકારના ગંધને વહન કરનારો પવિત્ર અને બળવાન એવો વાયુ ઉત્પન્ન થાય છે અને તેના ગુણને સ્પર્શ કહે છે.' વાયુની ઉત્પત્તિનો આવો નિર્દેશ 'મનુસ્મૃતિ' (૧-૭૬)માં મળે છે.

ઉપનિષદોમાં વાયુનું સ્તવન છે. ત્યાં પંચ-મહાભૂતોમાંના એક રૂપે વાયુ વર્ણિત છે. 'કેન ઉપનિષદ'ના પ્રથમ ખંડમાં વાયુને પ્રાણ રૂપે માન્યો છે. સ્વયં વાયુ કહે છે: 'હું વાયુ છું, આખા અન્તરિક્ષમાં વેગથી ફરનારો છું અને માતરિશ્વા તરીકે વિખ્યાત છું.' અગ્નિ-ઇન્દ્રની જેમ વાયુને ચડિયાતા દેવ રૂપે ઉપનિષદમાં ગણવામાં આવ્યો છે, કેમ કે ફક્ત એ જ બ્રહ્મ પાસે જઈ શકનાર દેવ છે, 'કઠ-ઉપનિષદ'માં વાયુને પરમેષ્ઠિત્વ રૂપે ઓળખાવ્યો છે. 'તૈત્તિરીય ઉપનિષદ'માં 'નમસ્તેવાયો' એમ મિત્ર, વરુણ, અર્યમા, ઇન્દ્ર, બૃહસ્પતિ, વિષ્ણુ અને બ્રહ્મ સાથે વાયુને સ્મરીને નમસ્કાર કરવામાં આવ્યા છે, અને 'તમે જ પ્રત્યક્ષ બ્રહ્મ છો' (ત્વમેવ પ્રત્યક્ષં બ્રહ્માસિ) એમ કહીને વાયુની મહત્તા દર્શાવી છે. 'છાંદોગ્ય ઉપનિષદ'માં 'અંતરિક્ષલોકમાં રહેનારા અને લોકોમાં વસનારા વાયુદેવને નમસ્કાર! મને તમારો લોક મેળવી આપો, હું મરણ પછી યજ્ઞ કરનારને મળતા એ લોકમાં જનારો છું.' એમ વાયુની સ્તુતિ છે. એ જ ઉપનિષદમાં સૂર્ય અને અગ્નિ સાથે વાયુને પણ 'ઉદ્ગીથ' રૂપે ઓળખાવેલ છે.

રામાયણમાં હનુમાન અને મહાભારતમાં ભીમ આ વાયુદેવના પુત્ર છે. ગુજરાતમાં વાયુપૂજાનું ખૂબ પ્રચલન હશે એની પ્રતીતિ પ્રાપ્ત થયેલી વાયુની સ્વતંત્ર પ્રતિમાઓ પરથી થાય છે. સાગરખેડૂઓને માટે સાનુકૂળ પવન આવશ્યક હોઈ તેઓ વાયુદેવની પૂજા કરતા હશે એમ અનુમાની શકાય છે. (જુઓ: 'ભારતીય મૂર્તિકલા' પૃ. ૨૨૦, રમાનાથ મિશ્ર.) આમે ય પ્રવાસાર્થે અનુકૂળ પવન હોવો આવશ્યક છે. મહાકવિ કાલિદાસ પણ કાશ્યપ ઋષિના મુખે 'શાન્તાનુકૂલસ્ય' કહીને વાયુની મહત્તાને નિર્દેશે છે. વાયડા વૈશ્યોના ઈષ્ટદેવ વાયુદેવ છે. 'પ્રભાવક-ચરિત'માં વાયડ ગામમાં વાયુનું પ્રાચીન મંદિર હોવાનું નોંધાયું છે.

મત્સ્યપુરાણ, અગ્નિપુરાણ, વિષ્ણુધર્મોત્તર, અભિલષિતાર્થ ચિન્તામણિ, અંશુમદ્‌ભેદાગમ, રૂપાવતાર, શ્રીતત્ત્વનિધિ, સુપ્રભેદાગમ ઇત્યાદિમાં વાયુની મૂર્તિનાં વિધાન-વર્ણનો મળે છે. વાયુ દ્વિભુજ છે અને હરિણ એનું વાહન છે. દ્વિભૂજ વાયુના પતાકા, વજ્ર, ધ્વજ, દંડ, કાષ્ઠયુક્ત ચક્ર ઇત્યાદિ આયુધો દર્શાવવામાં આવ્યાં છે. 'રૂપાવતાર'માં


△ મોઢેરાના સૂર્યમંદિરમાં દિક્પાલ વાયુ (ફોટો - વસંત પરીખ)

ચતુર્ભુજ વાયુમૂર્તિનું વર્ણન છે. અને એ વરદ, પાશ, પદ્મ અને કમંડલ ધારણ કરે છે. તેનું વાહન મકર પણ હોય છે. ગુજરાતમાં ચતુર્ભુજ મૂર્તિ કંડારવાની પ્રણાલિકા પ્રચલિત હતી.

દિક્પાલ વાયુની પ્રસ્તુત મૂર્તિ મોઢેરાના સૂર્યમંદિરની છે; આ મૂર્તિના બે હસ્ત ખંડિત છે. જમણા નીચલા હાથમાં માળા છે અને ડાબા ઉપલા હાથમાં ચક્ર છે. વાહન મૃગ સ્પષ્ટ દેખાય છે. જમણા પગ પાસે એમની પત્ની શિવા છે. મોઢેરાનાં શિલ્પાંકનોની ચારુતા આ પ્રતિમામાં પ્રકટ થાય છે. □

આજે વેરવિખેર થઈ રહ્યું છે.'

પોતાનો સમસ્ત દેહ હલી ઊઠે તેવું અટ્ટહાસ્ય કરી એણે પૂછ્યું, 'તમે શું એમ માનો છો મિ. મિત્તર, કે હું એટલો બુદ્ધુ છું? પોલીસ વિલ ફાઇન્ડ નથિંગ, પાટણમાં એ જોશે કે ત્યાં સિર્ફ હૅન્ડિક્રાફ્ટ કી ચીઝેં બન રહી હૈ, ઔર સૂવરગલી કે ગોદમ મેં કુછ નહિ હૈ. બધો માલ હું લૉરીમાં ભરીને સાથે લઈ આવ્યો છું, મિ. મિત્તર! હેવાવર થઇને લૉરી ઇન્ડિયામાં ટિમ્બર લઈ જાય છે. એ ટિમ્બરની લૉરીમાં જ બધી દવા બિહાર અને યુ. પી. પહોંચી જશે. આ દવાઓ માટેનું મોટા ભાગનું અમારું કામ ઇન્ડિયામાં જ થાય છે. લૅબલ, કૅપ્સ્યુલ, ઍમ્પ્યુલ, કૅપ ફાઇલ એ બધું ત્યાંથી જ આવે છે. બાકીનું કામ અહીં થાય છે. બીકૉઝ ઇંડિયનો કરતાં અહીંના લોકો વધુ અને સારું કામ કરે છે.'

મારા કાન ખૂબ સરવા છે એટલે બહુ ધીમું છતાં પેલું ઠકઠક તમરાઓના અવાજની વચ્ચે યે મને સંભળાયા કરતું હતું. ફેણદાને યે એક પળે મેં ડાબી તરફ નજર ફેરવતાં જોયા. એણે પણ જરૂર એ ઠકઠક સાંભળ્યું હશે.

'જગદીશ!' મગનલાલે બૂમ મારી. બાડાતેડી વાત છોડી હવે એ સીધા કામની વાત પર આવી ગયા હતા. એમનો અવાજ સાંભળતાં જ જમણી તરફના બારણા પરનો ભરત ભરેલો પર્દો હટાવી અંદર આવનારના હાથમાં રિવૉલ્વર હતી, અને તે ફેણદા ભણી તકાએલી હતી.

'તમે ત્રણે જણ ઊઠો!' મગનલાલના અવાજમાં હવે હુકમ જ હતો. અમે ઊભા થઈ ગયા.

'હૅન્ડસ અપ.' અમે હાથ ઊંચા કર્યા. એટલે એણે ફરી બૂમ પાડી, 'ગંગા! કેશરી!'

પાછળના બારણેથી બીજા બે જણ અંદર આવ્યા. નર્યા ગુંડા જ દેખાતા હતા એ. તેઓ સીધા અમારી પાસે આવ્યા, હાથ ફેરવી અમને ત્રણેને તપાસ્યા અને ફેલુદાના ખિસ્સામાંથી એની કૉલ્ટ રિવૉલ્વર બહાર કાઢી મગનલાલને આપી, બહાર ચાલ્યા ગયા.

ફરી પેલો ઠકઠક અવાજ સંભળાયો. અણગમાભરી એક નજર જમણી બાજુ ફેરવી લઈ મગનલાલ બોલ્યા. 'વેરી સૉરી, મિ. મિત્તર, તમારા એક બીજા ફ્રેન્ડને પણ મારે અહીં લાવવા પડયા છે. અમારી દવાનો લૅબોરેટરી ટેસ્ટ કરાવી એ દખલ કરતા હતા. નૅચરલી અમારે

એમને રોકવા પડ્યા.'

'એ પણ વાઘના પેટમાં જવાના છે?'

'ના, ના, મિ. મિત્તર.' મગનલાલે હસીને કહ્યું, 'એમને માટે બીજું કામ છે. એક ડૉક્ટરને સાથે રાખવાથી મારી સગવડ સચવાશે. તમને કદાચ ખબર નહિ હોય કે મારું હાર્ટ વીક છે.'

'તો શું ચરણામૃતથી તમને ફાયદો ન થયો?'

પણ મગનલાલ જવાબ દે એ પહેલાં ગંગા અને કેસરી પાછા આવ્યા. એમના હાથમાં દોરી હતી. બરાબર એ જ પળે જે બન્યું તે લખીને બરાબર વર્ણવવું મારા માટે મુશ્કેલ છે. છતાં કોશિશ કરું.

બહાર બરાબર એ જ વેળા કોઈ મોટર આવ્યાનો અવાજ સંભળાયો. અમારા તરફ આગળ વધતા પેલા ગુંડાઓ આ સાંભળી જરા ખમચી ગયા, જગદીશે પોતાના હાથમાંની રિવૉલ્વરનો સેફટી કૅચ ખોલી ફેલુદા ભણી એ તાકી, સોફા પર મગનલાલ પણ જરા ઊંચાનીચા થયા. લાગ્યું કે બહાર જે મોટર આવી તે આવવાનો કોઈને અંદાજ નહોતો. પણ આશ્ચર્યની આ એક જ પળનો લાભ લઇ ફેલુદાએ એકાએક કૂદકો મારી જગદીશના રિવૉલ્વરવાળા હાથ પર એક લાત લગાવી દીધી. જગદીશના હાથમાંથી રિવૉલ્વર ઊડી તો પડી પણ દરમિયાન તેની ટ્રિગર દબાઈ ચૂકી હોઈ તેમાંથી છૂટેલી ગોળી ઉપર છતમાં લટકતા બંધ પંખાના એક પાંખિયાની કિનાર પર વાગી ને પંખો તેના ધક્કાથી ફરવા લાગ્યો. પળ બે પળનો જ આ મામલો, પણ એનાથી સમગ્ર બાજી પલટાઈ ગઇ.

એ જ વખતે બહારથી કેટલાક અજાણ્યા માણસો અંદર દોડી આવ્યા. ભલે હું એમને ઓળખતો નહોતો પણ સમજી ગયો કે એ પોલીસના માણસો હતા – કેટલાક નેપાળના હતા, કેટલાક પશ્ચિમ બંગાળના લાગતા હતા. એમને જોઈ પાછલા બારણા તરફ નાસવા જતા જગદીશને એક જણે દોડીને પકડી લીધો.

મગનલાલ આમ એકાએક પોતાની બાજી ઊંધી વળી જતી જોઈ સૉફામાંથી ઊભા થઇ ગયા. એમની આંખોમાંથી આગ ઝરતી હતી: 'ખબરદાર! મને કોઇએ હાથ લગાડ્યો છે તો, હું તમને સૌને ચેતવી...'

એમને બોલતા રોકીને ફેલુદાએ કહ્યું, 'તમારી વાત પછી, મગનલાલજી, પહેલાં તો આ એકનો ફેંસલો થઇ જવા દો. ફેલુદા પોલીસના હાથમાં જકડાએલા જગદીશ અંગે કહેતા હતા. પછી તો એમણે એને જ ઉદ્દેશીને કહ્યું:

'તમારા ડાબા હાથની આંગળી રિવૉલ્વરની ટ્રિગર પર હતી ત્યારે તો બરાબર જોઇ નહોતી શકાઇ, પણ અત્યારે જોઉં છું કે તેના પર શાહીનો ડાઘ છે. તમે હજી યે શું પેલી લિક થતી પેન જ વાપરો છો મિ. બાટરા?'

'તમે મોં સંભાળીને વાત કરો મિ. મિત્તર,' સાંઢની જેમ બરાડીને મગનલાલ બોલ્યા, 'જગદીશ ઇઝ માય...'

'જગદીશ નહિ, મગનલાલજી. બાટરા – મિ. અનંતલાલ બાટરા ઇઝ યૉર રાઇટહૅન્ડ મૅન. જગદીશ નામની કોઇ વ્યક્તિ જ નથી, કે નકલી બાટરા પણ નથી. જે છે તે આ જ એક વ્યક્તિ છે – મિ. અનંતલાલ બાટરા. જરાક દબાવતાં જ એની આંખ પર ચડાવેલા કૉન્ટેક્ટ લૅન્સ નીકળી જશે ને મિ. અનંતલાલ બાટરાની આંખનો અસલ રંગ દેખાઇ જશે. એ ભલે અહીં જગદીશનું પાત્ર ભજવવા પહોંચી ગયા હોય, પણ એમને ખબર નથી કે એમની ગેરહાજરીમાં આજે સવારે એમના ઘરની પોલીસે તલાશ કરી છે, અને એમને ત્યાંથી સો સો રૂપિયાની સંખ્યાબંધ બનાવટી નોટો હાથ લાગી છે, જે તમારા બનાવટી દવાના કારખાનામાં જ છપાએલી છે.'

એક નેપાળી પોલીસ ઑફિસરે પોતાના ખિસ્સામાંથી એક સો રૂપિયાની બનાવટી નોટોની એક થોકડી બહાર કાઢીને ફેલુદાને આપી. આ જોતાં જ જગદીશ ઉર્ફે બાટરાના ચહેરા પરનું નૂર ઊડી ગયું.

'કલકત્તામાં તમે એક બાબતમાં ગોથું ખાઇ ગયા હતા, મિ.બાટરા. પેલી કુકરી ખરીદીને તમે જે બનાવટી નોટ દુકાનદારને આપેલી તે પાછી નહોતી લીધી. લઇ શકો તેમ પણ નહોતા, કારણ તમે કહી ચૂક્યા હતા કે એ નોટ તમે નહોતી આપી. એટલે એ ખોટી નોટ દુકાનદાર પાસે જ રહી, અને ખૂનની તપાસ દરમિયાન એ નોટ પોલીસના કબજામાં આવી. આજે તમારે ઘેરથી મળેલી આ બનાવટી નોટો અને પેલી નોટના નંબર એક જ છે!'

બાટરા તો બરાબર સકંજામાં આવી ગયા હતા, પણ મગનલાલ હજી દાદાગીરી છોડતા નહોતા. કહે: 'હું તમને ફરીથી ચેતવું છું, મિ. મિત્તર કે હું...'

'તમે બહુ વધારે બોલબોલ કરો છો મગનલાલજી' એમને વચ્ચેથી જ અટકાવતાં ફેલુદા બોલ્યા, 'તમને બોલતા બંધ કરવા જ પડશે.' પછી અમારા તરફ વળી કહે, 'તોપસે, તમે બંને આ માણસને પકડી રાખો.'

મારા એકલાનું તો એ કામ નહોતું અને લાલમોહનબાબુને તો સ્વપ્નેય ખયાલ નહિ હોય કે સમગ્ર બાજી આમ એકાએક પલટાઈ જશે. નેપાળી અને બંગાળી પોલીસો પણ હજી પૂરેપૂરા માહિતગાર ન હોઈ અમારો આ ખેલ સજગ રહી જોઈ રહ્યા હતા.

મગનલાલને અમે બંને જણે મળીને સૉફા પર જોરપૂર્વક બેસારી રાખ્યા. ફેલુદાએ પોતાના ખિસ્સામાંથી બે વસ્તુ બહાર કાઢી. એમાંની એક હતી શુગરક્યુબ જે એમણે મગનલાલના આશ્ચર્યથી ખુલ્લા રહી ગએલા મોંમાં નાખી દીધી. ફેલુદા ક્રિક સ્ટ્રીટમાં સવારે ગએલા તે ત્યાંના હિપ્પીઓ પાસેથી આ ક્યુબ લેવા જ ગયા હશે એમ મને હવે સમજાઈ ગયું. બીજી ચીજ હતી એડહેસિવ ટેપ. જેમાંથી એક ટુકડો ફાડી લઈ ફેલુદાએ મગનલાલના મોં પર ચોડી દીધો. મગનલાલ હવે કંઈ બોલી શ તેમ નહોતા.

છેલ્લે ખિસ્સામાંથી સિગારેટ કેસ જેવી ચીજ કાઢી નેપાળી પોલીસઅફસરના હાથમાં મૂકતાં કહ્યું, 'આ મિનિ ટેપરેકૉર્ડર છે. આ ઓરડામાં દાખલ થતાં જ મેં એ ચાલુ કરેલું એટલે આપના આવવા પૂર્વે મગનલાલજીએ પોતાના બનાવટી દવાઓના કારોબાર વિષે જે કંઈ કહેલું, એ એમના પોતાના જ સ્વરમાં એમાં ટેપ થએલું છે. આપ તે જરૂર પડયે સાંભળી શકશો.'

'જનસંપર્ક'ના પોતાના કામ દરમિયાન બાટરા કદાચ મગનલાલના પરિચયમાં આવ્યા હશે,' તેરાઈના બંગલેથી પાછા ફરતાં માર્ગમાં કાઠમંડુથી એંસી કિલોમીટર દૂર સાડાસાત હજાર ફૂટની ઊંચાઇએ 'દામન વ્યૂ ટાવર' નામની એક લૉજની અગાશીમાં અમે કૉફી અને નાસ્તા માટે રોકાયા હતા, ત્યારે ફેલુદાએ આ અંગે વાત કરતાં કહ્યું. અમારા ત્રણ ઉપરાંત, ડૉક્ટર દિવાકર, નેપાળ પોલીસના સબ-ઈન્સ્પેક્ટર મિ. શર્મા તથા કલકત્તા હોમીસાઈડ ડિપાર્ટમેન્ટના ઈન્સ્પેક્ટર મિ. જોઆરદાર પણ સાથે હતા.

ડૉ. દિવાકર તેરાઈના એ બંગલામાંના બેડરૂમમાંથી હાથપગ બાંધેલી હાલતમાં મળી આવ્યા હતા. એ હાલતમાં યે તેઓ પગ વડે ભોંય ઉપર ઠોકઠોક કરતા હતા. ત્યાંની શાંતિમાં તમરાના અવાજની વચ્ચે જે આછી ઠકઠક સંભળાતી હતી તે આ કારણે જ. ગુપ્તચર દ્વારા મગનલાલને ખબર પડી ગઈ હતી કે ડૉ. દિવાકરે પોતાને ત્યાંની દવાની પરીક્ષા કરાવી હતી. પોતાના રાઈટહૅન્ડ મૅન જગદીશ ઉર્ફે બાટરા દ્વારા આજે સવારે જ એક પેશન્ટની તાત્કાલીક સારવાર માટે લઈ જવાને

ઔષધીય વનસ્પતિ -૬

કુંવાર

પવનકુમાર જૈન

કુંવાર બહુ પરિચિત છોડ છે. આમ તો દરિયાકિનારાની રેતાળ જમીનમાં, વાડી-ખેતરની વાડમાં કે ખંડિયેરોમાં એ ઊગી નીકળેલો જોવા મળે છે. એના ઔષધીય ગુણોને કારણે ઘણા લોકો ઘરના આંગણામાં કે કૂંડામાં પણ ઉગાડે છે. મરાઠીમાં કોરકંદ કે કોરકાંટા; હિન્દીમાં કુમારી કે ઘીકુમારી; સંસ્કૃતમાં કુમારી કે ઘૃતકુમારી અને અંગ્રેજીમાં Aloes નામે એ ઓળખાય છે. Aloe Barbadenis Mill એ તેનું શાસ્ત્રીય નામ છે.

કુંવારના છોડ ૬૦થી ૯૦ સે.મી. ઊંચા વધે છે. મૂળ પાસેથી તેના નવાનવા ફણગા ફૂટતા જાય છે જે આગળ જતાં સ્વતંત્ર છોડ રૂપે વિકાસ પામે છે. છોડને ભાંગતાં એમાંથી અણગમતી ઉગ્ર વાસવાળો ચીકણો રસ નીકળે છે જે ઠરીને જામી જાય છે.

કુંવારનાં ફિક્કા લીલા રંગનાં પાન મૂળ પાસે ભૂંગળી જેવાં અને આગળ વધતાં પહોળાં થઈ છેડે બુઠ્ઠી અણીવાળાં બને છે. આ પાનની કિનારી પર હારબંધ તીણા કાંટા હોય છે. પાનની અંદર પુષ્કળ ગર હોઈ તે બહુ જાડા લાગે છે, ને તોડતાં તેમાંથી ચીકણો ઘાટો રસ ટપકે છે. ગરમ હવામાનમાં પાનનો રંગ થોડી મેલી રતાશ પકડે છે, પણ ચોમાસામાં હવામાં ભેજ ભળે ત્યારે કે એકાદ વાર વરસાદના છાંટા પડે ત્યારે તેની લીલાશ ખીલી ઊઠે છે.

વરસાદ ઊતરતાં એટલે કે ડિસેમ્બરથી એપ્રિલના અરસામાં કુંવારના પુખ્ત છોડમાંથી એક લાંબી સોટી જેવી પાતળી દાંડી ઊગે છે જે એકથી દોઢ મીટર ઊંચી જતાં તેની ટોચે નાના બાળકની ટચલી આંગળી જેવડાં અને નીચે ઢળતાં રતૂમડાં ફૂલ આવે છે. દાંડી ઉપર ચારે બાજુ હારબંધ ઊગતાં આ ફૂલ આગળના છેડે ખૂલતાં ભૂંગળી જેવાં હોય છે. તેની વાસ થોડી ઉગ્ર અને સ્વાદ જરા ગળચટો હોય છે. કુંવારમાં ઊગતી આ દાંડીને શેલરું કે શેલડું કહે છે.

કુંવારનું ફળ દોઢ-બે સે.મી. લાંબું ને એકાદ સે.મી. પહોળું ત્રણ પાસાવાળું લંબગોળાકાર હોય છે. ફિક્કી જાંબલી ઝાંયવાળા ભૂખરા રંગનાં આ ફળ પાકીને સુકાય ત્યારે ફાટીને તેમાંનાં બીજ નજરે પડે છે.

ચિકિત્સા-પ્રયોગ: આમ તો કુંવારના અનેક ઘરગથ્થુ ઔષધીય પ્રયોગો છે, પણ તેમાંથી બનતો વિવિધ ઔષધયુક્ત 'કુમાર્યાસવ' કે 'કુમારી-આસવ' સ્ત્રીઓની અટકાવ અંગેની ફરિયાદોમાં અકસીર ગણાય છે. જમ્યા પછી એકાદ કલાક બાદ દિવસમાં બે વાર તે લાંબો સમય નિયમિત લેતા રહેવાથી સ્ત્રીઓનો માસિક અટકાવ પ્રમાણસર અને નિયમિત થાય છે. આ પ્રયોગ બેથી ચાર માસનો છે.

બરોળ (પ્લીહા–Spleen) વધી હોય તો અર્ધી ચમચી દળેલી હળદર અને બે ચમચી કુંવારના રસની એક વારની માત્રા મુજબ સવાર-સાંજ ચાટી જવાથી પંદરેક દિવસમાં તેનો ફાયદો દેખાવા માંડે તો સારું થઈ જાય ત્યાં સુધી આ પ્રયોગ જારી રાખવો.

અકસ્માત અગ્નિથી દાઝી જવાય તો દાઝેલા ભાગ ઉપર કુંવારનું પાન તોડી તેમાંથી નીકળતો રસ ચોપડવાથી બળતરા શાંત થાય છે.

ધાવણ જામી જઈને સ્તન કઠણ થઈ જઈ સોજો આવે તો કુંવારના પાનમાંનો ગર દળેલી હળદર સાથે ભેળવીને લેપ કરવો.

વિશેષ: કુંવાર એ છોડનું નામ છે અને તેના પાનને 'કુંવાર પાઠું' કે 'લાળુ' કહે છે. આ લાળામાંથી નીકળતો ઘાટો ચીકણો રસ સુકાઈને જે ઘન પદાર્થ બને તે 'એળિયો'. સ્વાદમાં એળિયો બહુ કડવો હોય છે, અને અનેક ઔષધોમાં વપરાય છે. કુંવારમાંથી ફૂટતી દાંડી-શેલડું ગામડામાં અથાણું બનાવી ઉપયોગમાં લેવાય છે. આયુર્વેદમાં કુંવારને ગુણમાં શીતલ, કડવી, રસાયન, રેચક, શોધક, અગ્નિદીપક, ભેદક, મધુર, પુષ્ટિકર, બલકર અને વૃષ્ય કહેલ છે. વિષદોષ, કફ, પિત્ત, જ્વર, દમ, ઉધરસ, પ્લીહા, ગુલ્મવાત, યકૃત, રક્તવિકાર, અગ્નિદગ્ધ વ્રણ તથા રક્તપિત્તના રોગમાં ગુણકારી મનાય છે. કુંવારનાં ફૂલ વાત, પિત્ત અને કૃમિનો નાશ કરે છે. કુંવારપાઠાના બંધાણથી પેટની ગાંઠ ગળે છે. આર્તવશુદ્ધિ માટે એળિયો પણ વપરાય છે.

કુમાર્યાસવ પેટનું શૂળ, કબજિયાત, બરોળની વૃદ્ધિ આંત્રવૃદ્ધિ વગેરે માટે લાભકર છે. સાદા તાવ, અર્શ, વાતરક્ત ને ફટકિયાં ગૂમડાં વગેરે માટે પણ તે વપરાય છે. 'કુમારિકાઘૃત' પણ એક જાણીતી દવા છે. મૂળ સહિત ઉખાડેલો કુંવારનો છોડ હવામાં લટકાવી રાખ્યો હોય તો પણ વૃદ્ધિ પામે છે, આથી કુંવારને ગૃહકન્યા, તરુણી, અજરા, અમરા, સુરસા, અતિવિચ્છિલા વગેરે નામે પણ ઓળખાવાય છે. □



કુંવારનો છોડ અને તેનું શેલડું

બાડાને બોલાવી મગનલાલ એમને આ બંગલે ઉઠાવી લાવ્યા હતા.

મગનલાલ અને એમની ટોળીને પોલીસવાનમાં કાઠમંડુ લઈ જવામાં આવી હતી. ફેલુદાએ મગનલાલને ખવરાવેલી એલ.એસ.ડી.-યુક્ત શુગરક્યુબનો શો પ્રભાવ પડ્યો તેની જાણ કાલ સવાર પહેલાં નહિ થઈ શકે. અત્યારે ઘડિયાળમાં પાંચની ઉપર પાંચ મિનિટ થઈ છે. હવે કદાચ થોડા જ સમયમાં અમારી આસપાસના હિમાલયનાં આ શિખરો પર સૂર્યાસ્તની સોનેરી આભા ફેલાઈ જશે.

ફેલુદા બોલી રહ્યા હતા: 'બાટરા બહુ ચાલાક આદમી છે. નેપાળ અને ભારત વચ્ચે અવારનવાર એને આવજા કરવાનું બનતું રહે છે એ જાણ્યા પછી મગનલાલને આ માણસ ઉપયોગી લાગ્યો અને એને પોતાના ગોરખધંધામાં સંડોવ્યો.

'અનિકેન્દ્ર સોમને શંકા ગઈ છે અને એ દવાની શુદ્ધતાની તપાસ કરાવવા અંગે હીલચાલ કરી રહ્યા છે એ જાણતાં મગનલાલે એમને પોતાના માર્ગમાંથી હટાવવા બાટરાનો ઉપયોગ કર્યો. મિ. સોમ કલકત્તા આવ્યા ત્યારે એણે બાટરાને એમની સાથે મોકલ્યો. એરપોર્ટ પર કે પ્લેનમાં બાટરાએ મિ. સોમનો સંપર્ક સાધ્યો હશે. જો કે બાટરાએ

મને એ જણાવ્યું નહિ. પણ મિ. સોમની નોંધમાં એ. બી. સંબંધે વધુ જાણવું જરૂરી છે એવી એક નોંધ પણ છે. પ્રથમ તો એ. બી. એટલે ઍન્ટી-બાયોટિક્સ એવું હું સમજ્યો પણ પછી જ્યારે બાટરાનું નામ અનંતલાલ છે એ જાણ્યું ત્યારે સમજી ગયો કે મિ. સોમ આ અનંતલાલ બાટરા વિષે વધુ જાણવા ઇચ્છતા હશે. સંભવ છે કે એની સાથે થએલી વાતચીત પરથી મિ. સોમને બાટરા અંગે સંદેહ જાગ્યો હશે.

'બનવા જોગ છે કે વાતો પરથી બાટરા કદાચ જાણી ગયો હશે કે કલકત્તામાં મિ. સોમ મને પણ મળશે. મારા નામથી બાટરા પરિચિત હશે. વળી, જો એ મિ. સોમનું ખૂન કરે તો હું જ એ અંગે તપાસ કરીશ એ પણ તે સમજી ગયો હશે.

'ન્યૂ માર્કેટમાં અકસ્માત અમારો ભેટો થઈ થઈ ગયો હતો એટલે એણે નકલી બાટરાનું પાત્ર ઊભું કરવાની બહુ ચાતુરીભરી યુક્તિ ઘડી કાઢી. મારી સાથે મુલાકાત થયા પછી તુરત એણે કોઈ કપડાંની દુકાનમાં જઈ એના ટ્રાયલ રૂમમાં વેષ બદલી ભડક રંગનું બુશશર્ટ પહેરી અમારાથી તદ્દન અપરિચિત એવી એક અલગ વ્યક્તિ તરીકે અમારું લક્ષ દોરાય તે રીતે અમારી પાસેથી પસાર થયો. આમ, એણે મિ. બાટરા એટલે કે પોતે તથા પોતાના જેવી જ એક બીજી વ્યક્તિ, એટલે કે નકલી બાટરાની છાપ અમારા મનમાં ઊભી કરી.

'બીજે દિવસે સાંજે મારે ઘેર આવી પોતાના જેવી જ દેખાતી એક અન્ય વ્યક્તિ પણ હોવાની એ છાપ અમારા મનમાં વધુ દૃઢ કરવાની કોશિશ કરી અને તેના થકી પોતે મુશ્કેલીમાં મુકાતો હોવાની વાત કરી. તે પછીના જ દિવસે સવારે નવ વાગ્યે એની કાઠમંડુની ફ્લાઈટ હતી. સામાન લઈ ટૅક્સી કરીને પાંચ વાગ્યે સેન્ટ્રલ હોટેલ પર પહોંચી જઇ એણે મિ. સોમનું ખૂન કર્યું અને પછી સીધો એ ઍરપોર્ટ ચાલ્યો ગયો. પેલી કુકરી એણે જાણી જોઇને ત્યાં રહેવા દીધી, જેથી હું માની લઉં કે ગ્રાન્ડ હોટેલમાં અસલ મિ. બાટરાના નામે જે માણસે એ ખરીદી હતી તે માણસે, એટલે કે નકલી બાટરાએ જ આ ખૂન કરીને એને તેમાં સંડોવ્યો હતો.'

'પણ તમને પહેલીવાર ક્યારે શક પડ્યો?' ઇન્સ્પે. જોઆરદારે પૂછ્યું.

'ન્યૂ માર્કેટમાં એની એક જૂની ફાઉન્ટનપેન વડે મેં એની ડાયરીમાં મારું સરનામું લખી આપ્યું હતું. એણે એ મારી પાસે એટલા સારુ લખાવેલું કે જો પોતે લખત તો એ એણે ડાબા હાથે જ લખવું પડત. જ્યારે એણે ઘડેલી યોજના પ્રમાણે તેને એવી છાપ ઊભી કરવી હતી કે નકલી બાટરા ડાબોડી છે. પણ ડાબોડી માણસ થોડા દિવસ સુધી એકની એક જ પેન વડે લખે તો તેની નિબ ઉપર એની લખવાની ઢબને કારણે એક ખાસ પ્રકારનો ઘસારો લાગે છે. એ પછી એ જ પેન વડે કોઈ જમણા હાથે લખે તો તેને જરા અગવડ પડે. એવી સામાન્ય તકલીફ મેં પણ એની પેન વડે લખતાં અનુભવેલી. પરંતુ એ વેળા તે પ્રતિ ખાસ ધ્યાન આપેલું નહિ. પછી જ્યારે જાણ્યું કે મિ. સોમનો ખૂની ડાબોડી હોવાની શંકા છે ત્યારે પહેલી વાર આંચકો લાગ્યો; અને એ જ વખતે મેં આ અંગે ઊંડી તપાસ કરવાનું નક્કી કરી લીધેલું. પણ અહીં આવ્યા પછી એક નહિ પણ બે ખૂન થયાનું જાણવા મળશે તેવી તો ત્યારે કલ્પના જ ન હતી.'

'બે ખૂન?!' લાલમોહનબાબુએ આશ્ચર્ય પામતાં પ્રશ્ન કર્યો. જો કે આશ્ચર્ય તો અમને સૌને પણ થયું કે ફેલુદા વળી બીજા કયા ખૂનની વાત કરતા હતા?

અંતે ડૉ. દિવાકરે મોં ખોલ્યું, 'મિ. મિત્તર બરાબર કહે છે. એમના કહેવા મુજબ મેં ટિટેનસનું ઇન્જેક્શન ટેસ્ટ કરાવી જોયું હતું. એનો રિપોર્ટ પહોંચાડવાની મને તક જ મળી નહિ. એમાં ખરેખર પાણી જ હતું. એટલે એવું બનાવટી ઇન્જેક્શન આપ્યા પછી દર્દીનું મોત થાય એ એક રીતે તો ખૂન જ ગણાય. બનાવટી દવા વેચનાર એ રીતે ખૂની જ ગણાય.'

'પણ હું બનાવટી દવાની વાત નથી કરતો'. ફેલુદાએ ફોડ પાડતાં કહ્યું. આ સાંભળી ડૉ. દિવાકર અવાક્ બની ફેલુદા ભણી તાકી રહ્યા. પહાડનાં શિખરો પર સંધ્યાનો સોનેરી રંગ ફેલાઈ ગયો હતો. કદાચ એથી બધાના ચહેરા પીળા લાગતા હતા.

'તો પછી શાની વાત કરો છો?' અંતે ડૉ. દિવાકરે પૂછ્યું.

'એ કહેતાં પહેલાં હું એક બીજી વાત કરું. હિમાદ્રી ચક્રવર્તીએ ત્રણેક વર્ષ પહેલાં આવું જ એક કૌભાંડ ઉઘાડું પાડ્યું હતું. તે પછી બનાવટી દવાઓના આ નવા કૌભાંડ અંગે પણ એને સંદેહ જાગ્યો હતો. આ વાત અમને હરિનાથબાબુએ જણાવી હતી. મગનલાલને પણ હિમાદ્રિમાં જાગેલી શંકા અંગે જાણ થઈ ગઈ હોય તો પોતાના માર્ગમાંથી હિમાદ્રિને દૂર કરવા માટે એને એક સચોટ કારણ મળી રહે છે. અને મગનલાલ આવી બાબતમાં પાછો પડે એમ નથી જ.'

'પણ મગનલાલ હિમાદ્રિને શી રીતે દૂર કરે?'

'એનો રસ્તો છે, જો મગનલાલ કોઈ ડાક્ટરને સાધી શકે તો.'

'ડૉક્ટર!?' ડૉ. દિવાકરે આશ્ચર્ય પામતાં પૂછ્યું.

'હા, ડૉક્ટર!' ફેલુદાએ પણ ટૂંકમાં જ જવાબ આપ્યો.

'કયા ડૉક્ટરની તમે વાત કરો છો, મિ. મિત્તર?'

'એવો ડૉકટર, જેની આર્થિક પરિસ્થિતિ હાલમાં ઘણી જ સુધરી ગઈ હોય. નવી ગાડી, નવો બંગલો, સોનાનું ઘડિયાળ, સોનાની ચેન, ચશ્માં...'

'મિ. મિત્તર, તમે આ બધું શું નૉનસેન્સ...'

'જે ડૉક્ટર જરાશો સામાન્ય ઉઝરડો જોઈ ટિટેનસની મુદ્દલ સંભાવના ન હોવા છતાં યે ધનુરનું ઇન્જેક્શન આપવા તૈયાર થઈ જાય.'

'પણ પાણી વડે કંઈ ખૂન કરી શકાય?' કાંપતા સ્વરે પણ જોરથી ઘાંટો પાડતા ડૉ. દિવાકરે પૂછ્યું.


'ના, પાણી વડે ન કરી શકાય, પણ ઝેર વડે કરી શકાય.' ફેલુદાના અવાજમાં હવે જરા ઉત્તેજના ભળી હતી, 'ડૉ. દિવાકર! ઝેર આપીને તો ખૂન થઈ શકે ને? સ્ટ્રિક્નીન! એ એક એવું ઝેર છે. એની પ્રતિક્રિયા અને ટિટેનસનાં લક્ષણો વચ્ચે ભેદ પાડવો મુશ્કેલ છે. ખરું ને મિ. જોઆરદાર?'

ઇન્સ્પેક્ટર જોઆરદારે માથું હલાવી સંમતિ દર્શાવી. ખુરશીમાં લગભગ ઊભા થઈ ગએલા ડૉ. દિવાકર ઢળી પડ્યા, એટલું જ નહિ. ત્યાંથી ભોંય પર જઈ પડ્યા.

મૂળ કથા અહીં જ પૂરી થાય છે. પણ તેમાં આ ત્રણ બાબત પૂરક તરીકે જોડી શકાય: એક તો એલ.એસ.ડી. પેટમાં ગયા પછી મગનલાલ પર તેની સારી પ્રતિક્રિયા થઈ નહોતી. કાચી જેલની કોટડીમાં પુરાયા પછી એમણે કલાકો સુધી ભીંત પર નખોરિયાં ભર્યાં કર્યાં હતાં ને પછી જે કંઈ પોચી ચીજ હાથ ચડે તેને કાશીની કચોરીગલીની વાનગી સમજી બચકાં ભરીભરી ચાવી ખાવા મથામણ કરી હતી.

બીજું, બનાવટી દવાના કૌભાંડની સાથેસાથે બનાવટી નોટોનું કૌભાંડ પકડાવી દેવા બદલ નેપાળ સરકારે ફેલુદાને સારો એવો પુરસ્કાર આપ્યો હતો. જેમાંથી કાઠમંડુનો બધો ખર્ચ બાદ કરતાં યે અમારી પાસે ખાસ્સી રકમ બચી હતી.

ત્રીજું, લાલમોહનબાબુની તીવ્ર ઇચ્છા હતી કે અમારા આ કાઠમંડુના સાહસની કથાનું શીર્ષક 'ઓમ્ મણિ પદ્મે હુમિસાઈડ' રાખવું. પણ જ્યારે મેં કહ્યું કે એ બહુ વધુ પડતું કહેવાશે ત્યારે કેવળ 'હુમમ' કહીને પોતાની નારાજગી દર્શાવી; જરા ચિડાઇને અમારા સૉફા પર બેસી જઈ તેઓ જપયંત્ર ફેરવવા લાગી ગયા હતા. (સંપૂર્ણ)



વી. ટી. ટ્રમ્પર

ટેસ્ટ ક્રિકેટ-શતાબ્દીની વિશ્વ-એકાદશ-૧

ઈ. ૧૮૭૭થી ૧૯૭૭ એ ટેસ્ટ-ક્રિકેટની એક સદી. એની ઉજવણીમાં માર્ચ ૧૯૭૭માં શતાબ્દી-ટેસ્ટ રમાએલી. એ માર્ચ માસથી જ મનમાં એક પ્રશ્ન ઊઠયા કરતો હતો. ટેસ્ટ-શતાબ્દીની 'વિશ્વ-એકાદશ'નું ચયન કર્યું હોય તો ? અને પછી તો મનમાં કેટલાય ક્રિકેટરોની આવ-જા ચાલી. મુદ્દો ચર્ચાસ્પદ ઓછો એટલે એ રીતે તેમાં રસ જ નહિ. લોભ હતો એ બહાને ઉત્તમ ખેલાડીઓનાં વ્યક્તિત્વને વાગોળવા, મમળાવવા, સરખાવવાનો. આ લાલચમાંથી આ લેખમાળાએ જન્મ લીધો. ઉક્ત સો વર્ષના ગાળાની મારી દૃષ્ટિએ શ્રેષ્ઠ એવી 'વિશ્વ-એકાદશ' અગિયાર સર્વોત્તમ ખેલાડીઓનોનો પરિચય આ શ્રેણીમાં આવશે. છેલ્લે 'બારમા ખેલાડી'નો કે 'અનામત'નો ઉમેરો થઈ પણ જાય! પસંદગીમાં મેં ખાસ દ્વિધા નથી અનુભવી. બોલરો બાબત કદાચ થોડો વિવાદ રહે, પરંતુ સૈદ્ધાંતિક રીતે બધા પ્રકારને સ્થાન આપ્યું છે ને તેમાં સર્વોત્તમ લાગ્યા તેને લીધા છે. આ વિચારથી સ્પિન-ક્ષેત્ર પણ અકબંધ રાખ્યું છે. આપણે સૌ અને આ એકાદશના સભ્યો કેવા નસીબદાર છીએ કે આ લેખમાળાનો ને અલબત્ત, આ ટીમના કાલ્પનિક દાવાનો પણ આરંભ ક્રિકેટની નૈસર્ગિકતા ને કવિતા જેમાં મૂર્તિમંત થઈ હતી તેવા સ્વ. ટ્રમ્પરથી થાય છે!

—ભરત ના. ભટ્ટ—

સીડનીના માર્ગો, ગલીઓ અને બારી-ઝરૂખે એકઠી થયેલી માનવમેદની એક પાર્થિવ દેહને અશ્રુભીની અંતિમ વિદાય આપી રહી હતી. ઈ. ૧૯૧૫ની ૨૬ જૂનના તે દિવસે ત્યા બધા ધ્વજ અર્ધી કાઠીએ ફરકયા હતા. પ્રથમ વિશ્વયુદ્ધ ચાલતું હોવા છતા ઈંગ્લૅન્ડનાં જાણીતાં દૈનિકોએ આ સમાચાર પ્રથમ પાને, મોટા અક્ષરે છાપ્યા હતા. બિનરાજકીય વ્યક્તિની આવી ભવ્ય વિદાય કોઈ પણ પાટનગર માટે કલ્પનાતીત હતી. ઑસ્ટ્રેલિયાના અગિયાર ક્રિકેટરોએ ખાંધે ઉપાડેલો એ ક્ષર દેહ હતો વિકટર થૉમસ ટ્રમ્પરનો. તેમના જતાં, અદ્વિતીય ઇંગ્લિશ કૉમેન્ટેટર જ્હૉન આર્લોટે લખેલું :

'Recorded centuries leave no trace,
on memory of that timeless grace.'


આડત્રીસમે વર્ષે થયેલા ટ્રમ્પરના આ અકાળ અવસાનનું આશ્વાસન નૅવિલ કાર્ડસે આ રીતે લીધેલું : 'God of cricket wanted him, so he died young.'

તા. ૨-૧૧-૧૮૭૭ના રોજ સીડનીમાં જન્મેલા, દંતકથાના નાયક સમા ટ્રમ્પરની આરંભની કારકિર્દી ઠીકઠીક અનિશ્ચિત હતી. ૧૬ વર્ષની વયે સીડનીની એક ક્લબમાં તેમની ક્રિકેટ-કારકિર્દી આરંભાઈ. ઈ. ૧૮૯૪માં સ્ટોડાર્ટની ઇંગ્લિશ ટીમ સામે, સીધા બીમારીની પથારીએથી ઊઠીને ટ્રમ્પર પોતાની પ્રથમ મહત્ત્વની મૅચ રમ્યા ને લૉકવૂડ પીલ જેવા સામે ૬૭ રન કર્યા! એ જ વર્ષે તેઓ પોતાના રાજ્ય, ન્યૂ સાઉથ વેલ્સ વતી, ક્વિન્સલૅન્ડ સામે શેફિલ્ડ શિલ્ડમાં રમ્યા, પણ નિષ્ફળ! બે વર્ષ સુધી કોઇએ તેમને સંભાર્યા નહિ. ૧૮૯૬માં તેઓ સીડનીની પડિંગ્ટન ક્લબમાં જોડાયા ને આંતર-ક્લબોની મૅચોમાં ૮ દાવમાં ૧૦૨૧ રન કરી ક્રિકેટ વીર (હીરો) બની ગયા. આમ છતાં પ્રચાર-પ્રસારનાં ટાંચાં સાધનો થકી ત્યારના આ નાના શહેર સિવાય તેમની ખ્યાતિ કેટલે પ્રસરે ?

ઈ. ૧૮૯૭-'૯૮માં તેઓ ફરી રાજ્ય કક્ષાએ પસંદ થયા. દ. ઑસ્ટ્રેલિયા સામેની મૅચમાં જગતના તત્કાલીન સૌથી ઝડપી બોલર અર્નેસ્ટ જ્હૉન્સ સામે તેમને ઑપનિંગમાં મોકલ્યા. જ્હૉન્સે આરંભમાં જ બે વિકેટો ખખડાવી ને સુકાની નૉબલ ટ્રમ્પર સાથે જોડાયા. એક-બે બૉલ રમી નૉબલે ટ્રમ્પરને કાનમાં કહ્યું : 'તને નથી લાગતું કે જ્હૉન્સ થા કરી રહ્યા છે ?' ટ્રમ્પર કહે : 'હા, મને પણ એમ જ લાગે છે. પરંતુ કોઇને કહેશો નહિ, નહિતર તેને બોલિંગમાંથી ખેસવી લેશે.' અને પછી નૉબલ લખે છે : 'ટ્રમ્પરે જ્હૉન્સની બોલિંગના ટુકડેટુકડા કરી નાખ્યા.'

આમ છતાં ૧૮૯૭-'૯૮ની પ્રવાસી ઇંગ્લિશ ટીમ સામે તેઓ ટેસ્ટ રમ્યા નહોતા. વાસ્તવમાં ટ્રમ્પરની રમત નૈસર્ગિક અને મુક્ત હતી; પદ્ધતિસરની, પરંપરાબદ્ધ અને ગણતરીવાળી નહોતી. તેમનો આ અભિગમ 'મરજાદી' ઑસ્ટ્રેલિયન મર્મજ્ઞોને સંતોષી શકયો નહોતો. ૧૮૯૯માં પણ તેઓ ઇંગ્લૅન્ડ જતી ટીમમાં પસંદ થયા નહોતા. પરંતુ વિશાળ જનમતની માગ અને દેશવ્યાપી આંદોલન થતાં તેમને ટીમમાં સમાવવાની બોર્ડને ફરજ પડી. તા. ૧ જૂન ૧૮૯૯ના રોજ ટ્રૅન્ટબ્રિજ ખાતે તેમણે ટેસ્ટ પ્રવેશ કરી ૧૧ રન કર્યા. લૉર્ડ્ઝ ખાતેની બીજી ટેસ્ટમાં ઉક્ત નિષ્ફળતાને નામ:શેષ કરતી એમણે સુંદર રમત બતાવી. ૧૩૫ રનની એ સદી વિશે અલ્થામ લખે છે : 'Before he had batted for half an hour, it was obvious that a new star of unsurpassed brilliance and charm joined the cluster of southern cross.'

માંદગીની પથારીમાંથી ઊઠીને તેઓ સ્ટોડાર્ટની ટીમ સામે રમ્યા ત્યારથી માંડીને બીમારીએ તેમને પંચમહાભૂતમાં ભેળવ્યા ત્યાં સુધી આ અસાધારણ વ્યક્તિત્વમાં, નળરાજાના દેહમાં કળિ પેસી ગયો હતો તેમ, માંદગીએ કાયમનો વાસ કર્યો હતો. આમ છતાં તેઓ માંદગીને કારણે એક પણ ટેસ્ટ ચૂકયા નથી.



△ વી. ટી. ટ્રમ્પર–બૅટિંગની પોતાની લાક્ષણિક અદામાં △

ઈ. ૧૯૦૨નો ઇંગ્લૅન્ડનો પ્રવાસ ટ્રમ્પર માટે યશસ્વી રહ્યો. ઇંગ્લૅન્ડની એ કદાચ સૌથી વધુ ભીની સીઝનમાં, ભીની અને બગડેલી પિચો પર બંને ટીમના બધા બૅટ્સમેનો મૂંઝાતા–હેરાન થતા હતા ત્યારે ટ્રમ્પરે (પ્રવાસીઓની કુલ ૧૩ સદીઓમાંથી) ૧૧ સદીઓ સાથે ૨૫૭૦ રન કર્યા ! માન્ચેસ્ટર સાથેની ચોથી ટેસ્ટમાં, ૧૦૫ મિનિટમાં સદી નોંધાવીને, ટ્રમ્પર ટેસ્ટના પ્રથમ દિવસે લંચ પહેલાં સદી કરનાર પહેલા બૅટ્સમૅન બન્યા.

ઈ. ૧૯૦૩–'૦૪ની ગૃહ-શ્રેણીમાં સીડની ખાતે તેઓએ અલૌકિક બૅટિંગ કરેલું. પ્રવાસી ઇંગ્લિશ ટીમના ફૉસ્ટરે ૨૮૭ (ટેસ્ટ પ્રવેશ) રન ફટકાર્યા ને ઇંગ્લૅન્ડને ૨૯૨ રનની સરસાઈ મળી. બીજા દાવમાં ઑસ્ટ્રેલિયાની ૧૯૧ રને ત્રીજી વિકેટ પડી ને ટ્રમ્પર વિકેટ તરફ ચાલ્યા. સ્ટેડિયમ આખું તાળીઓથી ગાજી ઊઠ્યું. આ આગમન વિષે ઇંગ્લિશ ક્રિકેટર નાઈટ લખે છે: 'ફિક્કા ચહેરાવાળી પણ નાદુરસ્તીભરી નાજુકાઈને કારણે સમતાસભર બનેલી એક ચંચળ આકૃતિ વિકેટ તરફ ચાલી. કોઈ આભૂષણ કે રંગો તેના પહેરવેશને વિશિષ્ટતા નહોતાં બક્ષતાં ને છતાં એનું વ્યક્તિત્વ સમગ્ર સ્ટેડિયમ પર છવાઈ ગયું હતું. મોહિની તેના ફટકાઓના આશ્ચર્યકારક વૈવિધ્યમાં જ નહોતી, કે નહોતી તેની મુખર કાર્યાન્વિતીમાં. તે માનવ એવું કૌતક વરસાવતો હતો જે તેનામાં હોવા કરતાં તે સ્વયં હતું. છલકાતી ઉસ્તાદીથી છતાં પરિશ્રમહીન નૈસર્ગિકતાથી તે દડાને કલ્પ્ય એવી બધી દિશાઓમાં મોકલતો હતો.' તે દાવમાં ૯૪ મિનિટમાં સદી કરી તેઓ અંતે ૧૮૫ રને (૨૩૦ મિનિટ) અણનમ રહેલા. તેમના આ દાવ વિશે તે મૅચના ઇંગ્લિશ વિકેટકીપર લીલેએ કહેલું : 'I rate this innings as positively the best that I ever saw. it equalled Foster's in brillianc and even surpassed it in versatility.' આ સીરીઝમાં ટ્રમ્પરે ૬૩–૭૭ની સરાસરીથી ૫૭૪ રન કરેલા.

આ પછી ૧૯૦૫, ૧૯૦૭–'૦૮, ૧૯૦૯ અને ૧૯૧૧–'૧૨ એમ ચાર સીરીઝો તેઓ ઇંગ્લૅન્ડ સામે રમ્યા, પરંતુ તબિયતે તેમને પાછા પાડવા માંડ્યા ને તેમની તેજસ્વિતાએ માત્ર ઝબકારા જ આપ્યા. આ ગાળામાં ૧૯૧૦–'૧૧ની દક્ષિણઆફ્રિકા સામેની ગૃહશ્રેણીમાં એક વાર ફરી તેમનું સત્ત્વ ઝળક્યું. ૨૧૪ (નોટ આઉટ)ના પોતાના સર્વોત્તમ ટેસ્ટ જુમલા સાથે તેમણે ૬૬૧ (સરાસરી ૭૪·૪૨) રન કર્યા. ક્રિકેટ-તજ્જ્ઞો આને સૂર્યનો સંધ્યાઝબકારો ગણે છે. તા. ૨૮ ફેબ્રુ. '૧૨ના રોજ સીડની ખાતે ઇંગ્લૅન્ડ સામે તેમણે ૫૦ રન કર્યા. જે તેમનો છેલ્લો દાવ બની રહ્યો. ૧૯૧૨ના ઇંગ્લૅન્ડના પ્રવાસે તેઓ ન ગયા જેનાં કારણોમાં અહીં નહીં ઊતરીએ. ૧૯૧૪માં ટ્રમ્પર ન્યૂ ઝીલૅન્ડના પ્રવાસે ગયેલા જ્યાં ક્રાઈસ્ટચર્ચ ખાતે, કૅન્ટરબરી સામે, લગભગ ૨૦૦ મિનિટમાં ૨૯૩ રન કરેલા. માર્ચમાં પોતાનો, પ્રથમ કક્ષાની મૅચનો છેલ્લો દાવ ન્યૂ ઝીલૅન્ડ સામેની બિન સત્તાવાર ટેસ્ટમાં ઑકલૅન્ડ ખાતે રમીને તેમણે ૮૧ રન કરેલા.

આમ, લગભગ ૧૭ વર્ષની વયે આરંભાએલી ટ્રમ્પરની ક્રિકેટ કારકિર્દી, ૧૯૧૪માં ૩૭ વર્ષની વયે પૂરી થઈ અને તે પછી પંદરેક માસમાં જ તેઓ અનંતની યાત્રાએ નીકળી પડ્યા.

ટ્રમ્પરની વિશેષતા શી? તેમની મહાનતા શામાં? જેટલા વેધક આ સવાલો છે તેટલા જ નિર્વિવાદ તેના જવાબો છે. ટ્રમ્પર એવા એક જ બૅટ્સમૅન છે જેમની મહાનતા આંકડાઓથી પર છતાં નિર્વિવાદ છે. જેમ કોઈ ઉત્કૃષ્ટ મુક્તક લઘુ હોવા છતાં ભાવકના અંતરને ભાવથી સભર કરી દે તેમ તેમના બૅટિંગમાં રહેલી કલાત્મકતા એટલી શુદ્ધ, વ્યાપક અને સ્વયંસંપૂર્ણ હતી કે તેમના એકાદ ફટકામાં જ તેનો પરિચય થઈ જાય. જ્યાં સુધી બૅટ્સમૅનશિપને લાગેવળગે ત્યાં સુધી, તેમણે મહાનતા સાથેના આંકડા-સરાસરીના સંબંધને નિઃશેષ કરી દીધા છે.

જો કે ટ્રમ્પરના આંકડા તત્કાલીનોની સરખામણીમાં અત્યંત નોંધપાત્ર છે, પ્રથમ વિશ્વયુદ્ધ સુધીના આંકડાઓ જોતાં આટલું સ્પષ્ટ છે: (અ) પ્રથમ કક્ષાની બધી મૅચોમાં કુલ ૧૬,૯૩૯ રન અને ૪૨ સદીઓ સાથે તેઓ ઑસ્ટ્રેલિયનોમાં મોખરે છે. (બ) ત્યાં સુધીમાં ટેસ્ટમાં કોઇએ તેમના જેટલા (૩૧૬૪) રન કે તેમના જેટલી (૮) સદીઓ નહોતી કરી.

ટ્રમ્પર નાજુક, પાતળા લાગે, પરંતુ ચહેરા, દેહયષ્ટિ અને ચાલચલગતથી અત્યંત સોહામણા—'મહાભારત'ના નકુલને શરમાવે તેવા. સાદાં કપડાં, હૅટ, બૅટ બધું તેમના થકી શોભા પામે. જેઓએ તેમને આસક્ત થઇને નિહાળ્યા છે તેમને પૂછીએ કે ટ્રમ્પર પોતે વધુ મોહક કે તેમની રમત? તો તે બધા મધુર અને અનંત દ્વિધામાં સરી પડે. જે સિદ્ધિ મેળવવા—જંગી મેદનીને આકર્ષવા—બ્રેડમૅને બેવડી-ત્રેવડી સદીઓ ફટકારવી પડે તે સિદ્ધિ ટ્રમ્પર, પોતાના રમત પ્રત્યેના અભિગમ માત્રથી મેળવી શકે. કેવળ એક જ વાર માત્ર ૨૦–૨૫ રન કરતા પણ તેમને જેમણે જોયા હોય તે કદી તેમને ભૂલે નહિ! ક્રિકેટ જગતે તેમને Beau ideal (આદર્શ સૌન્દર્ય મૂર્તિ)ના સિંહાસને બેસાડ્યા છે. તેમાં સૂર્યોદયની દિશા બદલે તો પણ ફેરફાર નહિ થાય.

બૅટ્સમૅન તરીકેનો તેમનો અભિગમ કેવળ નૈસર્ગિક. બૅટિંગ કરવું એ જાણે તેમની ૧૫મી મૂળભૂત વૃત્તિ ન હોય! જેટલી નૈસર્ગિકતા તેટલી જ નિર્ભીકતા અને તદ્દજન્ય નિર્બન્ધતા. માંચેસ્ટર ખાતે તેમણે ૧૦૪ રન કર્યા ત્યારે વરસાદ પછી પિચ સરળ અને આઉટફીલ્ડ ભીનું લપસણું. ટૉસ હારતાં ઇંગ્લિશ સુકાની મેકલૅરેને જોયું કે ઝડપી બોલર લૉકવૂડ લંચ સુધી બોલિંગ નહિ કરી શકે. આ ગાળામાં ટ્રમ્પરને કાબૂમાં રાખવા અનિવાર્ય હતા. તેમણે બધા ફિલ્ડરોને બાઉન્ડ્રી પર ગોઠવ્યા અને મૅચ શરૂ થઈ. તેઓ લખે છે,' ટ્રમ્પરે એક ડ્રાઈવ સાઈટ સ્ક્રીન પર ફટકાર્યો. ત્યાં હું ફીલ્ડર કેવી રીતે ગોઠવી શકું?' લંચ સુધીની ૧૧૯ મિનિટમાં ઑસ્ટ્રેલિયાના એક વિકેટે ૧૭૩ રન!

ટ્રમ્પરની વિકેટ ઉપર ઊભા રહેવાની પદ્ધતિ તદ્દન આરામયુક્ત, છતાં આકર્ષક સંભિવાળી. ડાબો હાથ બૅટના હાથાને છેડે હોય ને જમણો હાથાની મધ્યમાં – તેથી નીચે કદી નહિ. બૅટનો સીધો સ્પર્શ થાય તે હેતુથી તેઓ હાથા પર કદી કવર ન રાખે.

બૉલને જોઈ–પારખી લેવાની તેમની શક્તિ ખૂબ ત્વરિત ને ચોક્કસ. જ્યૉર્જ હર્સ્ટે કહેલું કે, 'ઘણી વાર બૉલ બોલરના હાથમાંથી છૂટે તે પહેલાં ટ્રમ્પર તેને પારખી લે.' ટ્રમ્પરના પગ ચિત્તા ના પગ જેવા ચંચળ – વિપળમાં ફૉરવર્ડ કે બૅકવર્ડ જઈ શકે. તેમનું 'ટાઇમિંગ' અત્યંત સિદ્ધ. બોલરની તાકાત જ તેમના ફટકાનું ચાલક બળ બની જાય. તત્કાલીન

પ્રસિદ્ધ ઝડપી બોલર લૉકવૂડે એક તેજ ગતિનો, ચોકર મિડલ અને લેગ-સ્ટમ્પ પર નાખ્યો ને વિકેટની ખાતરી સાથે અપીલ કરી અને પછી જોયું તો બૉલ બૅકફૂટ ગ્લાન્સ દ્વારા બાઉન્ડ્રીએ પહોંચી ગયો હતો !

ટ્રમ્પરના અદ્વિતીય ફટકા વર્ણવતાં તેમના સુકાની નૉબલે કહ્યું છે: 'ઝડપી ઓવર પિચ્ડ, મિડલ સ્ટમ્પ પરના દડાને હાફવોલી પર લઈ, ફોરવર્ડ શૉર્ટલેગ પાસેની મિડવિકેટ બાઉન્ડ્રી પર, નજરચૂક ગતિએ મોકલી આપે.' ક્રિકેટ સાહિત્યના શેક્સપીઅર સ્વ. કાર્ડસ એક વાર, બાઉન્ડ્રી બહાર બેઠાબેઠા ટ્રમ્પરનું બૅટિંગ જુએ. ઉપર વર્ણવ્યો તેવો જ ફટકો ટ્રમ્પરે બ્રીઅરલીના ઝડપી ઈનસ્વિંગરને માર્યો. કાર્ડસ બચાવમાં કૂદકો મારે તે પહેલાં બૉલ તેમની પીંડીને ઈજા કરી ચૂક્યો હતો.

તાલીમ પામેલા, ધંધાદારી અભિગમવાળા, ગણતરીબાજ અને પરંપરાબદ્ધ બૅટ્સમેનોના બૅટિંગ અને ટ્રમ્પરના બૅટિંગ વચ્ચે બે ધ્રુવો જેટલું અંતર. ટ્રમ્પરના મોટાભાગના ફટકાઓને ધંધાદારી ક્રિકેટ-મર્મજ્ઞો ઘાતક કે મૂર્ખામી ભર્યા જ ગણે. ટ્રમ્પર તો ઑફ સ્ટમ્પ પરના દડાને પુલશૉટ મારે ! ગમે તેવી બગડેલી કે ઝડપી પિચ પર, મિડલ સ્ટમ્પ પરના દડાને તેઓ લેઈટકટ કરે ! નૉબલ નોંધે છે, 'ઑફ સ્ટમ્પ પરના, પિચ ખાઈ ઊછળતા, ગૂડલૅંથ દડાને ટ્રમ્પર વિકેટની ઍક્રૉસ કરી જઈ ઊભા બૅટ વડે જમીન સરસો મિડઑન-સ્ક્વેર લેગ વચ્ચે (!) મોકલે એ જોઈ બોલર પણ હેબત ખાઈ જાય.'

ઓવલના પેવિલિયનમાં ટ્રમ્પરનો જાણીતો ફોટો છે. જેમાં તેઓ ડ્રાઈવ મારવા ક્રિઝની બહાર ધસ્યા છે. આ ફોટો જોઈ ૬૦ આસપાસના એક ધુરંધર ઇંગ્લિશ બૅટ્સમૅન કાર્ડસને કહે છે, 'જુઓ તો, તેઓ ક્યાં આવ્યા ! તેઓ સ્ટમ્પ્ડ થયા જ સમજવા ! જેણે હમેશાં પોતાનો એક પગ ક્રિઝ પર જ ચોંટાડી રાખ્યો હશે (ને જે અમ્પાયરની 'ઊર્ધ્વઅંગુલિ' પછી માંડ ઊખડ્યો હશે.) તેવા એ ધુરંધરને ક્યાંથી ખબર હોય કે ટ્રમ્પર ૮૯ ટેસ્ટ દાવમાં એક વાર પણ સ્ટમ્પ્ડ-આઉટ થયા નથી ! ટ્રમ્પર કહેતા : 'જો બૅટ્સમૅન બૉલ પર બરાબર નજર રાખે તો લાકડાના આટલા પહોળા ટુકડા વડે તેને ચૂકવો અશક્ય છે.'

ટ્રમ્પરનું બૅટિંગ જેમ આંકડાથી તેમ, શૈલીની વ્યાખ્યાથી પણ પર છે. સી. બી. ફ્રાયે કહ્યું છે: **'He had no style, yet he was all style. He had no fixed canonical method of play. He defixed all orthodox rules, yet every stroke he played satisfied the ultimate criterion of style–the minimum of effort, the maximum of effect.'**

ગણતરીઓથી પર, યશ-સિદ્ધિની લાલસાથી પર એવો નિજમાંથી ઊઠતો ને નિજાનંદમાં જ પરિણમતો ક્રિકેટ પ્રત્યેનો અભિગમ એટલે ટ્રમ્પર. ટ્રમ્પર એટલે ક્રિઝ પર એકરૂપ થઇને ઊભેલાં, લાવણ્ય, ચાંચલ્ય, નૈસર્ગિકતા અને નિર્બંધતા. જેવો સંબંધ પંડિત રવિશંકરને સિતાર સાથે, ટાગોરને કલમ સાથે તેવો ટ્રમ્પર ને બૅટ સાથે – અવિનાભાવી અને અલૌકિક. વૉર્નરે કહ્યું છે : **'No one played so naturally. Batting seemed just part of himself.'**


તેમને રસ કેવળ બૅટિંગમાં. વિવાદમાં તેઓ કદી પડે નહિ કે સુકાની પદની તેમને ઝંખના નહિ. તેમનું વલણ સ્પર્ધાત્મક જરાય નહિ. અનેક વાર કમનસીબ બોલર માટે તેમણે વિકેટ ફેંકી દીધાના દાખલા છે. અજાણ્યો બોલર, ખરાબ હવામાન કે વિકેટ, તંગ વાતાવરણ કશું તેમને અસર ન કરે. તેમની સામે બોલિંગ કરવામાં બોલર આનંદ-ગૌરવ અનુભવે. તત્કાલીન ધુરંધરોમાં તેમનું માન પણ ખૂબ. મેકલેરેન જેવી અજોડ પ્રતિભા કહે છે : 'જન્મજાત રેઈસવિજેતા તોખાર પાસે ઘોડાગાડીનો ઘોડો જેવો લાગે તેવો હું ટ્રમ્પર પાસે લાગું.' ટ્રમ્પર જેવા કુશળ બૉલ ફટકારવામાં, તેવા જ બૉલ અટકાવવામાં. આઉટફીલ્ડના તેઓ ખૂબ ચપળ ફીલ્ડર અને થ્રોઅર.

બૅટિંગ માટેનો તેમનો અભિગમ તે જીવન વિશેના તેમના અભિ-

શતરંજ - કૉમ્બિનેશન . . . સુરેશ મોદી

અહીં બતાવેલી સ્થિતિમાં કાળો પોતાની ચાલ હોત તો 1..., Q-N7થી મ્હાત કરી શકત, પણ ચાલ સફેદની હોવાથી તે 1 K×Bથી મહોરું, જીતવા પ્રયત્ન કરે તો કાળો 1..., Q-R8ch, 2 K-K2, Q-K5ch; 3 K-any (3R-K3?? પછી 3..., Q×Qch થાય છે માટે) Q×N; વડે સહેલાઈથી ડ્રૉ મેળવી શકે તેમ છે. આમ છતાં, આ સ્થિતિમાં બહુ જ ઝડપથી જીતવા માટે સફેદ પાસે એક સુંદર કૉમ્બિનેશન છે તે આપણે જોઇએ : 1 R-Q5!

Sliwa



Lengyel

આ ચાલ 1..., Q-N7થી મ્હાતની ધમકીથી બચાવે છે અને સફેદની ઊંટ જીતવાની ધમકી ચાલુ રહે છે. તે ઉપરાંત પણ આ ચાલ ઘણું સાધે છે તે આપણે આગળ જોઇશું. સુંદર અને આકર્ષક કૉમ્બિનેશનની શરૂઆત કરતી આ એક શાંત ચાલ છે.

1..., B-R6. ઊંટને બચાવવા એક જ ચાલ. વજીરનો ભોગ દેતી આશ્ચર્યજનક ચાલ હવે આવે છે :

2 Q×Pch, K×Q; 3 R-R5 મ્હાત.

સફેદની પહેલી ચાલ ઉપર દર્શાવેલાં બે કાર્ય સાધવા ઉપરાંત વજીરના ભોગ માટે રસ્તો ખુલ્લો કરે છે અને મ્હાત કરવા હાથીને યોગ્ય સ્થળે લાવે છે. એકદમ ટૂંકું પણ ઘણું જ આકર્ષક કૉમ્બિનેશન !

ગમનું લઘુ સ્વરૂપ માત્ર. બન્ને ક્ષેત્રે તેઓ જેટલા તેજસ્વી તેટલા જ નમ્ર અને સરળ. તેમના આ વિવિધ ક્ષેત્રનો પરિચય સૌ માટે પ્રફુલ્લકારી. તેમને નહિ ચિંતા રનની કે નહિ પૈસાની. સીડનીમાં તેમને રમતનાં સાધનોની દુકાન હતી, પણ તેઓ ધંધાદારી દૃષ્ટિએ અવ્યવહારુ લાગે તેવા. એક છોકરો એક બૅટ ખરીદી ગયો ને ૪-૫ દિવસે નુકસાન કરી પાછું લાવ્યો ને બૅટના વાંક કાઢવા લાગ્યો. ટ્રમ્પરે તરત જ વિનામૂલ્યે બૅટ બદલી આપ્યું ! એક કિશોર પોતાના જન્મદિન નિમિત્તે બૅટ ખરીદવા આવ્યો. ચારેક દિવસ પછી લઈ જવાનું કહી ટ્રમ્પરે બૅટ ખાસ પસંદ કરી, 'સીઝન્ડ' કરી, જાતે ચકાસી પેલાને આપતાં કહ્યું : 'ન ફાવે તો કહેજે, બદલી આપીશ.' લંડનમાં એક વાર વર્ષાભરી ઠંડી રાતે પસાર થતાં એક જગ્યાએ તેમણે એક છોકરાને આહાર વગર ઠંડીમાં ધ્રૂજતો જોયો. તે છોકરો તે સમયનાં જાણીતાં ગીતોની રૅકૉર્ડ વેચવા ઊભો હતો. એ કમાણી કરી વહેલો ઘેર જઇને ઠંડીથી બચે એટલા ખાતર ટ્રમ્પરે તેની પાસેથી બધું જ ખરીદી લઈ તેને ઘેર મોકલી દીધો.

ટ્રમ્પર માત્ર અજોડ નહોતા, તેઓ અજોડોમાં અજોડ હતા. અવતારોમાં જે કૃષ્ણ છે તે ક્રિકેટ પ્રતિભાઓમાં ટ્રમ્પર રહેશે. તેઓ મહામાનવ નહોતા. તેઓ, માનવ-મર્યાદાઓ સાથે ક્રિકેટર રૂપે અવતરેલા પરમઅંશ હતા. (હવે પછી જે. બી. હૉબ્સ)



બ્રિજ

સુરેશ મોદી

લાં બે ગાળે ફાયદાકારક પરિસ્થિતિ ઊભી કરવા માટે જેનો હાથ નિશ્ચિત હોય તેવાં ભારે પાનાં પણ ફેંકી દેવામાં આવે છે. આમ ફેંકી દેવાતાં પાનાંને Jettison કર્યું કહેવાય છે. નીચે દર્શાવેલા દૃષ્ટાંતમાં જાણે ભારે પાનાં ફેંકી દેવાની હરીફાઈ જામે છે, અને તે રીતે ત્રણ એકા ત્રણ રાજા અને બે રાણી બીજી ઊતર પર ફેંકી દેવાય છે, તથા એક રાજા પર તે જ પક્ષનો એકો રમવામાં આવે છે. Mel Stoverની આ રચના Jettison Omnibus તરીકે જાણીતી થઈ છે.

ઉત્તર:
♠ A K Q
♥ A K Q
♦ —
♣ Q 10 9 8 7 6 5

પશ્ચિમ:
♠ 8 6 5 4 3
♥ 9 7 6 5 4
♦ K
♣ A K

પૂર્વ:
♠ 2
♥ 3 2
♦ A Q 10 9 8 7 6 5
♣ J 4

દક્ષિણ:
♠ J 10 9 7
♥ J 10 8
♦ J 4 3 2
♣ 3 2

કરાર: દક્ષિણનો ૩ નો ટ્રમ્પ્સ.
ઊતર: પશ્ચિમ તરફથી ચોકટનો રાજા.

પૂર્વ પાસે ચોકટમાં સારી એવી લંબાઈ છે, એટલે કે વધુ સંખ્યામાં ચોકટનાં પાનાં છે, અને તેથી તે પશ્ચિમના રાજા પર એક્કો નાખી હાથ લઈને પછી રાણીનો હાથ લે છે અને દક્ષિણને ચોકટના ગુલામનો હાથ આપી દે છે. આમ, ચોકટનાં ભારે પાનાં રમાઈ જતાં એ પોતાની પાસેનાં ચોકટનાં બધાં પાનાંના હાથ મેળવી શકે, પણ તેના હાથમાં બીજું એવું એક પણ પાનું નથી જેનાથી તેની ઊતર આવે અને તે ચોકટનાં એ પાનાંનો ઉપયોગ કરી શકે. તેના કુલ્લીના ગુલામનો હાથ થાય તેવી શકયતા સર્જવા પશ્ચિમ ચોકટની રાણી અને ગુલામ પર કુલ્લીના એકો અને રાજા ફેંકી દે છે. દક્ષિણ પણ જુએ છે કે ઉત્તર પાસે કાળી તેમજ લાલનાં બધાં ભારે પાનાં હોઈ તેની ઊતર આવે તો કુલ્લી ઊતરવી પડે, પૂર્વનો હાથ થાય અને તે ચોકટનાં બાકીનાં પાનાંથી હાથ કરી લે. આ અટકાવવા ચોકટની પહેલી ત્રણેય ઊતર પર ઉત્તરના કાળીનાં એકો રાજા અને રાણી ફેંકી દેવામાં આવે છે.

હવે દક્ષિણ ચોકટના ગુલામનો હાથ લઈ કાળીનો ગુલામ, દસો અને નવો—જે હવે ચોકટનાં સૌથી ભારે પાનાં રહ્યાં છે, તેના હાથ લઈને પશ્ચિમને કાળીના અઠ્ઠાનો હાથ આપી દે છે. (જો પશ્ચિમ કાળીના અઠ્ઠાનો હાથ ન લેતાં સતા પર છગ્ગો નાખીને ઊતર દક્ષિણના હાથમાં જ રહેવા દે તો દક્ષિણ શું રમે તે આપણે પછી જોઈશું.) ઉત્તર કાળી પર લાલનો એકો, રાજા અને રાણી ફેંકી દે છે.

પશ્ચિમનો કાળીના અઠ્ઠાનો હાથ થયો તે સાતમો હાથ. તે હાથના અંતે દરેક પાસે કયાં છ પાનાં રહ્યાં છે તે આપણે જોઈ લઈએ :

ઉત્તર : ♣ Q 10 9 8 7 6
પૂર્વ : ♦ 10 9 8 7 ♣ J 4
દક્ષિણ : ♥ J 10 8 ♦ 4 ♣ 3 2
પશ્ચિમ : ♠ 6 ♥ 9 7 6 5 4

પશ્ચિમ હવે જો કાળીના છગ્ગાનો હાથ લઈ લાલ ઊતરે તો દક્ષિણને તે રંગમાં ત્રણ હાથ મળે. આમાંથી એક કાળી અને બે લાલની ઊતર પર તો પૂર્વ ચોકટનાં ત્રણ પાનાં ફેંકી શકે, પણ લાલની ત્રીજી ઊતર પર તે ચોકટનું છેલ્લું પાનું ફેંકે તો દક્ષિણના ચોકટના ચોગ્ગાનો હાથ થાય અને કુલ્લીનો ચોગ્ગો ફેંકે તો ઉત્તરના રાણી અને દસાના હાથ થાય અને કરાર પૂરો થાય. પૂર્વને આ Squeeze માં આવતો બચાવવા જો પશ્ચિમ કાળીના છગ્ગાને હાથ લીધા વિના જ લાલ ઊતરે તો દક્ષિણ લાલના બધા હાથ લઈ લે. ઉત્તરના કુલ્લીના બધા હાથ થતા અટકાવવા પૂર્વએ કુલ્લીના ગુલામ ને ચોગ્ગો તો રાખવાં જ પડે, એટલે તેની પાસે ચોકટનું એક જ પાનું બચે. હવે દક્ષિણ ચોકટનો ચોગ્ગો ઊતરીને પૂર્વને હાથ આપી દે તો પરિણામે પૂર્વને કુલ્લી ઊતરવાની ફરજ પડે અને છેલ્લે ઉત્તરના કુલ્લીના રાણી અને દસાના હાથ થાય. આ રીતે પણ ઉત્તર-દક્ષિણના નવ હાથ થાય.

હવે આપણે એ જોઈએ કે સાતમા હાથમાં પશ્ચિમ કાળીના અઠ્ઠાનો હાથ ન લે તો શું થાય. તો દક્ષિણ લાલના ગુલામ અને દસાના હાથ લઈ લે અને ચોકટ ઊતરે. તે વખતે પૂર્વ પાસે ચોકટનાં બે અને કુલ્લીનાં બે પાનાં હોવાં જોઈએ. તે બન્ને ચોકટના હાથ મેળવી કુલ્લી ઊતરે તો ઉત્તરને રાણી અને દસાના હાથ મળે. આ રીતે પણ દક્ષિણનો કરાર પૂરો થાય છે.

વધુ હાથ મેળવવા પોતાનાં ભારે પાનાંનો ભોગ આપવાની ચાલ Jettisoning નું આ એક સુંદર ઉદાહરણ છે. (ચાલુ)

આ અંકના પૂઠા પરની છબિઓ

વડોદરામાં મહેતા પોળમાં લગભગ ૨૫૦ વર્ષ જૂની એક હવેલી છે. આજે તો એ ગોવર્ધનનાથજીની હવેલી તરીકે ઓળખાય છે, પણ મૂળ એ ગાયકવાડ મહારાજાની હવેલી હતી. કોઇક વહેમોને કારણે એ હવેલીનો વપરાશ થતો નહોતો, વૈષ્ણવોએ તે લીધી અને ગોવર્ધનનાથજીની સ્થાપના કરી. હવે વહેમોનું કોઈ કારણ રહ્યું નથી. દર ગોપાષ્ટમીના દિવસે અહીં ભગવાનના શૃંગારનાં ખાસ દર્શન થાય છે. આ પ્રસંગે તેમના માટે જે 'સિંધાસન' વપરાય છે તેની આ બે છબીઓ છે. મુખ્ય સિંહાસનની પીઠ ઉપર બંને બાજુએ કદલીવૃક્ષો ને તેની નીચે અલંકૃત ગાયોનું શોભન છે, જ્યારે વચ્ચેના સપાટ ભાગ આગળ ભગવાનની પ્રતિમા મૂકી શૃંગાર કરવામાં આવે છે. આ આસનના અગ્રભાગમાં 'મોરકુટી' દર્શાવી છે, જેમાં ગાઢ વનરાજિ ત્યાં રાધા-કૃષ્ણને નર્તન કરતાં દર્શાવવા સાથે વૃક્ષો વચ્ચે કળાએલ મોર, પોપટ, ગાય તથા ઠેકાઠેક કરતા મર્કટો અને આગળ વહેતી યમુનામાં કમળપુષ્પો તથા મત્સ્યો છે. સિંહાસનની બંને બાજુએ મુકાતી 'ઘોડાચોકી'માં ચામરધારિણી ગોપિકાઓ દર્શાવી છે. નીચેની છબીમાં આ સિંધાસન પાસે મુકાતાં સોપાન પરની કોતરણીમાં ઉપરની પટ્ટીમાં 'દાણઘાટી' કોતરી છે, તેમાં ગોપીઓ પાસેથી દાણ ઉઘરાવતા કૃષ્ણને કેન્દ્રમાં રાખી આજુબાજુ ગોપગોપીઓ બતાવ્યાં છે. બંને બાજુ બે ચોરસ કુંડો તથા પશ્ચાદ્ભૂમાં ગોવર્ધન દર્શાવ્યો છે. નીચેની પટ્ટીમાં કેન્દ્રમાં બંસીધર કૃષ્ણ અને તેમની બંને બાજુ ત્રણત્રણ ગાય અને છેડે વૃક્ષો છે. નાથદ્વારાની ચિત્રશૈલી જેવું લગભગ ૬૦ વર્ષ પહેલાંનું આ કોતરકામ મૂળ કાષ્ઠ પર કરી તેના ઉપર ચાંદી મઢી છે. —બંસીલાલ દલાલ

સાહિત્યસંપર્ક

મહત્ત્વાકાંક્ષી નવલકથા

ધીરુ પરીખ

શ્રી ભગવતીકુમાર શર્માએ પોતાની 'ઊર્ધ્વમૂલ' નવલકથાથી એક સફળ કલાકારનું કૌવત દાખવ્યું છે. ૬૩૦ પૃષ્ઠની આ નવલકથા પ્રમાણમાં બૃહદ્કાય છે. નવલકથાને 'અશ્વ', 'સર્પ' અને 'અશ્વત્થ' એમ ત્રણ ખંડોમાં વહેંચવામાં આવી છે, પ્રથમ ખંડ વિશેષ પ્રલંબ અને બીજો-ત્રીજો ખંડ લગભગ સરખા છે.

નવલકથાની નાયિકા ક્ષમા એક કરતાં વધુ વાર દિલ આપે છે અને એનો પ્રણય પરિણયમાં પરિણમતો નથી. કથા કહેવાય છે નાયિકા ક્ષમાના મુખે. ગૌતમ સાથેના વાર્તાલાપ ને સંસ્મરણો દ્વારા ક્ષમાની ભારેલી વેદના વ્યક્ત થવા મથી રહી છે. પ્રથમ ખંડમાં બાદલના, દ્વિતીય ખંડમાં ડૉક્ટર કુણાલ શાહના અને તૃતીય ખંડમાં પ્રોફેસર નિહારના પરિચયમાં એ આવે છે. કોઈની સાથે એ એકરૂપ બની શકતી નથી. સૌથી વધુ નૈકટ્ય એણે પ્રોફેસર નિહાર સાથે સાધ્યું છે. પરંતુ ત્યાંય નિહારે છુપાવી રાખેલી પોતાના કુષ્ઠ રોગની હકીકત અંતે પોતે જ છતી કરી એ ચાલ્યો જાય છે. ક્ષણિક રાગાવેગમાં ક્ષમા નિહારને દેહ સમર્પિત કરી દે છે, પરંતુ દેહભોગની પછીની ક્ષણે જ નિહાર પોતાના અસાધ્ય રોગથી સભાન થઈ જાય છે ને ક્ષમાને પત્રમાં જણાવે છે: 'મારા જમણા સાથળ પરનો પતાસા જેવડો, ફદફદી ગયેલા સંતરા જેવો ડાઘ, મારી કમ્મર પરના નાના ડાઘ... મારી શોધ, આપણી શોધ, ઊર્ધ્વમૂલની અને મારાં મૂળ તો છેક અધઃ...હવે એ શોધ પડતી કેમ મુકાય?' અને જાણે નિહાર ઊર્ધ્વમૂલની શોધમાં ક્ષમાનો ત્યાગ કરે છે. એ પૂર્વે પણ કુણાલને યે પોતાના મૂળનો પરિચય નથી. ક્ષમાને પણ પોતાના પિતા કોણ એ વિશે શંકા છે—સાગર અંકલ પોતાના પિતા હોવાની એની શંકા એને એક રીતે પીડી રહે છે. જો કે પોતાના પિતાના બર્બર વર્તનથી એ એથી યે વધુ પીડા અનુભવે છે. પોતાની માતા અને સાગર નામક એક શિક્ષકના સંબંધથી એ બાળવયે જેટલી મુગ્ધ હતી તેટલી વધતી વયે ક્ષુબ્ધ થાય છે. એનો પિતા પણ વિષયાંધ હોય તેવો, 'અશ્વ'ના પ્રતીક દ્વારા, નિરૂપાયો છે.

એક રીતે આ કથા દરેક પાત્રની વણછીપી તૃષાની કથની છે. પરંતુ એ તૃષાને ભગવતીકુમારે કલાત્મકતાથી નિરૂપવાનું તાક્યું છે એ એમણે અશ્લિલતાના નિરૂપણની અનેક તકો જતી કરી છે તેમાં જોઈ શકાય છે. એમણે ક્ષમા કે તેના માતાપિતાના વિચાર-વર્તનમાં એવી ક્ષુલ્લક છૂટ લીધી નથી કે જે દ્વારા આ કથા ગલગલિયાંની સ્થૂલ કથા બની જાય. બલ્કે ક્ષમાના મનોવિશ્લેષણની આ કથા એક રીતે કલાકારનો સંયમ સૂચવી જાય છે. અહીં સંયમ દ્વારા સામાજિક નીતિ-અનીતિના સંયમ-અસંયમની વાત નથી, પરંતુ એક સર્જકના કલાસંયમની વાત છે તે ભાગ્યે જ સ્પષ્ટ કરવાનું હોય. આ સંયમ એમણે નવલકથાની વિવિધ ટેકનિકોના સમ્યક્ વિનિયોગથી સિદ્ધ કર્યો છે. ક્યારેક સીધી કથનશૈલી, ક્યારેક સ્મરણકથન, ક્યારેક પત્ર, ક્યારેક વાર્તાલાપ, ક્યારેક સ્વપ્નદર્શન આદિ વિવિધ તરીકાના સુમેળથી લેખકે આ નવલકથાનું પોત ભાતીગળ બનાવ્યું છે.

પાત્રાલેખન અહીં સ્થૂળ કરતાં સૂક્ષ્મ સ્તરે વધુ ટકે છે. પ્રસંગવર્ણનમાં ભગવતીકુમારની વર્ણનકલાનો નિખાર છે. ક્ષમાએ આપેલા કામાતુર પિતાના ઘોડાની લાતથી તબેલામાં થયેલા મૃત્યુના દૃશ્ય-વર્ણનમાં અને દાઝેલા ઘોડાના મૃતદેહના વર્ણનમાં આ હકીકત પુરવાર થતી અનુભવાય છે.

સમગ્ર કથાનો પ્રવાહ ઘટનાપ્રધાન ન હોવા છતાંય અહીં ઘટનાઓ નથી એમ કોઈ નહિ કહી શકે. ક્ષમાના મનોવિશ્લેષણ દ્વારા જે ઘટનાઓ વર્ણવાઈ છે તેમાં અને ક્યારેક પ્રકટ રૂપે બનતી ઘટનાઓમાં નવલકથાકારે કરેલો ઘટનાનો સંયમપૂત ઉપયોગ આસ્વાદ્ય છે. પરંતુ વારંવાર આવતાં કાવ્યાતરણો સર્વસ્થળે એકસરખાં પ્રતીતિકર લાગતાં નથી. આ અવતરણશોખના પક્ષે નવલકથાકાર અસંયમિત બન્યા હોય તેવું લાગ્યા વગર નહિ જ રહે. શૈલી ઘણુંખરું અલંકારપ્રધાન છે અને ભાષા કાવ્યત્વનો રંગ ધારણ કરે છે.

આ નવલકથા વર્ષની શ્રેષ્ઠ કૃતિ તો છે જ પરંતુ કદાચ ભગવતીકુમાર શર્માની અત્યાર સુધીની નવલકથાઓમાં એક મહત્ત્વાકાંક્ષી રચના ઠરે છે. □

પૃ. ૧૫૨, કાચું પૂઠું, રૂ. ૧૪–૨૫.

માશંકરની એસીતેસી : લે૦ શિવકુમાર જોષી. પૃ. ૯૫, કાચું પૂઠું, રૂ. ૧૦.

અજાણ્યું સ્ટેશન : લે૦ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ. પૃ ૧૫૯, પાકું પૂઠું, રૂ. ૧૫–૭૫.

બત્રીસ પૂતળીની વેદના : લે૦ ઇલા આરબ મહેતા. પૃ. ૧૮૪, પાકું પૂઠું, રૂ. ૧૮.

તન્વી શ્યામા : લે૦ સારંગ બારોટ. પૃ. ૨૨૩, પાકું પૂઠું, રૂ. ૨૧–૭૫.

અમર અમર મર : લે૦ શિવકુમાર જોષી. પૃ ૬૮, કાચું પૂઠું, રૂ. ૮.

કવિતા ભણી : લે. વાડીલાલ ડગલી. પૃ. ૨૬૪, પાકું પૂઠું, રૂ. ૩૦.

લોકપ્રિય પ્રકાશન
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨

અરધા સૂરજની સવાર : લે૦ નાનાભાઈ જેબલિયા. પૃ. ૪૪૩, પાકું પૂઠું, રૂ. ૪૨.

મેરુ ચળે મન નહિ : લે૦ ગુણવંત ભટ્ટ. પૃ. ૧૬૪, પાકું પૂઠું, રૂ. ૧૬–૫૦.

નભના નીલા મોરપિચ્છ : લે૦ હસમુખ શેઠ. પૃ. ૧૫૮, પાકું પૂઠું, રૂ. ૧૫.

ગુલાબી સંધ્યાના પડછાયા : લે. આબિદ સૂરતી. પૃ. ૨૮૪, પાકું પૂઠું, રૂ. ૨૭.

નગરવાસી (પુનર્મુદ્રણ) : લે. વિનેશ અંતાણી. પૃ. ૧૪૮, પાકું પૂઠું, રૂ. ૧૫.

વલય (પુનર્મુદ્રણ) : લે૦ ધીરેન્દ્ર મહેતા. પૃ. ૨૩૧, પાકું પૂઠું, રૂ. ૨૦.

વનમાં કૂબે કિનારો : લે૦ પ્રિતમલાલ કવિ. પૃ. ૩૦૬, પાકું પૂઠું, રૂ. ૩૦.

પરિચય ટ્રસ્ટ
મુંબઈ–૪૦૦ ૦૦૨

ભરતનાટ્યમ્ (પરિચય પુસ્તિકા-૫૬૧): લે૦ કુમાર જયકર. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

લોકશાહી ક્યારે કહેવાય (પ. પુ. ૫૬૨) : લે. વાડીલાલ ડગલી.

સરદાર પટેલની સિદ્ધિઓ (પ. પુ. ૫૩૬) : લે૦ એચ. એમ. પટેલ.

બ્લૅક હોલ શું છે? (પ. પુ. ૫૬૪): લે૦ ડૉ. સુશ્રુત પટેલ.

ધુમ્રપાનની ટેવ કેમ છોડવી (પ. પુ. ૫૬૫): લે૦ ડૉ. મણિલાલ બી. શાહ.

રણજિતરામ(પ.પુ.૫૬૬):લે.યશવંતદોશી.

ભારતના અર્થતંત્રમાં ગાય(પ. પુ. ૫૬૬) : લે૦ બાબુભાઈ જશભાઈ પટેલ.

આજના વિશ્વનેતાઓ (પ. પુ. ૫૬૮) : લે૦ ચન્દ્રકાન્ત શાહ.

નાનાભાઈ (પ. પુ. ૫૬૯) : લે૦ મૂળશંકર મો. ભટ્ટ.

અદાલતનો તિરસ્કાર (પ. પુ. ૫૭૦) : લે૦ હરીશ યાદવ.

એશિયાડ-૧૯૮૨ (પ. પુ. ૫૭૧) : લે૦ કુમાર પ્રશાંત.

આરબ-ઈઝરાઈલ ઝઘડા (પ. પુ. ૫૭૨) : લે૦ સુભાષચન્દ્ર સરકાર.

રોબોટ શું છે? (પ. પુ. ૫૭૩) : લે૦ રાજુ પંડિત.

જહાજને તોડવાનો ઉદ્યોગ (પ. પુ. ૫૭૪) : લે૦ અભિજિત દોશી.

[દરેક પુસ્તિકાનાં પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.]

બાલગોવિંદ પ્રકાશન
ગાંધીમાર્ગ, અમદાવાદ–૧

સહસમાધિ ભલી (પુનર્મુદ્રણ) : અનુ૦ ભાગીરથી મહેતા. પૃ. ૧૩૮, કાચું, રૂ. ૧૩–૫૦.

મનની ક્ષિતિજ (પુનર્મુદ્રણ) : અનુ૦ કિશનસિંહ ચાવડા. પૃ ૫૬૦, કાચું, રૂ. ૪–૨૫.

દાદાસાહેબ માવળંકર : લે૦ ઈશ્વરભાઈ પટેલ. પૃ. ૪૮, કાચું પૂઠું, રૂ. ૩–૫૦.

બબલભાઈ : લે૦ ઈશ્વરભાઈ પટેલ. પૃ. ૫૨, કાચું પૂઠું, રૂ. ૩–૫૦.

ઋષિવાણી : લે૦ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ. પૃ. ૧૨૨, કાચું પૂઠું, રૂ. ૧૦.

ગુજરાત પુસ્તક સહકારી સંઘ મંડળ લિમિટેડ, વડોદરા

આહાર દ્વારા આરોગ્ય : લે૦ માધવ મો. ચૌધરી. પૃ. ૩૩૯, પાકું પૂઠું, રૂ. ૧૫.

પારસમણિનાં પારખાં : લે૦ એસ. પી. પીપલિયા. પૃ. ૧૮૪, પાકું પૂઠું, રૂ. ૧૧–૫૦.

તુલસી ક્યારે સમણાં જાગ્યાં : લે૦ પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ. પૃ. ૩૫૬, પાકું પૂઠું, રૂ. ૨૭–૫૦.

ભીનાં આંખનાં મોતી : લે૦ પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ. પૃ. ૨૩૭, પાકું પૂઠું, રૂ. ૨૪–૭૫.

યોગાનુયોગ (ભાગ ૧–૨) : લે૦ વજુભાઈ મહેતા. પૃ. ૨૭૯-૩૧૨, પાકું પૂઠું, બે ભાગના, રૂ. ૪૪–૫૦.

મારી આંખે જો (ભાગ ૧–૨) : લે૦ વજુભાઈ મહેતા. પૃ. ૨૮૬-૩૧૬, પાકું પૂઠું, બે ભાગના રૂ. ૪૫–૨૫.

માનવતા મહેંકી ઊઠી (પુનર્મુદ્રણ) : લે૦ જશવંત મહેતા. પૃ. ૨૬૪, પાકું, રૂ. ૨૦.

સબળ ભૂમિ ગુજરાત (પુનર્મુદ્રણ) : લે૦ ગોકુળદાસ રાયચુરા. પૃ. ૨૭૧, પાકું, રૂ. ૧૭-૫૦.

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરોડ, અમદાવાદ–૧

કેલિડોસ્કોપ : લે૦ મોહમ્મદ માંકડ. પૃ. ૨૫૨, પાકું પૂઠું, રૂ. ૨૪.

વિનોદાયન : લે૦ મધુસૂદન પારેખ. પૃ. ૨૫૬, પાકું પૂઠું, રૂ. ૨૫.

આત્મકૃત્ય નં. ૮ : લે૦ ફાધર વાલેસ. પૃ. ૧૩૨, કાચું પૂઠું, રૂ. ૧૨.

ચલ મન વાટેઘાટે નં. ૩ : લે૦ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ. પૃ. ૧૩૬, કાચું પૂઠું, રૂ. ૧૩–૫૦.

ચલ મન વાટેઘાટે નં. ૪ : લે૦ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ. પૃ. ૧૨૮, કાચું પૂઠું, રૂ. ૧૨–૫૦.

આંખ આડા કાન : લે૦ વિનોદ ભટ્ટ. પૃ. ૧૦૩, કાચું પૂઠું, રૂ. ૧૦.

કુમકુમ પ્રકાશન મંદિર
ગાંધીરોડ, અમદાવાદ–૧

હસાક્ષર : લે૦ ધીરુ પરીખ. પૃ. ૨૪૫, પાકું પૂઠું, રૂ. ૩૨.

અર્વાચીન કવિતામાં પ્રકૃતિનિરૂપણ : લે૦ હેમંત દેસાઈ. પૃ. ૪૭૨, પાકું પૂઠું, રૂ. ૬૦.

મુનશી–એક નાટ્યકાર : લે૦ ડૉ. રવીન્દ્ર ઠાકોર. પૃ. ૧૭૩, પાકું પૂઠું, રૂ. ૨૨.

ઉપલબ્ધિ : લે૦ યશવન્ત શુક્લ. પૃ. ૩૦૪, પાકું પૂઠું, રૂ. ૩૦.

પદ્મનાભ : લે૦ કાન્તિલાલ બ. વ્યાસ. પૃ. ૪૮, કાચું પૂઠું, રૂ. ૧૦.

ખબરદાર : લે૦ રમણ સોની. પૃ. ૮૨, કાચું પૂઠું, રૂ. ૧૦.

વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ
કમ્બોઈનગર પાસે, મોઢાપીર રોડ, મહેસાણા

વાર્તાદીપ (ભાવાનુવાદ) : ભદ્રબાહુ વિજય. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

ફૂલપાંદડી : લે૦ સ્નેહદીપ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

ઊગતા સૂરજની સાખે : લે૦ સ્નેહદીપ, પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

કમળ જેવાં માનવી : લે૦ભદ્રગુપ્તવિજયજી ગણિવર. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

વાર્તાની વીણા : લે૦ ઉપર મુજબ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

ધૂપસુગંધ : લે૦ ઉપર મુજબ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

તારા દુઃખને ખંખેરી નાખ (પુનર્મુદ્રણ) : લે૦ પ્રિયદર્શન. પૃ. ૧૪૮, કાચું, રૂ. ૫.

તારા સુખને વિખેરી નાખ (પુનર્મુદ્રણ) : લે૦ પ્રિયદર્શન. પૃ. ૨૪૦, પાકું, રૂ. ૧૦.

જીવનધર્મ : લે૦ પ્રિયદર્શન. પૃ. ૧૬૧, કાચું પૂઠું, રૂ. ૮.

અન્ય પ્રકાશકોનાં

તમે તમારા વૈદ્ય : (પુનર્મુદ્રણ) લે૦ શોભન. પ્ર૦ આયુ પ્રકાશન, જી. પી. ઓ. વચ્ચે,

અમદાવાદ-૧. પૃ. ૪૮, કાચું પૂઠું, રૂ. ૪.

આમળાં (પુનર્મુદ્રણ): લે૦ પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૧૫૦, કાચું પૂઠું, રૂ. ૮.

ભમ્મરિયું મધ: લે૦ જિતેન્દ્ર કા. વ્યાસ. પ્ર૦ પોતે. કંપાણી પાડો, ચાચરિયા, પાટણ. પૃ. ૧૧૬, કાચું પૂઠું, રૂ. ૮-૩૫.

ક્ષિતિજ: ડૉ. ર. ચી. શાહ. પ્ર૦ પોતે, રેખા બિલ્ડિંગ-૧, ફ્લૅટ નં. ૨૧-૨૨, ૪થા માળે, મલબાર હિલ, મુંબઈ ૪૦૦ ૦૦૩. પૃ. ૧૯૨, પાકું પૂઠું, રૂ. ૨૫.

જીવનનાં જળ: લે૦ અનંત રા. પાઠક. પ્ર૦પોતે, જોશી સાહેબના ડેલામાં, મસ્તરામજી પાસે, પરામાં, બોટાદ. પૃ. ૭૯, કાચું, રૂ. ૫-૪૫.

સુધા? ના, મારો સુધીર: લે૦ ચન્દ્રેશ શુક્લ. પ્ર૦ રોહિત ચન્દ્રેશ શુક્લ. એફ/૮, ભીમા નગર, અંધેરી (પૂર્વ), મુંબઈ-૬૯. પૃ. ૧૩૯, પાકું રૂ. ૧૧-૫૦.

'જી' નામનો માણસ: લે૦ જયંતી મકવાણા. પ્ર૦તારામતીમકવાણા, પરિશ્રમ, શક્તિનગર સોસાયટી, કેશોદ. પૃ. ૩૦, કા. પૂ., રૂ. ૬.

મેઘનોપનિષદ: લે૦ રમણભાઈ ત્રિવેદી. પ્ર૦ શાબ્દિ, ૫/એ, હરિહર સોસા., ગુ. વિદ્યાપીઠ સામે, અમ૦૧૪. પૃ. ૮૧, કાચું, રૂ. ૧૦.

આશિષ-મંગળ: લે૦ પિનાકિન્ ઠાકોર. પ્ર૦ પોતે. 'હૃદય-સરસ્વતી' ૯ પંચશીલ સોસાયટી, અમ૦-૧૩. પૃ. ૬૮, કાચું, રૂ. ૭-૫૦.

ઝીના શબ્દો: લે૦ પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૫૬, કાચું પૂઠું, રૂ. ૪.

ટમકતારલા: લે૦ઉપેન્દ્ર ર. ભટ્ટ. પ્ર૦ પ્રાચ્ય વિદ્યામંદિર મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા. પૃ. ૧૧૪, કાચું પૂઠું, રૂ. ૧૨.

કવિ ગિરધર-જીવન અને કવન: લે૦ દેવદત્ત જોશી. પ્ર૦ઉપર મુજબ. પૃ. ૩૨૪, પાકું, રૂ. ૫૧.

પ્રાચીન ભારતનાં શાસ્ત્રાસ્ત્રો: લે૦જોરાવરસિંહ જાદવ. પ્ર૦ પોતે. સજ્જન સ્મૃતિ, ૨, પ્રોફેસર્સ કૉલોની, અમદાવાદ-૯. પૃ. ૧૬૨, પાકું પૂઠું, રૂ. ૩૫.

પુત્રવધૂની શોધમાં: લે૦ જયા ઠાકોર. પ્ર૦ નેહલ પ્રકાશન, માદલપુર, અમદાવાદ-૬. પૃ. ૨૦૮, પાકું પૂઠું, રૂ. ૨૦.

સ્વપ્નસૃષ્ટિના ભેદ: લે૦ યશોધર મહેતા. પ્ર૦ સારાભાઈભરફતરામ ઍન્ડ સન્સ. શાહીબાગ, અમદાવાદ-૪. પૃ. ૧૨૦, પાકું, રૂ. ૧૪.

ભગવદ્ગીતાની મહાભારત ભૂમિકા: લે૦ ગોરધનદાસ સોરઠિયા. પ્ર૦ શ્રીજી સાહિત્ય પ્રચાર કાર્યાલય, સહજાનંદ ચોક, બગસરા. પૃ. ૫૦, કાચું પૂઠું, રૂ. ૩.

ધીન ધીન: લે૦ રક્ષા દવે. પ્ર૦ અજવાળીબેન જીવણલાલ દવે. જીવનકોટેજ, ભાવનગર. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૪.

પંચમ: લે૦ શરદેન્દુ શાન્તિલાલ ભટ્ટ. પ્ર૦ પોતે. 'સમર્પણ', વૃન્દાવન સોસાયટી, છોટાઉદેપુર. પૃ. ૬૧, કાચું પૂઠું, રૂ. ૫.

ત્રીજું મોજું: લે. કાન્તિ શાહ. પ્ર૦ યજ્ઞપ્રકાશન, હુઝરાત પાગા, વડોદરા. પૃ. ૧૨૮, કાચું પૂઠું, રૂ. ૯.

ગોરક્ષા અને ગોપાલન: લે૦ ચુનીભાઈ વૈદ્ય. પ્ર૦ યજ્ઞ પ્રકાશન, હુઝરાત પાગા, વડોદરા-૧. પૃ. ૪૪, કાચું પૂઠું, રૂ. ૧-૩૦.

પરબ અંક જૂન-જુલાઈ-'૮૨: સં૦ ભોળાભાઈ પટેલ. પ્ર૦ ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ-૯. પૃ. ૧૪૨, કાચું પૂઠું, રૂ. ૪.

ગદ્યસંચય ભાગ-૧: સં૦ ઉપેન્દ્ર પંડ્યા, પ્રમોદકુમાર પટેલ. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૩૧૪, પાકું પૂઠું, રૂ. ૩૦.

ગદ્યસંચય ભાગ-૨: સં૦ યશવંત શુક્લ, પ્રવીણ દરજી. પ્ર૦ ઉપર મુજબ, પૃ. ૩૨૦, પાકું પૂઠું, રૂ. ૩૨.

ભુજ-દર્શન: લે૦ ડી. એચ. અંતાણી, બકુલેશ અંતાણી. પ્ર૦ નિભ્રાંત પ્રકાશન, ૩૯, દ્વિધામેશ્વર કૉલોની, ભુજ-કચ્છ. પૃ. ૨૦૨, કાચું પૂઠું, રૂ. ૭-૭૫.

મહાદેવભાઈની ડાયરી ગ્રંથ ૧૭: સં૦ ચંદુલાલ ભગુભાઈ દલાલ. પ્ર૦ સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ, અમ૦૧૩. પૃ. ૪૨૬, પાકું પૂઠું, રૂ. ૨૪.

મહાદેવભાઈની ડાયરી-ગ્રંથ-૧૮: સં૦પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૪૨૦, પાકું પૂઠું, રૂ. ૩૫.

ઇશ્વર-માતૃ સ્વરૂપે: લે૦ સ્વામી ચિદાનંદ સરસ્વતી. પ્ર૦ સ્વામી શિવાનંદ શતાબ્દી મહોત્સવસમિતિ, વડોદરા-૧. પૃ. ૧૧૨, કા. પૂ. રૂ. ૫.

ઉચ્ચ જીવન: લે૦ ડૉ. હરિપ્રસાદ દેસાઈ. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૩૨, કાચું પૂઠું.

રવીન્દ્રનાથ ટાગોર: લે૦ સુરેશ મોદી. પ્ર૦ રાષ્ટ્રભાષા પુસ્તક મંદિર, ટાવર રોડ, સુરત-૩. પૃ. ૭૬, કાચું પૂઠું, રૂ ૮.

ઈસાવાસ્યોપનિષદ: લે૦ યોગેશ્વર. પ્ર૦સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ, મણિનગર, અમદાવાદ. પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ ૪.

ધારાવસ્ત્ર: લે૦ ઉમાશંકર જોશી. પ્રકાશક: ચીમનલાલ લિટરરી ટ્રસ્ટ, મુંબઈ-૧ પૃ. ૯૬, કાચું પૂઠું, રૂ. ૬.

વિશ્વશાંતિ: લે૦પ્ર૦ઉપર મુજબ. પૃ. ૩૪, કાચું પૂઠું, રૂ. ૩.

સપ્તપદી: લે૦ પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૪૮, કાચું પૂઠું, રૂ ૪.

ભૂરા આકાશની આશા: લે૦ સુરેશ દલાલ. પ્ર૦ નિહિકા પબ્લિકેશન, ૧૩૩, અશા મહાલ, દલામલ પાર્ક, કફ પરેડ, મુંબઈ-૫. પૃ. ૨૦૦, કાચું પૂઠું, રૂ ૨૦.

ભાગવતકથાઓ: લે૦ નાનાભાઈ ભટ્ટ. પ્ર૦ સંસ્કાર સાહિત્ય મંદિર, પો. બો. ૩૪, ભાવનગર. પૃ. ૨૦૩, કાચું પૂઠું, રૂ. ૧૬.

હિંદુધર્મની આખ્યાયિકાઓ ભાગ-૧: લે૦ પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૧૬૮, કાચું, રૂ. ૧૨.

હિંદુધર્મની આખ્યાયિકાઓ ભાગ-૨: લે૦ પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૧૬૦, કાચું, રૂ. ૧૯.

હઝરત મહમ્મદ પયગંબર (સં.): લે૦ નાનાભાઈ ભટ્ટ. પ્ર૦ સંસ્કાર સાહિત્ય મંદિર, ભાવનગર. પૃ. ૭૧, કાચું પૂઠું, રૂ. ૩.

પ્રથમ પ્રત્યાઘાત: લે૦ મૃદુલા સારાભાઈ. સારાભાઈ પ્રતિષ્ઠાન, શાહીબાગ, અમદાવાદ. પૃ. ૬૦, પાકું પૂઠું, રૂ ૨૫.

વિમલ-શિરીષ-જીવન-સંવાદ: પ્ર૦ ગંગાજળા પ્રકાશન, ગંગાજળા વિદ્યાપીઠ, અલિયાબાડા. પૃ. ૭૨. કાચું પૂઠું.

આંગણે આવી વાર્તાપરી: લે૦હરીશ નાયક. પ્ર૦ નાયક પ્રકાશન, અમ૦૭. પૃ ૩૨, કાચું.

કામધેનુ: અનુ૦ હિંમતભાઈ ખાટસુરિયા. પ્ર૦ સાનુભાઈ અંધારિયા, ૨૦૫૮, પ્રેમનગર સોસાયટી, ભાવનગર-૨. પૃ ૪૦, કાચું, રૂ. ૨.

મેથીની ચા પીઓ: લે૦ બાલકૃષ્ણ વૈદ્ય. પ્ર૦ ડૉ. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ, ૧૩, જગનાથ પ્લૉટ, રાજકોટ. પૃ. ૨૫, કાચું, રૂ. ૦-૨૫.

રાજા સુપડકાનો: લે૦ હરીશ નાયક. પ્ર૦ ગૃહલક્ષ્મી પ્રકાશન, ફૅમિલી હાઉસ, વૃંદાવન કૉલોની, અમ૦૭. પૃ ૩૬, કાચું પૂઠું, રૂ. ૨.

છઠ્ઠા સુખની ધર્મશાળા: લે૦ જોલી નાયક. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૬૮, કાચું, રૂ. ૫૦.

વેડછી આંદોલન: લે૦ આઈ. પી. દેસાઈ. પ્ર૦ સેન્ટર ફૉર સોશિયલ સ્ટડીઝ, યુનિ૦ કેમ્પસ, સુરત-૮. પૃ. ૧૧૬, કાચું, રૂ. ૧૫.

ગીતા-સંદેશ: લે૦ સ્વામી રામદાસ. પ્ર૦ સ્વામી શિવાનંદ શતાબ્દી મહોત્સવ પ્રકાશન, રાજકોટ. પૃ. ૧૧૮, કાચું પૂઠું, રૂ. ૬.

શ્રી રમણ મહર્ષિ: અનુ૦ કેશવલાલ ભી. શાસ્ત્રી. પ્ર૦ ઉપર મુ. પૃ. ૬૪, કાચું, રૂ. ૩-૫૦.

ગીતા-દર્શન: લે૦ કેશવલાલ શાસ્ત્રી. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૨૬૭, કાચું, રૂ. ૧૫.

નચિકેતા: લે૦ ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા. પ્ર૦ રાજેન્દ્ર ધીયા. A/૧, પૂર્ણિમા પાર્ક, સોલા, સરખેજ રોડ, અમ૦-૭. પૃ. ૭૫, કાચું, રૂ. ૧૦.

બબુબીન: લે૦ ઈશ્વર પરમાર. પ્ર૦વેણુ પ્રકાશન, L ૪ ૫/૬૬, શાસ્ત્રીનગર, અમદા૦૧૩. પૃ. ૧૬૭, પાકું પૂઠું, રૂ. ૧૫-૭૦.

પ્રસંગસપ્તક: લે૦ રાજેન્દ્ર શાહ. પ્ર૦ કવિલોક પ્રકાશન, કુમાર કાર્યાલય લિ., રાયપુર, અમદાવાદ-૧. પૃ. ૬૯, કાચું, રૂ. ૧૫.

(અનુસંધાન પૃષ્ઠ ૩૦૯)



જરામરણવ્યાધિશોકથી વીંધાઈને ગૌતમે
નિષેવ્યું વન, આદર્યું તપસ, મારસેના હણી.
પ્રબોધી પથ હે ગુરો ! મરણઅંક સૂતા તમે,
અને જગતની રહી જ ગતિ એવી મૃત્યુ ભણી.

—જયન્ત પાઠક

પ્રો. જયંત નારળીકર

પ્રોફેસર જયંત વિષ્ણુ નારળીકરનો જન્મ ૧૯૩૮માં, વિજ્ઞાન-ગણિત અને ભારતીય સંસ્કૃતિના સમન્વય ધરાવતા કુટુંબમાં થયો હતો. તેમના પિતા પ્રોફેસર વિષ્ણુ વાસુદેવ નારળીકર બનારસ હિંદુ યુનિવર્સિટીમાં ગણિતના પ્રોફેસર હતા, અને આઈન્સ્ટાઈનના સાપેક્ષતાના સિદ્ધાંત ઉપર ગાણિતિક સંશોધનની ભારતમાં પરંપરા શરૂ કરનાર અગ્રણી તરીકે તેઓ જાણીતા છે. આ નોંધના લેખકને એ પ્રો. વિ. વા. નારળીકરના હાથ નીચે સંશોધનની તાલીમ લેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું. પ્રો. જયન્તનાં માતા સુમતિ નારલીકર સંસ્કૃતનાં વિદુષી છે અને એમણે સંસ્કૃતમાં આપેલાં વ્યાખ્યાનોનો સંગ્રહ 'સુમતિદર્શનમ્' પુસ્તકાકારે પ્રસિદ્ધ થયો છે.

પોતાનું કૉલેજ-શિક્ષણ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જ્વલંત કારકિર્દી સાથે પૂર્ણ કરી જયંત નારળીકર પિતાને પગલે ગણિતમાં ટ્રાઇપોસ પરીક્ષા (રૅંગ્લરની પરીક્ષા) પાસ કરવા કૅમ્બ્રિજ ગયા. ત્યાંની પરીક્ષાઓ પાસ કરી આઇનેક ન્યૂટન સ્ટુડન્ટશિપ મેળવી ખગોળ અને ખ-ભૌતિકમાં સંશોધન-કારકિર્દી શરૂ કરી. અને આજે 'હોઈલ અને નારળીકર'નું નામ સાપેક્ષતાના ક્ષેત્રમાં કેટલાંય તલસ્પર્શી સંશોધનોને લીધે વિશ્વમાં જાણીતું થયું છે.

હોઈલ-નારળીકરના ગુરુત્વાકર્ષણ-સિદ્ધાંતના આવિષ્કારથી પ્રોફેસર જયંત ભારતના શિક્ષિત સમાજમાં જાણીતા થયા છે. તેમના એ આવિષ્કાર વિષે થોડી સરળ માહિતી આપણે મેળવીશું.

પદાર્થના વજનથી તો આપણે પરિચિત છીએ. આ વજન પદાર્થમાં સમાયેલાં દ્રવ્યના પ્રમાણમાં હોય છે. પદાર્થમાં સમાયેલાં દ્રવ્યનાં માપ માટે વૈજ્ઞાનિકો દ્રવ્યમાન શબ્દ વાપરે છે. દરેક પદાર્થને તેનું પોતાનું દ્રવ્યમાન હોય છે. આપણી દ્રવ્યમાનની આ સામાન્ય સમજણને આધારભૂત લઈ ન્યૂટને પદાર્થના ગતિ-નિયમો તારવ્યા અને આધુનિક યંત્રવિદ્યા તથા ઈજનેરી વિદ્યાનો જન્મ થયો.

પરંતુ ૧૯મી સદીમાં અર્ન્સ્ટ મૅક નામના તત્ત્વજ્ઞાનીએ દ્રવ્યમાનની આ સામાન્ય સમજણનું ઊંડું વિશ્લેષણ કર્યું. તેની દલીલ કંઈક આવી હતી : કોઈ પદાર્થ A લઇએ. કલ્પના કરો કે આ પદાર્થ A સિવાય વિશ્વમાં અન્ય કોઈ પદાર્થ નથી. વિશ્વમાં દ્રવ્ય એક માત્ર પદાર્થ Aમાં છે બીજે કશે કશું દ્રવ્ય નથી. તો પછી વિશ્વમાં એકલા અટુલા રહેલા આ પદાર્થનું દ્રવ્યમાન આપણે માપી શકીશું ? મૅકના માનવા પ્રમાણે આ પ્રશ્નનો જવાબ 'ના' છે. દ્રવ્યમાન એ પદાર્થમાં રહેલા દ્રવ્યનું પ્રમાણ છે અને તેથી એકલા અટુલા પદાર્થનું દ્રવ્યમાન માપી શકાય નહિ. આવા પ્રકારની અનેક દલીલો ઉપરથી મૅકે તારવ્યું કે કોઈ પણ પદાર્થનું દ્રવ્યમાન એ પદાર્થનો સ્વતંત્ર ગુણધર્મ નથી. પણ બાકીના વિશ્વમાં રહેલાં કુલ દ્રવ્ય ઉપર આધાર રાખે છે. મૅકની આ વિચારધારા સાથે



ઘણા વૈજ્ઞાનિકો સંમત થાય છે અને મૅક-સિદ્ધાંતને અનુસરે તેવા નિસર્ગના નિયમોની ખોજ કરતા રહે છે.

ન્યૂટનનો ગુરુત્વાકર્ષણનો નિયમ તો દ્રવ્યમાનની સામાન્ય સમજણ ઉપર રચાયેલો છે. એટલે આ નિયમ પૂરતું તો દ્રવ્યમાન એ પદાર્થનો પોતાનો ગુણધર્મ છે અને તેને બીજા પદાર્થોના દ્રવ્યમાન સાથે કશો સંબંધ નથી. સ્પષ્ટ છે કે ન્યૂટનનું ગણિત મૅકની ફિલસૂફીને અનુસરતું નથી. આઈન્સ્ટાઇને જ્યારે ન્યૂટનના ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતને સ્થાને પોતાનો સાપેક્ષતાનો સિદ્ધાંત સ્થાપ્યો ત્યારે પહેલાં તો તેને લાગ્યું કે તેનો નવો સિદ્ધાંત મૅકની ફિલસૂફીને આવરી લે છે, પણ પાછળથી ગણતરી કરતાં સ્પષ્ટ થયું કે સાપેક્ષતાના ગણિતમાં પણ દ્રવ્યમાન એ પદાર્થનો પોતાનો ગુણધર્મ છે અને તેને વિશ્વરચના સાથે કશો સંબંધ નથી.

આમ, મૅકનાં તત્ત્વચિંતનને અનુરૂપ ગુરુત્વાકર્ષણનો નિયમ રચવાનો પ્રશ્ન વણઊકલ્યો રહ્યો હતો. હોઈલ અને નારળીકરે પદાર્થના દ્રવ્યમાનને અચળ લેવાને બદલે તેને સમગ્ર વિશ્વના ગુણધર્મના દ્યોતક તરીકે લઇને જ શરૂઆત કરી અને તે ઉપરથી ગુરુત્વાકર્ષણનો નિયમ તારવવા તેઓ સફળ થયા. મૅકની ફિલસૂફીને સમાવતો નિયમ તેઓ મેળવી શક્યા તે તેમની વિશિષ્ટ સિદ્ધિ છે.

માનવજ્ઞાનવિકાસમાં તત્ત્વજ્ઞાન, ગણિત અને વિજ્ઞાન જુદાજુદા પણ પરસ્પર પૂરક ભાગ ભજવે છે. શુદ્ધ ચિંતનથી તત્ત્વજ્ઞાની તર્કસુસંગત પરિણામો તારવે છે. આ ચિંતનજન્ય પરિણામો પ્રમાણે નિસર્ગની ઘટનાઓ બનતી રહે છે કે કેમ તે ચકાસવાનું કામ ગણિતીઓ તેમજ વૈજ્ઞાનિકોનું છે. તત્ત્વજ્ઞાનનાં ચિંતનજન્ય પરિણામોને અનુસરે તેવું નિસર્ગનું એક ગાણિતિક મૉડેલ બનાવવાનું કામ ગણિતજ્ઞોનું છે. અર્ન્સ્ટ મૅકની ચિંતનપ્રણાલિને અનુસરે તેવું નિસર્ગનું એક ગાણિતિક મૉડેલ હોઈલ-નારળીકરના ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતમાં આપવામાં આવ્યું છે. હવે આ મૉડેલમાંથી મૉડેલની વિશિષ્ટતા દર્શાવે તેવાં અવલોકનીય પરિણામો તારવી નિસર્ગમાં ખરેખર તે પરિણામો જોવા મળે છે કે કેમ તે પ્રયોગો દ્વારા ચકાસવાનું કામ વૈજ્ઞાનિકો કરે છે. આવી ચકાસણીમાંથી પાર ઊતરે ત્યારે તે ગાણિતિક મૉડેલ નિસર્ગના નિયમ તરીકે વિજ્ઞાનમાં સ્થાન પામે છે. હોઈલ-નારળીકરના સિદ્ધાંત પરથી ગુરુત્વાકર્ષણના અન્ય નિયમો કરતાં જુદા પડી આવે અને નવા નિયમની વિશિષ્ટતા દર્શાવે તેવાં પરિણામો તારવવાનું હજુ ગણિતિક રીતે બની શક્યું નથી. હાલની સ્થિતિ એવી છે કે મૅકનાં તત્ત્વચિંતનને અનુસરે અને અત્યારે જાણીતાં ગુરુત્વાકર્ષણને લગતાં બધાં પરિણામો સમજાવી શકે તેવો નવો ગુરુત્વાકર્ષણનો નિયમ હોઈલ-નારળીકર સિદ્ધાંતમાં છે. પરંતુ પ્રચલિત ન હોય તેવું નવા સિદ્ધાંતની વિશિષ્ટતા દર્શાવતું અવલોકનીય પરિણામ તેમાંથી તારવવું બાકી રહે છે.

હોઇલ સાથે સંશોધનની જ્વલંત કારકિર્દી પછી પ્રોફેસર જયંત

હવે ભારતમાં સ્થિર થયા છે અને મુંબઈની તાતા ઇન્સ્ટિટયૂટ ઑફ ફંડામેન્ટલ રિસર્ચમાં ખ-ભૌતિક (Astrophysics) વિભાગમાં પ્રોફેસર તરીકે કાર્ય કરે છે. ભારતના કેટલાયે યુવાન વૈજ્ઞાનિકો તેમની રાહબરી નીચે ખગોળ અને ખ-ભૌતિકમાં ઉચ્ચ કોટિનાં સંશોધનોની તાલીમ લઈ રહ્યા છે.

પ્રોફેસર જયંત નારળીકરનો મરાઠી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાઓ ઉપર સરસ કાબૂ છે અને અંગ્રેજી કે મરાઠીમાં વિજ્ઞાનનાં ગહન સત્યોને લોકભોગ્ય રીતે રજૂ કરવાની તેમની એક ખાસ હથોટી છે. અંગ્રેજી ભાષામાં વિજ્ઞાન-વિષયક લલિત સાહિત્ય–Science Fiction ખૂબ વિકસ્યું છે. આપણી ભાષાઓમાં આવી શરૂઆત પણ ઝાઝી થઈ નથી. પ્રો. નારળીકરે મરાઠીમાં વૈજ્ઞાનિક સત્યોની આસપાસ વાર્તાઓ લખીને પહેલ કરી છે. તેમની આવી નવલિકાઓનો સંગ્રહ 'યક્ષાંચી દેણગી' પ્રસિદ્ધ થયો છે. આ સંગ્રહમાંની એક વારતા આ અંકમાં આપી છે અને અન્ય કેટલીકનો રસાસ્વાદ પણ 'કુમાર'ના વાચકોને મળવાનો છે તે આનંદની વાત છે. —પ્ર. સુ. વૈદ્ય

આપણા દેશમાં

—છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે ૪,૭૮,૬૫૭ અંધ, ૩,૬૩,૬૦૦ અપંગ અને ૨,૭૬,૬૯૧ મૂંગા છે. આમાંથી ઉત્તર પ્રદેશમાં ૯૩,૬૧૮ અંધ અને ૪૧,૫૦૨ અપંગો છે. પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ ૩૭,૬૭૧ મૂંગી વ્યક્તિઓ છે.

— ઉત્તર પ્રદેશમાં વસ્તીનું પ્રમાણ દેશભરમાં સૌથી વધુ ગીચ છે. ત્યાં દરરોજ ૬૨૨૭ બાળકો જન્મે છે. માર્ચ ૧૯૮૧માં ત્યાં ૧૧,૦૮,-૫૮,૦૧૯ની વસ્તી હતી તે ઑક્ટોબર '૮૧માં વધીને ૧૧,૨૨,૫૭,૦૦૯ ના આંકડે પહોંચી અને આ વર્ષ–૧૯૮૨ના અંત સુધીમાં ૧૧,૫૦,-૩૫,૦૦૦ જેટલી થવાનો ભય છે.

— કલકત્તામાં સૌથી વધુ-૯૧,૬૬,૦૫૦ની વસ્તી છે; મુંબઈમાં ૮૨,૦૨,-૭૫૯, દિલ્હીમાં ૫૨,૨૭,૭૩૦ અને મદ્રાસમાં ૪૨,૭૬,૬૩૫. ભારતના સમગ્ર શહેરવાસીઓમાંથી ૪૪.૫૬% જેટલા લોકો કલકત્તા, મુંબઈ, દિલ્હી, મદ્રાસ, હૈદરાબાદ, અમદાવાદ, બૅંગલોર, કાનપુર, પૂણે, નાગપુર, લખનૌ અને જયપુર–આ બાર શહેરોમાં વસે છે. આમાંની બૅંગલોરની વસ્તી સૌથી વધુ ઝડપે વધી રહી છે. ૧૯૭૧ થી '૮૧ દરમિયાન તેના વસ્તી-વધારાનું પ્રમાણ ૭૬.૭૧ % જેટલું હતું. આ પછી બીજો ક્રમ જયપુરનો છે, ત્યાંના વસ્તીવધારાનું પ્રમાણ ૫૭.૭૮ % જણાયું હતું.

—અન્ય સમૃદ્ધ દેશોની સરખામણીમાં ભારત ગરીબ દેશોમાંનો એક દેશ છે, તેમાં યે કેરાળા દેશનું સૌથી વધુ ગરીબ રાજ્ય છે. છતાં ત્યાં બાળમરણનું પ્રમાણ વિકસિત દેશો કરતાં અર્ધું છે. કેરાળાવાસીઓની સરાસરી વય ૬૦ વર્ષ કરતાં વધુ છે. ત્યાંના ૭૫% વયસ્ક લોકો ભણેલા છે અને ૬ થી ૧૧ વર્ષની વયનાં મોટા ભાગનાં બાળકો નિશાળોમાં ભણે છે. ત્યાંનાં ૯૮ % ગામડાંમાં ૨૦૦૦ કરતાં વધુ વસ્તી છે. મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને ગુજરાતમાં ૨૦૦૦થી વધુ વસ્તીવાળાં ગામનું પ્રમાણ ૧૦ % છે, જ્યારે આંધ્રપ્રદેશ અને તામિલનાડુમાં આવાં ગામોનું પ્રમાણ ૨૦ થી ૩૦ ટકા જેવું છે.

— ૪ વર્ષ સુધીની વયનાં બાળકોમાં ૨ ટકા, ૫ થી ૯ સુધીની વયનામાં ૮%, ૧૦ થી ૧૪ સુધીનામાં ૧.૬૫ ટકા ક્ષયનો ભોગ બને છે. મોટી વયના માણસો કરતાં નાનાં બાળકોમાં ક્ષયના કારણે મૃત્યુનો ભય વધુ છે.

— ભારતમાં દર વર્ષે પાંચેક લાખ માણસ કૅન્સરમાં મરે છે. દુનિયાભરમાંથી કૅન્સરમાં મરતાં દર ૨૨૫ માણસે એક ભારતીય હોય છે.

— 'વિટામિન એ'ની ઊણપને કારણે દર વર્ષે લગભગ ૩૦,૦૦૦ બાળકો આંખોનું નૂર ગુમાવે છે.

— એપ્રિલ ૧૯૭૯ થી ડિસેમ્બર ૧૯૮૧ દરમિયાન હડતાલો અને તાળાબંધીના કારણે આપણે ૭,૩૦,૯૬,૦૯૦ કામના દિવસો ગુમાવ્યા છે. ઉત્પાદનની દૃષ્ટિએ આથી ૧,૭૨૯.૮૫ કરોડ રૂપિયાની અને પગારદૃષ્ટિએ ૧૦૧.૧૩ કરોડની આ ખોટ છે. પશ્ચિમ બંગાળ આમાં સૌથી મોખરે છે. ત્યાં ૧,૯૩,૨૪,૦૦૦ દિવસો આ રીતે વેડફાયા છે.

— આપણા દેશમાં દવા બનાવતી કેટલીક મોટી વિદેશી કંપનીઓ મુખ્યત્વે લગભગ ૮૦ થી ૯૦ ટકા તો શરદી-ખાંસીની કે વિટામિનયુક્ત દવાઓ જ બનાવે છે. એમના દ્વારા વેચાતી દવાઓમાં માણસનો જીવ બચાવવામાં મહત્ત્વનાં એવાં ઔષધોનું પ્રમાણ તો ત્રીસેક ટકા જેટલું જ હોય છે.

— દર અઠવાડિયે દેશના લગભગ દસેક હજાર થીએટરોમાં આઠેક કરોડ માણસો સિનેમા જુએ છે.

— એક મોજણી પ્રમાણે પીવા માટે વપરાતા પાણીમાંનું લગભગ ૭૦ ટકા પાણી તંદુરસ્તી માટે ઓછા-વધતા પ્રમાણમાં અયોગ્ય હોય છે.

— ઔદ્યોગિક ક્ષેત્રે લગભગ ૨૧ % કામદારો અવાજને કારણે ઓછી-વધતી બધિરતાના ભોગ બને છે.









ટિકિટસંચય : પાછલાં ચાર વર્ષોમાં બ્રિટનનાં અશ્વો, શ્વાનો, પક્ષીઓ અને પતંગિયાંને ટપાલટિકિટો પર રજૂ કર્યા બાદ આ નવા વર્ષે-૧૯૮૩માં ૨૬ જાન્યુઆરીએ બ્રિટને નદીઓમાંથી મળતી માછલીઓને રજૂ કરતી ચાર નવી ખાસ ટિકિટો બહાર પાડી છે, જે આ વર્ષની પ્રથમ 'વાનગી' છે. પશ્ચિમના દેશોમાં મચ્છીમારી એ એક વ્યાપક વ્યાસંગ છે અને એ વિષે સંખ્યાબંધ પુસ્તકો પ્રગટ થતાં રહ્યાં છે. આવું એક સુંદર પુસ્તક 'ધ કમ્પ્લીટ ઍન્જલર' બહુ ખ્યાત થએલું છે. છેક ઈ. ૧૬૮૩માં એ લખાએલું. તેના લેખક ઈઝાક વૉલ્ટનની ૩૦૦મી સંવત્સરી પણ આ ટિકિટોના પ્રકાશન સાથે સાંકળી લેવાઈ છે. વળી, આ ટિકિટોના ડિઝાઇનર ઍલેક્સ જાર્ડિન પોતે પણ ચિત્રકાર હોવા ઉપરાંત માછલીઓ અંગેના અધિકૃત જાણકાર અને લેખક છે. બ્રિટિશ ટપાલ-ટિકિટો માટે ડિઝાઇનો બનાવવાનો આ એમનો પ્રથમ અનુભવ છે. એમણે ૧૫½ પેન્સની ટિકિટ પર સામા વહેણે જતી કૂણાં ગુલાબી માંસવાળી રૂપેરી 'સૅમન' ૧૯½ પે.ની ટિકિટ પર ધીમે વહેતા ઝરણામાં સેલારા લેતી 'પાઈક'; ૨૬ પે.ની ટિકિટ પર પાણી ઉપર ઊડતા જીવડાને પકડવા તરાપ મારતી, સ્વાદિષ્ટ ગણાતી 'ટ્રાઉટ' અને ૨૯ પે.ની ટિકિટ ઉપર અસાવધ શિકારને માટે લપાઇને રાહ જોતી 'પર્ચ'ને આલેખી છે. મચ્છીમારીના શૉખિનો તથા તેના સ્વાદના રસિયાઓમાં પ્રિય એવી આ ચારે જાતની માછલીઓ બ્રિટનની નદીઓનાં મીઠાં પાણીમાં થાય છે.

—પ્રેષક : રમણિકલાલ સોલંકી, લંડન

જાણો છો? (ડાબી બાજુ મથાળેથી અનુક્રમે)

ઈ. ૧૭૮૩માં માંટગોલ્ફાયર બંધુઓએ ફ્રાન્સમાં રાજા ૧૬મા લૂઈ અને એના દરબારીઓ સમક્ષ એક બલૂનમાં હવા ભરીને તેને ૧૫૦૦ ફૂટ ઊંચે ઉડાડ્યું હતું. આ બલૂનમાં એક કૂકડો, એક ઘેટું અને એક બતકને ઉપર મોકલવામાં આવ્યાં હતાં. આઠેક મિનિટ સુધી હવામાં ઊંચે રહીને બલૂન પાછું નીચે આવ્યું ત્યારે તેના ત્રણે પ્રવાસીઓ સલામત હતા. એક માત્ર કૂકડાને ઘેટાની લાત વાગવાથી તેની એક પાંખ ભાંગી હતી.

અમેરિકી અને સોવિયેટ વિમાનો અણધાર્યા આક્રમણ સામેની સાવચેતી તરીકે એકબીજાના પ્રદેશોની આકાશમાંથી તસવીરો લે છે એ તો જાણીતી હકીકત છે. આજે તો આ માટે સૅટેલાઇટોનો ઉપયોગ થાય છે, પણ આરંભમાં આવી તસવીરો વિમાનોમાંથી લેવાતી હતી. એ વેળા પણ એ તસવીરોમાં અત્યંત ઝીણી વિગતો ઝડપાઈ જતી. એ અરસામાં ૪૫૦૦૦ ફૂટ ઊંચેથી લીધેલી ટેક્સાસ શહેરની એક છબિમાં શક્તિશાળી સૂક્ષ્મદર્શક કાચથી જોતાં ત્યાંના ગોલ્ફના મેદાન પર ગોલ્ફના બે દડા અને તેનો એક કપ પણ જોઈ શકાતો હતો.

નરી આંખે આકાશમાં જોઇ શકાતો દૂરમાં દૂરનો પિંડ દેવયાની તારાવિશ્વ છે. એક સેકંડે ૧,૮૬,૦૦૦ માઈલના વેગે દોડતા તેના પ્રકાશને પૃથ્વી સુધી પહોંચતાં લગભગ ૨૦ લાખ વર્ષ લાગે છે. થોડા દાયકા પૂર્વે તો ખગોળશાસ્ત્રીઓ માનતા કે દેવયાની એ એક નિહારિકા, એટલે કે વાયુઓનું ચળકતું વાદળ છે. પણ ૧૦૦ ઈંચના દૂરબીને બતાવ્યું કે આ પ્રકાશપુંજ તો જુદાજુદા તારાઓનો સમૂહ છે. આપણા આકાશગંગા તારાવિશ્વની બહાર શોધાએલું એ પહેલું તારાવિશ્વ હતું.

પોતા સમ પરને ચહાવું છે, તપનાં હૃદય પર છવાવું છે;
પરરક્ષણ કાજ ઘવાવું છે, ફરીથી યુવાન થઈ જાવું છે.

—પ્રભાશંકર પટ્ટણી—

પોતાના પત્રો સાચવીને રાખી મૂકનાર વિનોબાજી ઉપર એક વાર ગાંધીજીનો પત્ર આવ્યો તે વાંચીને તેમણે ફાડી નાખ્યો. પાસે બેઠેલા કમલનયન બજાજે આથી ઉદ્વેગ પામી વિનોબાજીની રજાથી એ કાગળ વાંચ્યો, તો તેમાં લખ્યું હતું: 'તમારા જેવો આત્મા મેં બીજો જોયો નથી.' આશ્ચર્યથી બજાજે પૂછ્યું: 'આ સાચવી રાખવા જેવો પત્ર આપે ફાડી નાખ્યો?' વિનોબાજીએ કહ્યું: 'મારે માટે એ નકામો છે. બાપુએ પોતાની ઉદાર દૃષ્ટિથી મને જોયો એવો વર્ણવ્યો; પણ મારા દોષોની એમને ક્યાં જાણ છે?'

ગણિતગમ્મત: તમારા મિત્રને કોઈ રકમ ધારવાનું કહો. તેને પાંચે ગુણાવો. એમાં છ ઉમેરાવીને પછી ચારે ગુણાવો. હવે નવ ઉમેરવાનું કહી ફરી પાંચે ગુણાવો અને શું આવ્યું તે પૂછો. તે જે રકમ કહે તેમાંથી તમે ૧૬૫ બાદ કરી સો વડે ભાગશો એટલે એણે ધારેલી રકમ આવી જશે!

અનેકાર્થી શબ્દ: **તોડો**: ટોડો, પગનું સાંકળું; હજાર રૂપિયાની થેલી; પૂણીઓ કાંતતાં પડેલો ફાંદો; કાચું તોડેલું ફળ(કેરી, કોઠું વગેરે); ટોલ્લો; મિનારો, શિખર, કાંગરો; વાવની ઉપરની દીવાલ; ચણતરમાં દીવાલની જાડાઈની દિશામાં મુકાતી ઈંટ; બંદૂકની જામગરી.



મોડી રાતે અને શિયાળામાં જ્યારે ઝાઝા માણસો નાયગરાનો ધોધ જોવા માટે ઊમટતા ન હોય ત્યારે એ વિશાળ ધોધ પરથી પડતા જલરાશિનો કેટલોક ભાગ, એટલે કે નાયગરા નદીનું પાણી બીજી તરફ વાળી લઈને વીજળીનાં કારખાનાં ચલાવવામાં વપરાય છે.

અમેરિકાનાં સંયુક્ત રાજ્યોના પોતાના પ્રથમ વખતના પ્રમુખપદ દરમિયાન જ્યૉર્જ વૉશિંગ્ટને કદી કોઈની સાથે હસ્તધૂનન કર્યું નહોતું. હાથ મિલાવવાને એ પોતાના પ્રમુખપદના ગૌરવથી નીચું માનતો હતો.

'તમે કંઈ કામ શોધો છો?'
'ના, ના, એની ખાસ જરૂર નથી. મારે તો ફક્ત નોકરી જોઈએ.'

'હું બહુ દિલગીર છું.' લૉજમાં જમી લીધા પછી એક માણસે કૅશિયરને કહ્યું, 'કે મેં જે કંઈ ખાધું તેના પૈસા હું ચૂકવી શકતો નથી.'
'કંઈ વાંધો નહિ.' કૅશિયરે કહ્યું, 'અમે તમારું નામ આ નોટિસ-બૉર્ડ પર લખી રાખીશું. ફરી તમે જમવા આવો ત્યારે પૈસા આપી જજો.'
'ના, ના, એમ કરશો તો તો અહીં આવતા-જતા સૌ એ વાંચશે.'
'ના રે, વાંચશે ક્યાંથી? અમે એના પર તમારો આ કોટ લટકાવી રાખીશું ને?'



ટિકિટકથા: ઉત્તર આફ્રિકાના યુદ્ધરત મ-દેશ સાથે સંપર્ક રાખવા ઈ. ૧૯૪૨માં યુનાઇટેડ સ્ટેટ્સની ૩૮મી એન્જિનીઅર રેજિમેન્ટે એસેન્શન ટાપુ ઉપર એક હવાઈપટ્ટી બનાવેલી જે વાઈડઅવેક નામે ઓળખાતી. આ હવાઈપટ્ટી પૂરી તૈયાર થાય એ પહેલાં જ ટૉર્પિડોથી નુકસાન પામેલા જહાજમાંથી બચેલા માણસોની ખોળ ચલાવતા બ્રિટિશ વિમાન 'ફેરી સૉર્ડફિશ' દ્વારા તેનો ઉપયોગ થએલો. પણ આજે હવે ફૉકલૅન્ડ તરફ જતાં વિમાનો અહીં થોભે છે, પરિણામે ચાર દાયકા પર હતી તે કરતાં અનેકગણી વિમાનોની અવરજવર અહીં થાય છે. આ વિમાનમથક બન્યાને ૪૦ વર્ષ થયાં એ નિમિત્તે એસેન્શન ટાપુએ બહાર પાડેલી ખાસ ટપાલટિકિટોમાંની આ એક ઉપર આ હવાઈમથકનો સૌપ્રથમ ઉપયોગ કરનાર વિમાન ફેરી સૉર્ડફિશનું ચિત્ર આપ્યું છે.

અનુસંધાન] સાહિત્યસંપર્ક [પૃ. ૩૦૫થી

અલગ: પ્ર૦ મુદ્રા, મોતીવાળા ક્લિનિક લૅબોરેટરી, ઇન્દિરા મારકેટ સામે, અમરેલી. પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ. ૮.

ધર્મજીવન જીવવાની કળા: લે૦ સત્યનારાયણ ગોએન્કા. પ્ર૦ સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ-૧. પૃ. ૧૯૨, કાચું, રૂ. ૫.

કચ્છના ભક્તિમાન કવિઓ: લે૦ દુલેરાય કાલાણી. પ્ર૦ ઉપર મુ. પૃ. ૧૮૬, કાચું, રૂ. ૭-૫૦.

દૃષ્ટાંત રત્નાકર: લે૦ પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૧૭૦, કાચું પૂઠું, રૂ. ૭-૫૦.

શ્રેયનો માર્ગ: લે૦ મગનલાલ વ્યાસ. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૨૨૦, કાચું, રૂ. ૭-૫૦.

ચમત્કારોનું વિજ્ઞાન: લે૦ ભોગીલાલ ગાંધી. પ્ર૦ વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, જ્યુપીટર એપાર્ટમેન્ટ, વડોદરા-૫. પૃ. ૩૦૦, પાકું પૂઠું, રૂ. ૨૭.

સંયુક્ત રાષ્ટ્રસંઘ: લે૦ બી. વી. પટેલ, પ્ર૦ સુનીલ બી. પટેલ, સંજય વી. પટેલ. સેક્ટર ૨૦, બ્લૉક ધ/૨૬/૧, ગાંધીનગર. પૃ. ૪૬,

હાઈકુન: લે૦ રમેશ આચાર્ય. પ્ર૦ રૂપાલી પબ્લિકેશન, ધીકાંટા ક્રોસિંગ, અમદાવાદ-૧. પૃ. ૪૮, કાચું પૂઠું, રૂ. ૮.

અંતરીક્ષનો અવાજ: સં૦ વિજયકુમાર ત્રિવેદી. પ્ર૦ પોતે. લાલા લજપતરાય માર્ગ, ગોંડલ. પૃ. ૧૦૦, કાચું પૂઠું, રૂ. ૩-૫૦.

અખબારોનું અવલોકન: ડૉ. યાસિન દલાલ. પ્ર૦ પ્રવીણ પ્રકાશન, ઢેબરભાઈ રોડ, રાજકોટ. પૃ. ૨૬૦, પાકું પૂઠું, રૂ. ૪૦.

હરીન્દ્ર દવેની સાહિત્યસિદ્ધિ: લે૦ અંજનિ મહેતા. પ્ર૦ પોતે. સી/૬, વરુણ સોસાયટી, શાહીબાગ, અમ૦૪. પૃ. ૧૯૦, પાકું, રૂ. ૨૦.

બાઈબંધ (પુનર્મુદ્રણ): અનુ૦ મહેન્દ્ર મેઘાણી. પ્ર૦ લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર-૧. પૃ. ૧૯૨, કાચું પૂઠું, રૂ. ૧૦.

જીવનનું કાવ્ય: લે૦ કાકા કાલેલકર. સં૦ ભોળાભાઈ પટેલ. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૫૦૪, પાકું પૂઠું, રૂ. ૩૦.

કાવ્યકોડિયાં (સંપુટ-૪): પ્ર૦ ઉપર મુજબ. પુ. ૧૦, સેટના રૂ. ૧૮.

દયારામ ગદ્યધારા (ધારા-૧): સં૦ કે. કા. શાસ્ત્રી અને જીવનલાલ છ. જોશી. પ્ર૦ ગુજરાત સાહિત્ય સભા, અમ૦૧. પૃ. ૨૭૨, કાચું, રૂ. ૭-૭૦

દયારામ ગદ્યધારા (ધારા-૨): ઉપર મુજબ. પૃ. ૨૭૧ થી ૪૯૪, કાચું પૂઠું, રૂ. ૯-૯૦.

કચ્છ કલામ: લે. માવજી કે. સાવલા. પ્ર૦ કચ્છ કલામ, એન/૪૫, ગાંધીધામ. પૃ. ૪૮, કાચું પૂઠું, રૂ. ૨.

કુમાર

સળંગ અંક ૬૯૭થી ૭૦૮

જાન્યુઆરીથી ડિસેમ્બર

—૧૯૮૨—

વર્ષ ૫૯માનું

વાર્ષિક સાંકળિયું

ચિત્રો

પૂર્ણરંગી મુખચિત્ર

એકરંગી, દ્વિરંગી, શિલ્પ, ફોટોગ્રાફ

કાવ્યો

જીવનચરિત્ર

વાર્તા

લઘુકથા

લેખો ઇતિહાસ, ભૂગોળ, પુરાતત્ત્વ

પ્રકીર્ણ

વિજ્ઞાન

વિભાગીય લેખો

કલાવાર્તા

સાહિત્યસંપર્ક

બીજા વિભાગો

માધુકરી

કાવ્યકંડિકા

પરિચય અને અવસાન નોંધ

પ્રકીર્ણ